

શિકાર
ચિત્રકાર : દ્વારકાલાલ જાંગિડ
(જુઓ આ અંકની 'કલાવાર્તા')

કુમાર

આવતી
કાલનાં
નાગરિકોનું
માસિક

તંત્રી · બિહારીલાલ ટાંક

વર્ષ ૫૯મું · અંક ૧લો · સળંગ અંક ૬૯૭ · જાન્યુઆરી ૧૯૮૨



મોટા ઘરની આયાઓ • કલાકાર : વજુભાઈ ભગત

(બ્લૉક : કલાકારના સૌજન્યથી)

'કુમાર'માં પ્રકાશનાર્થે વિવિધ પ્રકારની જે સામગ્રી મળતી રહે છે તે બદલ એ મોકલનાર સૌના અમે આભારી છીએ; અને એ નવોદિત સર્જકોના પણ, જેઓ પોતાની કૃતિઓ માટે 'કુમાર' પર પસંદગીનો કળશ ઢોળે છે. પરંતુ એમની એ કાલીઘેલી અપક્વ કૃતિઓ કેવળ પ્રોત્સાહનાર્થે પ્રકટ કરવી શક્ય નથી. તેમ જ એ સૌને માર્ગદર્શન આપવાનું કે કોઈ પણ અસ્વીકૃત કૃતિઓના ગુણદોષ ચર્ચવાની અપેક્ષા સંતોષવાનું પણ શક્ય નથી.

'કુમાર'માંથી તો માહિતી મળી જ રહેશે એવી શ્રદ્ધાથી અનેક પ્રકારની પૃચ્છાના પત્રો પણ સતત મળતા રહે છે. આવા બધા જ પત્રોના તુરત ઉત્તર આપવા ક્યારેક મુશ્કેલ હોઈ એ માટે થોડી રાહ જોવા, અને ખાસ તો ઉત્તર માટે જરૂરી પોસ્ટેજ મોકલવા વિનતિ.

અસ્વીકૃત કૃતિ પાછી મેળવવા માટે પણ કૃતિની સાથે જ પોતાનું નામ-સરનામું લખેલું તથા પૂરતું પોસ્ટેજ લગાડેલું યોગ્ય કદનું કવર (છૂટી ટપાલટિકિટ નહિ) મોકલવું આવશ્યક છે.

જવાબી પોસ્ટેજ વિના મળેલી કૃતિ જો સ્વીકૃત કરશે તો તેની જાણ અમે કરીશું જ, પણ અસ્વીકૃત કૃતિને સાચવી રાખવી શક્ય નથી.

કૃતિ અંગેનો નિર્ણય બને તેટલા ઓછા સમયમાં લેવાનો અમારો પ્રયત્ન હોય છે જ, છતાં ક્યારેક એ અંગે સમય લાગે તો એકાદ માસ રાહ જોવા વિનતિ.

કૃતિ યોગ્ય કદના કાગળની એક જ બાજુએ પૂરતો હાંસિયો રાખીને શાહીથી જ તથા સ્પષ્ટ સુવાચ્ય અક્ષરે લખીને મોકલવી. લખાણમાં લીધેલાં અન્ય ભાષાનાં અવતરણો અનુવાદ સાથે, અને નામ, તારીખો, પારિભાષિક શબ્દો વગેરે છૂટા અક્ષરે સ્પષ્ટ લખવાં, ઇતર ભાષાનાં અલ્પ-પરિચિત નામ, ટેક્નિકલ વિષયના શબ્દો વગેરે સાથે કૌંસમાં અથવા હાંસિયામાં અલગ તેના મૂળ અંગ્રેજી, લૅટિન વગેરે જે શબ્દ હોય તે સુવાચ્ય રીતે દર્શાવવાં.

અનુવાદિત કૃતિઓ માટે મૂળ લેખકની પરવાનગી મેળવવી આવશ્યક છે.

કાવ્ય, લઘુકથા તથા અન્ય પ્રકીર્ણ ટૂંકાં લખાણો જે અસ્વીકૃત ઠરે તે પાછાં મેળવવાનો આગ્રહ રાખવાને બદલે તેની નકલ રાખીને જ મોકલવાથી બંને પક્ષે રાહત રહેશે. આવી કૃતિના સ્વીકારની જાણ અમે કરીશું.

અને વિનતિ કે પોતાની કૃતિ પૂરતું પોસ્ટેજ લગાડીને મોકલવી, જેથી અમારે તેનો દંડ ભરવો ન પડે.

કુમાર

જાન્યુઆરી ૧૯૮૨
સળંગ અંક ૬૯૭

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

'કુમાર' કાર્યાલય લિમિટેડ તરફથી મુદ્રક અને પ્રકાશક: અશોકભાઈ બચુભાઈ રાવત • મુદ્રણ અને પ્રકાશન-સ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિટેડ ૧૪૫૪ રાયપુર, અમદાવાદ–૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ • વાર્ષિક લવાજમ: રૂ. ૩૦–૦૦; પરદેશ: રૂ. ૯૦-૦૦ અથવા પાઉન્ડ ૪ અથવા ડૉ. ૧૦; છૂટક નકલ: રૂ. ૩-૦૦

વાચકો લખે છે...

સપ્ટેંબર '૮૧નો અંક વાંચ્યો. તેમાં દેવજીભાઇ મોઢાનું કાવ્ય 'સ્મશાનેથી વળતાં' વાંચ્યું અને ઘડીભર અવાક્ થઇ જવાયું. કાવ્યના વ્યાકરણને હું સમજતો નથી. પરંતુ તેમાં રહેલ ભાવને ઊંડાણથી સમજી શકું છું. અને એ બીના જ મને ઘડીભર દુ:ખી કરે છે. જીવન દરમિયાન કોઇ ને કોઇ સ્વજનનું અવસાન ને તેનું દુ:ખ અનુભવવું પડે છે. જે મોટામાં મોટી કરુણતા છે; પરંતુ દેવજીભાઇએ તેમના કાવ્યમાં જે સ્વજન વિષેનું દુ:ખ વ્યક્ત કર્યું છે તે અસલી છે, 'સ્મશાન વૈરાગ્ય' એ પણ એક સમાન્તોક્તિ છે, તેની ના નહિ, પરંતુ તે એક આશ્વાસન પૂરતું જ છે એમ હું તો માનું છું. ખરેખર લાગણીશીલ વ્યક્તિ સ્વજનના ગયાનું દુ:ખ ભૂલી શકતી નથી. દેવજીભાઇનું આ કાવ્ય વાંચતા એ પરિસ્થિતિનું તાદૃશ ચિત્ર ખડું થાય છે. અને હૃદય ભારે થાય છે. આટલા કાવ્ય દ્વારા દેવજીભાઇએ લગ્ન સમયથી માંડી છેલ્લી ઘડી સુધીનું કરુણતાભર્યું વર્ણન કર્યું છે. અને છેલ્લે 'ધુરા સ્કંધોપેથી ઊતરી, પણ કાં ભારી ચરણ?' લાગણીશીલ માણસની આ દશા છે.

આવું લાગણી-સભર કાવ્ય આપે છાપ્યું તે બદલ અભિનંદન. દેવજીભાઇને શું કહેવું તે સમજી શકતો નથી.

ગીતાબહેન પરીખનું -મુક્તક- 'વાહિનીમાં' વાસ્તવિકતાનું સચોટ સ્વરૂપ રજૂ કરે છે. અભિનંદન.

(રાજકોટ) -મોરબીયા કાળુભાઇ લક્ષ્મણભાઇ

∞

'કુમાર'ના સપ્ટેમ્બર અંકમાં શ્રી પ્રફુલ્લ રાવળની 'ભવાઇ' વિષયક વિચારણા વાંચી. અસાઇત ભવાઇનો રચયિતા નહિ, પણ પુરસ્કર્તા હોય, એ તર્ક વિચારણીય છે. એટલે ભવાઇ અસાઇતથી ય ઠીકઠીક જૂની હશે એમ માની શકાય. પણ તે એટલી તો પ્રાચીન ન જ હોય કે એના સગડ સંસ્કૃત 'ભાણ'-માંથી શોધી શકાય. 'ભાણ'નો એક અર્થ સૂર્ય પણ છે, એમ તેઓ લખે છે ત્યારે 'ભાણ' એ સંસ્કૃત 'ભાનુ' પરથી ઊતરી આવેલું અપભ્રંશ શબ્દ-રૂપ છે, એ તેમના ખ્યાલ બહાર ગયું લાગે છે. સંસ્કૃત રૂપક પ્રકાર 'ભાણ' એ તો સ્વતંત્ર શબ્દ છે. 'ભાનુ' અને 'ભાન' બંને શબ્દો જુદા જ અર્થમાં એકી સાથે સંસ્કૃત-કાળમાં પ્રચલિત હતા. 'ભાણમાં સૂર્યપૂજા ઇંગિત હશે જ'—એવી સંભાવના પણ દૂરાકૃષ્ટ અને સગવડિયા પ્રકારની જ છે. આ પોકળ સંભાવનાના પાયા પર ઊભેલી બીજી સંભાવના તે 'આશાદિત્ય' પરથી 'અસાઇત' (ભલે ભાષાની દૃષ્ટિએ સમુચિત હોય તો પણ) તથ્યદૃષ્ટિએ એટલી જ દૂરાકૃષ્ટ ને અપ્રતીતિકર છે.

ભવાઇનું મૂળ બહુ પ્રાચીન નહિ હોય. એના વેશોમાં પ્રતિબિમ્બિત થતું સંસારચિત્ર મધ્યકાળનું જ છે, શક્તિપૂજા સાથેનો એનો સંબંધ પણ સ્પષ્ટ છે. શક્તિપૂજાના ધાર્મિક અવસરે સમાજના વિવિધ વર્ગના માનવીઓની નકલ કરી એ દ્વારા નિર્દોષ કલાનંદ મેળવવાની વૃત્ત-પ્રવૃત્તિ એમાં છે.

'ભવાઇ' શબ્દ અંગે એક ઑર સંભાવના: સંસ્કૃત 'ભવતિ' પરથી 'ભવઇ' (અપભ્રંશ) સ્પષ્ટ છે. ભવાઇમાં પણ 'અનુકૃતિ' છે, કંઇક 'થવાની, બનવાની' વાત છે. અને આસે ય કંઇક 'થઇ જાય', 'હોને દો', 'હો જાય'—એવા સાહજિક ભાષાપ્રયોગો ગુજરાતી હિંદી વગેરેમાં આજે થાય છે. વ્યવસ્થિત, સુગ્રથિત નાટ્યપ્રયોગની તુલનાએ અંગ્રેજી happening ('બનન્તી') પ્રકારનો. વિચારવા જેવું નથી લાગતું? ('ભવઇ' પરથી 'ભવાઇ' પાછળથી શબ્દના ભદ્રીકરણના (સંસ્કૃતીકરણના નહિ) પ્રયાસના પરિણામે થયું હોય.)

પત્રમાં લેખકે પ્રયોજેલા 'તત્ત્વત: ને સંયુક્ત', 'અપભ્રંશિત', 'અનુકૃતિત' અને 'પરંપરિત' ('પરંપરાગત' જોઇએ)—જેવા વ્યાકરણદુષ્ટ શબ્દપ્રયોગો ખૂંચ્યા. પ્રફુલ્લભાઇના લખાણમાં આવું જોઇ આશ્ચર્ય થયું!

(પાલનપુર) —હેમાંગિની એન. શુક્લ

∞

માહે ઑક્ટોબર-નવેમ્બર ૧૯૮૧નો 'કુમાર' માસિકનો સંયુક્ત અંક સ્વ. બચુભાઇ રાવત સ્મૃતિ અંક તરીકે પ્રસિદ્ધ કરી ઉમદા કાર્ય કર્યું છે. દરેક પાના ઉપર તપસ્વીના તપનું તેજ પ્રકાશે છે. મહેનત લઇ સ્મૃતિ અંક તૈયાર કરવા બદલ અભિનંદન પાઠવું છું.

(મલાતજ) —ભીખુભાઇ એમ. પટેલ

∞

'કુમાર'નો તાજેતરનો 'સ્વ. બચુભાઇ રાવત સ્મૃતિ અંક' બે બેઠકમાં વાંચ્યો. શરૂથી અંત સુધી સમગ્ર અંકમાં મુ. શ્રી બચુભાઇ જ છવાયેલા રહ્યા. તેમનું કાર્ય પરિશ્રમ, ધગશ, શુભનિષ્ઠા કુમાર તથા સાહિત્ય પ્રત્યે કેટલી ઉચ્ચ કક્ષાનાં છે તે જાણવા મળ્યું. આજ સુધી હું બચુભાઇ વિષે કશું જાણતો નહોતો પણ આ એક સ્મૃતિઅંક વાંચવાથી બધો ખયાલ મળી ગયો.

સ્વ. રાવતના વિવિધ ફોટોગ્રાફ આપ્યા છે તે ખૂબ સારા છે. સ્મૃતિઅંક ખૂબ સરસ-સરળ અને પુષ્કળ માહિતી આપે તેવો બન્યો છે. મારી એક નમ્ર વિનંતી છે કે આપશ્રી સ્વ. બચુભાઇ પતિ પિતા તેમ જ વડીલ તરીકે કેવા હતા તે પણ આપો.

(અમદાવાદ) —હર્ષદ અ. શુક્લ

∞

...ડિસેમ્બરના 'કુમાર'માં 'જ્ઞાનાંજલિ' હસ્તલિખિત વિષેનું માહિતીથી ભરેલું લખાણ વાંચ્યું. એ વાંચતાં મારા પિતાશ્રી—'ધૂમકેતુ'—એ એમની આત્મકથાના બીજા ખંડ 'જીવન રંગ'(પૃ.૧૨૯)માં એ સંદર્ભમાં જે નોંધ્યું છે તેમાં 'કુમાર'પ્રેમી વાચકોને રસ પડશે:

'...એ વખતે બચુભાઇ 'જ્ઞાનાંજલિ' નામે હસ્તલિખિત કાઢતા. એમના એ સમયની ધ્યેયનિષ્ઠા એટલી એકાગ્ર હતી કે એમાંનો એક અક્ષર સુધ્ધાં પારકે હાથે ન લખાતો. લેખો બધાના લેતા. દેશળજીની કવિતાઓ આવતી. હું પેલા પત્રો આપતો. ભાઇશંકરનો લેખ આવતો. દ્વારકાથી લેખ મળતો. પણ ઉતારે બધું પોતાના હાથથી-અને તે પણ એકધારા સરખા અક્ષરે.

'આમાં પોતાનો કેટલો વખત જાય છે એનો એ ખયાલ જ રાખતા નહિ. એમની તો એક સિદ્ધાંતને વરેલી નીતિ હતી. હસ્તલિખિત એટલે ગમે તેવા અક્ષરે ગમે તેટલાએ લખેલું એમ નહિ. એક જ જણાએ સુંદર મરોડદાર અક્ષરે લખેલું. એમના પિતાને આ બધી કડાકુટ ગમતી નહિ, પણ વધુ પડતી દખલ કરવામાં માનતા નહિ. એમને માટે પણ જો એમનો આ સ્વભાવ ન હોત તો 'સ્ટેટ'માં ભાવિ ઘણું ઉજ્જ્વળ મળી શક્યું હોત. પણ સ્વભાવો દુરતિક્રમ: એ વાત અક્ષરશ: અહીં લાગુ પડતી હતી.'

(અમદાવાદ) —દક્ષિણકુમાર ગૌ. જોષી

∞

'કુમાર'નો સ્વ. શ્રી બચુભાઇ રાવત સ્મૃતિ-અંક જોયો. આવું સુંદર ને સંગ્રહ કરવા યોગ્ય સંપાદન-કાર્ય કર્યા બદલ અનેક અભિનંદન...

સમગ્ર અંક જોતાં એક વસ્તુ ન ગમી. તે એ કે સ્વ. બચુભાઇ જેટલા ચાહક સાહિત્યકારો, કવિઓના હતા તેટલા જ બલ્કે વધુ ચિત્રકારો ને ચિત્રકલાના ચાહક હતા જ.

ઘણા બધા ચિત્રકારો એમના ઋણી છે. અને રહેશે જ. ઉપરોક્ત સ્મૃતિઅંકમાં શ્રી પ્રદ્યુમ્ન તન્ના સિવાય કોઇ ચિત્રકાર પાસેથી શ્રદ્ધાંજલિ કે સંસ્મરણ જોવા ન મળ્યું. ખેર, આવતા અંકમાં, ઉમેરી શકો તો બચુભાઇને સાચી શ્રદ્ધાંજલિ ગણાશે.

(અમદાવાદ-૭) —જય પંચાલી

(અનુસંધાન પૃ. ૩૦)

પાનખરે / રાજેન્દ્ર શાહ

(વસંત · સૉનેટ)

કારો સહ્યો શિશિરનો હિમડંખ પર્ણે.
લાવણ્ય લીલું પ્રજળી રહ્યું પીત વર્ણે.
તે વૃક્ષ-વૃન્ત-ચ્યુત જાય ખરી : છવાય
ઉર્વીનું અંગ અવ ઊન સમા ઉપર્ણે.
ને વન્યકુંજ મૃત શી, બસ કાષ્ઠ કાય;
છે શ્વેત શ્વેત નભ : નિર્મમ વાયુ વાય.

ત્યાં કંપ કંટકિત પાદપ ડાળને આ
ઉષ્મા મળી કવણ હાર્દ તણી સવેળા?
એકે ન પર્ણ, તરુ ક્યાં? શુધ્ધુ* પુષ્પપુંજ!
આ જાદુ શી કરત, કોણ અદીઠ, ખેલા?
શી સૂનકાર ભરતી હૃદિરમ્ય ગુંજ!
મ્હોરી રહી મધુર ગંધ થકી નિકુંજ!

ને નવ્ય અંકુરિત પર્ણની લાલિમાએ
લાવણ્ય લીલું ધર્યું દક્ષિણની હવાએ.

* કેવળ

હિમભર્યા વાયરા / ધીરુ પરીખ

· ગાન ·

હિમભર્યા ફૂંકાતા વાયરા!

અંગમહીં ઘૂમરાતી નદિયું તો ઠીક
એણે ઠાર્યો આકાશ અગનગોળો,
ધરણીનો હમણાં લગ ખાલી હતો તે
સૂકાં પર્ણે ભરાઈ ગયો ખોળો,
કુંભકરણ કાળને પાછો જગાડવાને
ડાકલાં વજાડે કોણ કાયરા?
હિમભર્યા ફૂંકાતા વાયરા!

દૂર કે નજીક બધે કાન જરી માંડું
તો વહેતો સુણાય ઘોઘ નાદનો,
ઘરમાં ને દરમાં ને નીડમાં ને ભીડમાં શો
જાગ્યો વેતાલ કૈંક હિમયુગની યાદનો,
પળ પળની ખરલુંમાં ઘૂંટે છે કોણ
જેમ ઘૂંટે કસૂંબાઓ ડાયરા?
હિમભર્યા ફૂંકાતા વાયરા!

હાઇકુ / સ્નેહરશ્મિ

ધુમ્મસે ઢાંક્યું
શિવાલય; આરતી
નહિ ઢંકાય.

પાનખરની
સંધ્યા ગૈ એકલતા
મૂકી પર્ણોમાં.

રહ્યાં કંડારી
તમરાં પહાડોમાં
પ્રગાઢ શાંતિ.

ઘંટારવ આ
કયા મંદિર કેરો
ઢળતી સાંજે.

ધોધના નાદે
લળીલળીને ભીંજે
વેલા ને છોડો.

લઈને રંગ
પૃથ્વીના સંધ્યા ગઈ
તિમિરે શમી.

ખાબોચિયામાં
છીછરાં જળે ચંદ્ર;
સીમ વેરાન.

વૃક્ષાવતાર / રમેશ પારેખ

· ગાન ·

હું છું એવું ઝાડ –
કે જેની ડાળની ટોચે ફરકે સોનલ નામનું એક જ પાન

કોઈ કહે કે આખેઆખું ઝાડવું ધમ્મસ ધમ્મસ એક જ પાનમાં ટોળે વળ્યું
કોઈ કહે: અચરજ તો જુઓ, ઝાડળાપણું ઝાડને એક જ પાંદડા થકી મળ્યું
કોઈ પૂછે કે જીવને આકાર હોય? તો તને ચીંધતું આપું હું ઘટાટોપ બ્યાન
બિન કેફે હું બ્યાન આપું કે તું લીલોભટ્ટ કેફ છે મારો, તું જ છે મારું બ્યાન
આપણે ખડિંગ આપણા એક જ પડછાયાને પાડીએ ને સાંભળીએ કાનોકાન
તું તો મારા મૂળથી મારી ટગલી ઝીણી ટોચ સુધીની જાતરા જાજરમાન

હું જ છું / રમેશ પટેલ

· મુક્તક ·

પર્ણની ભીનાશ પાછળ હું જ છું,
પર્ણની લીલાશ પાછળ હું જ છું,
ફૂટવું, ખરવું એ શ્વાસોચ્છ્વાસ મુજ–
પર્ણની પીળાશ પાછળ હું જ છું!

સૂરજના શહેરમાં / નિરંજન ભટ્ટ

· ગઝલ ·

જાગી રહ્યો અંધાર સૂરજના શહેરમાં,
કોને કહું અણુસાર સૂરજના શહેરમાં?
માપી શક્યો ના હું કદી ક્યારેય પણ અને–
છે કેટલો વિસ્તાર સૂરજના શહેરમાં?
એ વાત ક્યારે જઈ હવે કોને કરું કહો,
ક્યાંથી લઉં આધાર સૂરજના શહેરમાં.
પીળું થઈને પાન ડાળી પરથી ખર્યું જે
એ તો તમારો ભાર સૂરજના શહેરમાં.
મારો જ પડછાયો હવે ના રહી શકે અહીં,
એનો જ છે આકાર સૂરજના શહેરમાં?

કંઈ જડયું છે / ભાસ્કર વખારિયા

· ગઝલ ·

સર્જનારે છીપમાં મોતી ઘડયું છે.
પણ અહીં, તે કોને જોતાં આવડયું છે?
પાંચ તત્ત્વોથી રચ્યું બ્રહ્માંડ એણે,
ને મેં બીજું વિશ્વ શબ્દોથી ઘડયું છે.
એને ચાતકનું કોઈ સરનામું આપો,
સ્વાતિબિંદુ પાછું દરિયે જઈ પડયું છે.
આમ તો ભીતર હતું, પણ શબ્દમાં એ,
કોઈ ભાતીગળ ક્ષણે આવી ચડયું છે.
શી રીતે 'ભાસ્કર' ભળે ભરચકપણામાં,
ખાલિપામાંથી જ એને કંઈ જડયું છે.

તરછોડાયેલીના દૂહા

અલ્પ ત્રિવેદી

સાજણ તારા ઊંબરે ઠેલ્યા અમને બ્હાર
ખાલીપાનો ભાર કઈ દિશ જઈને ઠાલવું
સાજણ ચર્ચા આપણી ચોરેં ચૌટે થાય
સૂરજ ડૂબી જાય સો સો મારે ચાંદલે
સાજણ કોરા અંગડે લવકે લથબથ આગ
ભમ્મર કાળો નાગ ભર નીંદરમાં કોતરે
સાજણ તારા નામને ઝાઝેરા જુહાર
તડકો અનરાધાર અડવાણે પગ સંચરું

તન્મે મનઃ

'ઉપમન્યુ'

માણસ અને મન બન્નેની ધાતુ સમાન છે–મન્. જેવું મન એવો માણસ. ઇચ્છાઓ એને ઓળખાવી દે :

'વાંછૈવ સૂચયતિ પૂર્વતરં ભવિષ્યં પુંસાં—
યદન્યતનુજં ત્વશુભં શુભં વા;
વિજ્ઞાયતે શિશુરજાતકલાપચિહ્નઃ
પ્રત્યુદ્‌ગતૈરપસરન્સરસઃ કલાપી.'

એની વાંછા જ—'વાંછૈવ'—'સૂચયતિ' કે 'પૂર્વતર'—પહેલાં કેવો હતો ને 'ભવિષ્ય'–કેવો થશે. અરે, પૂર્વજન્મનાં શુભાશુભની યે ખબર પડી જાય એના મન પરથી. મોરનું બચ્ચું, હજી પીંછાંય ન ફૂટ્યાં હોય ત્યાં તો સૌ સાથે સરે–પણ તે સરવર તરફ.

ઇચ્છા તો ઊડતી વસ્તુ છે. એને નડતર નથી. એ અસંખ્ય વસ્તુ પર માખી બનીને બેસી શકે છે કે, એની ગરુડ જેવી નજરમાં અસંખ્ય વસ્તુઓ આવી શકે છે. એને નથી નડતર કાળનું કે નથી સ્થળનું. પંખી તો આકાશે જ ઊડે; આ તો વિના–આકાશે. અને વળી, જેવી ઇચ્છા એવો માણસ. ઇચ્છા માણસને માખી જેવો બનાવે કે ગરુડ જેવો પણ બનાવે. માણસને ઇચ્છા ઘડે એ પહેલાં માણસે ઇચ્છાને ઘડવી. ઇચ્છાને દિશા જડવી, ઇચ્છાને ગતિ મળવી, ઇચ્છાને મુક્ત વિહારના આનંદની સાથે યુક્ત વિહારની સાર્થકતા મળવી–એ પણ ચિત્તે જ કરવું રહ્યું !

એ માટે જ ચિત્તે નિશ્ચિત થવું જોઈએ. મને સં–કલ્પ થવું જોઈએ. ચિત્ત તો આચારનો 'ડાયનેમો' છે. કર્મનું પ્રેરણાસ્થાન છે. આચરણનું ઝરણું ત્યાંથી ફૂટે છે. એ આચરણ શુદ્ધ, ધોવાયેલું, નિર્મળ બને એવું મન જોઈએ.

'મનઃ પૂતં સમાચરેત્ !'

ચિત્ત જેવું ઊજળું આચરણે બને. ક્યારે? ચિત્ત જો એવું હોય -બલપ્રદ તો. આ શરીર ધાતુઓનું કે તત્ત્વોનું ભલે હોય પણ એ બધાં તત્ત્વો આખરે ચિત્તાધારિત છે :

'ચિત્તાયત્તં ધાતુબદ્ધં શરીરમ્ નષ્ટે ચિત્તે ધાતવો યાન્તિ નાશમ્ ।
તસ્માત્ ચિત્તં સર્વદા રક્ષણીયમ્ સ્વસ્થે ચિત્તે બુદ્ધયઃ સમ્ભવન્તિમ્ ॥'

ચિત્ત ભાંગે તો ભાંગે શરીર. માટે જ ચિત્તને રક્ષવું. જેથી અનેક પ્રકારની બુદ્ધિશક્તિઓ એમાંથી પ્રગટ્યાં જ કરે.

પણ 'રક્ષવું' એટલે? ચિત્તને દિશા અને હેતુ ભળાવવાં. ઇચ્છાનું ધૃતિમાં રૂપાન્તર કરવું.

'ભજ ધૃતિં
ત્યજ ભીતિમ્–અહેતુકામ્ ।'

એ તાલીમ–ચિત્તને શિવ, શુભ, મંગલ સાથે સદા જોડાયેલું રાખવાનો રોજનો પ્રભાત–વ્યાયામ તે ધ્યાન.

'જ્ઞાનાત્ ધ્યાનં વિશિષ્યતે!'

એક જ લગની—શુભની મીઠાશની. સાગરની માફક. ખારો છે, છતાં સતત ઉછળાટ છે, ઉકળાટ છે, મીઠા થવાનો :

'માધુર્યં મધુબિન્દુના રચયિતું ક્ષારામ્બુધેરીહતે.'
ખારો સાગર મીઠાં જળનો ઓઘ થવાને તડપે !
શિવસંકલ્પની એ અવિરત તડપન મનને પણ મંગલ કરી મૂકે—
'તન્મે મનઃ
શિવ સંકલ્પમસ્તુ !' □

દેશ-સ્વાતંત્ર્ય માટે સશસ્ત્ર

અંગ્રેજ ઇતિહાસકારોએ જેને 'બળવો' કહ્યો છે એ ૧૮૫૭ની ક્રાન્તિને સ્વાતંત્ર્ય-સંગ્રામની પ્રથમ ચિનગારી લેખીને તેની અર્ધશતાબ્દી ઊજવવા વિનાયક દામોદર સાવરકર અને અન્ય ક્રાંતિકારી મિત્રોએ લંડનમાં પ્રત્યેક ભારતીયનો સંપર્ક સાધીને તૈયારી કરી અને ૧૯૦૮ની ૧૦ મેના રોજ એ ભવ્ય રીતે ઊજવી પણ ખરી. એ સમારોહમાં સત્યાવીસ વર્ષના વી. વી. એસ. અય્યર નામના એક યુવાને રાષ્ટ્રીય પ્રાર્થના ગાઈ, અને પ્રસંગોચિત વ્યાખ્યાન પણ આપેલું. આ યુવાન મૂળ તો હિંદુસ્તાનથી વકાલત અર્થે રંગૂન ગયેલો અને બૅરિસ્ટર થવાની આકાંક્ષાએ ત્યાંથી લંડન આવેલો. એ કાળે લંડન જનાર મોટા ભાગના હિન્દી યુવાનો ગીત–નૃત્ય શીખવાને આવશ્યક શિષ્ટાચાર લેખતા. વળી, તેઓમાં એની ઘેલછા પણ રહેતી. સભ્યતાનું એ એક અંગ લેખાતું. ગાંધીજીએ પણ આરંભમાં આવો પ્રયાસ કરેલો. (જુઓ : 'સત્યના પ્રયોગો' પ્રકરણ ૧૫) લંડનમાં આવેલા વી. વી. એસ. અય્યરને પણ ગીત–નૃત્યનું ઘેલું લાગેલું અને પોતાની આ ઘેલછાની વાત એમણે 'ઇન્ડિયા હાઉસ'માં સાવરકર સાથેની પહેલી મુલાકાત વખતે કરી ત્યારે સાવરકરે, 'યુવાનીનું જોમ આવી ક્ષુલ્લક બાબતોમાં વેડફી નાખવાનો આ સમય નથી, આપણે એથી વધુ અગત્યનાં કાર્યો કરવાનાં છે' એમ કહીને પોતાનો પ્રતિભાવ દર્શાવ્યો હતો. દેશના સ્વાતંત્ર્ય વિષે સતત ચિંતિત રહેનાર સાવરકરના આ શબ્દોએ અય્યર પર જાદુઈ અસર કરી. એમને એક નવી જ દૃષ્ટિ મળી. સ્વતંત્રતાનું મૂલ્ય સમજાયું અને પરિણામે ક્રાંતિકારીઓની સ્વાતંત્ર્ય વિષયક પ્રવૃત્તિના એ પણ એક નિષ્ઠાવાન કાર્યકર બની રહ્યા. અઢારસો સત્તાવન પછી સ્વતંત્રતા મેળવવા અર્થે જે સશસ્ત્ર ક્રાંતિનો અભિગમ અપનાવાયો તેના હિમાયતીઓમાં આ અય્યરનું સ્મરણ કરવું ઘટે. વસ્તુતઃ સ્વાતંત્ર્ય પ્રાપ્તિ માટે અહિંસક લડતને જે સફળતા મળી તેની પૂર્વે સ્વતંત્રતાની વિચારસરણીની પૂર્વભૂમિકા રચવાનું સુભગ કાર્ય આ ક્રાંતિકારીઓએ કર્યું હતું. સશસ્ત્ર ક્રાંતિની વિચારધારા અને અહિંસક લડતની વિચારધારા એમ ઉભયના પરિબળથી દેશ સ્વતંત્ર બન્યો. કીર્તિની આકાંક્ષા વગર સ્વાતંત્ર્યલડતના યજ્ઞમાં અનેક યુવાનોએ સ્વકીય જીવન સમર્પી દીધું. ઊગતાંને પૂજનાર આ દેશમાં કોણ સ્મરે આવા નિષ્ઠાવાન દેશભક્તોને ? ! આ દેશભક્તોમાં કેટલાક સાવ અજ્ઞાત છે; કેટલાક અલ્પજ્ઞાત. એવા એક અલ્પજ્ઞાત દેશભક્ત છે આ વરાહનેરી વ્યંકટેશ સુબ્રહ્મણ્ય(વી.વી.એસ.)અય્યર.

ઈ. ૧૮૮૧માં ૨ એપ્રિલે ત્રિચિનાપલ્લી જિલ્લામાં કારુર નજીકના વારાગનરી નામના ગામડામાં એમનો જન્મ થયો હતો. એમના પિતા શરાફ હતા. અય્યરનું બાળપણ વિભિન્ન સ્થળોએ પસાર થએલું. અભ્યાસમાં એ અતિ તેજસ્વી હોઈ માત્ર અગિયાર વર્ષની વયે એમણે મૅટ્રિકની પરીક્ષા પાસ કરેલી, અને એ જ વર્ષે એમનું લગ્ન થયેલું. ત્રિપુરીની સેન્ટ જૉસેફ કૉલેજમાં એમણે ઉચ્ચ શિક્ષણ લીધેલું. સોળ વર્ષની વયે યુનિવર્સિટીમાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થઇને બી.એ.ની પદવી મેળવી અને ઓગણીસ વર્ષની વયે મદ્રાસમાં તાલીમ મેળવીને ત્રિપુરીમાં એમણે વકાલત આરંભી હતી. પોતાની વિચક્ષણ બુદ્ધિમત્તાથી અલ્પકાળમાં ત્વરિત ગતિએ વ્યાવસાયિક જ્ઞાનમાં પ્રવીણતા પ્રાપ્ત કરીને એમણે પાંચેક વર્ષ તેમાં ગાળ્યાં. એમની બૌદ્ધિક પ્રતિભા જોઇને એમના એક સગા પશુપતિ અય્યર એમને રંગૂન લઈ ગયા, અને ત્યાંથી તેઓ બૅરિસ્ટર થવા લંડન આવ્યા હતા. તે કાળે સાવરકર ઈંગ્લૅંડની

ક્રાંતિના હિમાયતી, તમિળ સાહિત્યકાર અને ભારદ્વાજ આશ્રમના સ્થાપક ઋષિ



વરાહનરી વ્યંકટેશ સુબ્રહ્મણ્ય (વી. વી. એસ.) અય્યર

પ્રફુલ્લ રાવળ

આમજનતા સમક્ષ હિન્દુસ્તાનની સ્વતંત્રતાનો પ્રશ્ન રજૂ કરવાના કામમાં સક્રિય હતા. આઝાદ થવા માટે ક્રાંતિના અભિગમનું સાહિત્ય શક્ય તેટલી ત્વરાએ પ્રજા સમક્ષ મૂકવા માટે એમણે ઇંગ્લૅન્ડમાં પણ 'અભિનવ ભારત'ની સ્થાપના કરી હતી, જેનું મુખ્ય ધ્યેય સશસ્ત્ર ક્રાંતિ વડે સ્વાતંત્ર્ય પ્રાપ્તિ થશે તેવી વિચારણાનો પ્રચાર કરવાનું હતું. સાવરકરના સંપર્કે અય્યર સશસ્ત્ર ક્રાંતિના પુરસ્કર્તા થયા હોઈ 'અભિનવ ભારત'ના ઉપપ્રમુખ બન્યા અને મદ્રાસમાંથી કવિ સુબ્રહ્મણ્ય ભારતી દ્વારા પ્રસિદ્ધ થતા 'ઇન્ડિયા' નામના તમિળ સાપ્તાહિકમાં દેશભક્તિ વિષયક લેખો લખવા લાગ્યા. એ જ સાપ્તાહિકમાં 'લંડન લેટર' નામની કોલમ દ્વારા ત્યાંના વિવિધ પ્રશ્નોની છણાવટ પણ તેઓ કરતા, જેમાં રાજકીય પ્રશ્નો સાથે ધંધાકીય-આર્થિક પ્રશ્નો પણ ચર્ચતા રહેતા. બીજી બાજુ આ દરમિયાન એમણે બ્રિટિશ મ્યૂઝિયમમાં કલાકો સુધી વાચન કરીને ક્રાંતિકારી નેતાઓનાં જીવન તેમ જ પ્રવૃત્તિની માહિતી પણ મેળવી. આ અભ્યાસનો હેતુ હતો ક્રાંતિકારીઓની લડત-પદ્ધતિનું અધ્યયન કરીને તેનો વિનિયોગ કરવાનો. એમણે નેપોલીઅન બોનાપાર્ટ વિષે ઊંડો અભ્યાસ કરીને તેનું માહિતીસભર જીવનચરિત્ર પણ લખ્યું હતું. પરન્તુ પ્રસિદ્ધ થયાં પૂર્વે જ તેના પર પ્રતિબંધ મુકાયો હતો. ઈ. ૧૯૦૭માં અંગ્રેજ સરકારે ૧૮૫૭ના લડાયકોને અરાજકતાવાદી અને ઠગ ગણાવીને જે પ્રચાર કરવા માંડેલો. તેની સામે ઇંગ્લૅંડમાં અભ્યાસ કરતા હિન્દી વિદ્યાર્થીઓએ એ લડવૈયાઓને શહીદ રૂપે ઓળખાવ્યા. અને સાવરકરે અઢારસો સત્તાવનની લડતને સ્વાતંત્ર્ય-સંગ્રામ રૂપે ઓળખાવી બે વર્ષ પરિશ્રમ કરીને 'વૉર ઑવ ઇન્ડિયન ઇન્ડીપેન્ડન્સ : ૧૮૫૭' જેવું અતિ મહત્ત્વનું પુસ્તક એ લડતની અર્ધશતાબ્દીના વર્ષ ઈ. ૧૯૦૮માં પૂરું કર્યું, અય્યરે તે પુસ્તકનું તમિળ ભાષામાં ભાષાન્તર કર્યું. ક્રમશઃ અય્યર ક્રાંતિકારી પ્રવૃત્તિમાં સક્રિય થતા જ ગયા. એમણે તેમ જ ટી. એસ. એસ. રાજન જેવા એમના મિત્રોએ બંદૂકની નિશાનબાજી પણ શીખી લીધી, અને ગેરીબાલ્ડી તથા મૅઝિની જેવા ઇટાલિયન નેતાના જીવન-કાર્યનો ઊંડો અભ્યાસ કર્યો.

ઈ. ૧૯૦૮ની ૨ મેના રોજ ઇન્ડિયા હાઉસમાં શિવાજી ઉત્સવ ઉજવાયો હતો વી. વી. એસ. અય્યર તેમાં મુખ્ય વક્તા હતા. અઠવાડિયા પછી ૧૦ મેના રોજ ઇન્ડિયા હાઉસમાં ઉજવાયેલી ૧૮૫૭ની ક્રાંતિની અર્ધશતાબ્દીના સમારોહમાં અય્યરે પ્રાર્થના કરી હતી. આ સમારંભનો પડઘો ચારે તરફ ખૂબ પ્રભાવક પડ્યો. ઇંગ્લૅંડનું ગુપ્તચર ખાતું સતેજ બની ગયું અને ઇન્ડિયા હાઉસ પર ચાંપતી નજર રાખવા માંડી. આની સામે ઇન્ડિયા હાઉસના સભ્યોએ પોતાના જ કોઈ સભ્યને ત્યાંના પોલીસ-ખાતામાં નોકરીએ લગાડી દેવા વિચાર્યું, જેથી ક્રાંતિકારીઓની જે કંઈ માહિતી તે ખાતામાં પહોંચે તેના વિષે, તથા તેની સામેનાં પોલીસ પગલાં વિષે પૂરતી માહિતી અગાઉથી મેળવી શકાય. આ એક અતિ કપરું કાર્ય હતું. પણ ખૂબ પરિશ્રમે તે સફળ થયું. એનો યશ પણ અય્યરને ઘટે છે. માસિક પાંચ પાઉન્ડના પગારે અય્યર તેમાં દાખલ થઈ ગયા. અને ઈ. ૧૯૦૯ના માર્ચ સુધી તેમાં રહેલા. આ અરસામાં કીર્તિકર નામના કોઈ ગુપ્તચરે ઇન્ડિયા હાઉસમાં રહીને ક્રાંતિકારીઓ વિષે સઘળી માહિતી એકઠી કરેલી. આની ગંધ અય્યરને આવી ગઈ. ડૉ. રાજન સાથે કીર્તિકરની ઓરડીની એમણે તપાસ કરી અને એક મોડી રાત્રે ડૉ. રાજન, સાવરકર તથા અય્યર પિસ્તોલ લઈ કીર્તિકરને ત્યાં પહોંચી ગયા ને તેની પાસે બધું કબૂલ કરાવ્યું. જો કે અય્યર તો એને મારી જ નાખવા ઇચ્છતા હતા, પરંતુ સાવરકરે ના પાડી અને કીર્તિકર પાસે કબૂલ કરાવ્યું કે કોઈ પણ બાતમી ગુપ્તચર ખાતાને પહોંચાડતાં પહેલાં તેણે તે અય્યર અને સાવરકરને બતાવવી. મરવાના ડરથી કીર્તિકર એ માટે તૈયાર થયો. આ રીતે કીર્તિકર દ્વારા તેમણે ગુપ્તચર ખાતાને ગેરરસ્તે દોરવાની ગોઠવણ કરી.

ઇન્ડિયા હાઉસમાંના ક્રાંતિકારીઓની પ્રવૃત્તિમાં અય્યરનું યોગદાન અતિ મહત્ત્વનું હોઈ એમને સતત પ્રવૃત્તિમય રહેવું પડતું. છતાં એમનો બૅરિસ્ટરીનો અભ્યાસ તો અવિરત ચાલુ જ હતો. લંડનમાંના ક્રાંતિકારીઓ બંગાળના ભાગલા સમયે નિર્દયપણે વર્તનાર સર કર્ઝન વાયલીનો અંત આણવા ઇચ્છતા હતા. એ માટે કાવતરું ગોઠવાયું અને અય્યરના માર્ગદર્શન હેઠળ પંજાબી વિદ્યાર્થી મદનલાલ ધીંગરાએ ૧૯૦૯ની ૧ જુલાઇએ એક સમારંભમાં વાયલીનું ખૂન કર્યું. તે પછીના પ્રસંગોથી અય્યરનું મન અતિ ક્ષુબ્ધ થઈ ગયું. છતાં ય જૂન ૧૯૧૦માં એમણે બૅરિસ્ટરીની પરીક્ષા આપી એટલું જ નહિ, રોમન કાયદાના વિષયમાં સુવર્ણચંદ્રક પણ મેળવ્યો. જો કે પછી અંગ્રેજ રાજ્ય પ્રતિ વફાદારીના સોગંદ લેવાના આવ્યા ત્યારે તેમણે પૂર્ણ મક્કમતાથી તેનો ઇન્કાર કર્યો અને આ પ્રસંગથી અત્યાર સુધી લગભગ નેપથ્યમાં કામ કરનાર અય્યર ક્રાંતિકારીના સહયોગી હોવાનું પ્રતીત થતાં ઇંગ્લૅંડની સરકારે તાત્કાલિક એમને પકડવાનો હુકમ કાઢ્યો. આ પૂર્વે સાવરકરને તો પકડી લેવામાં આવ્યા જ હતા, અને તેમને મુક્ત કરાવવા અય્યર,

જ્ઞાનચંદ વર્મા ઇત્યાદિ મિત્રો ખૂબ જહેમત કરી રહ્યા હતા. ૧૫ માર્ચ ૧૯૧૦ના રોજ અય્યરે શ્યામજી કૃષ્ણ વર્માને સાવરકરની ગિરફતારી અંગે જે પત્ર લખ્યા છે તે પરથી એમની એ કામગીરીનો ખયાલ આવે છે. અય્યર ૧૯૧૦ના માર્ચ માસમાં સાવરકરને જેલમાં મળવા માટે પણ ગયા હતા. અય્યરના અવસાન ટાણે સાવરકરે આપેલી શ્રદ્ધાંજલિમાં જેલમાં મળવા આવેલ અય્યરનું સુંદર અક્ષરચિત્ર આલેખ્યું છે: 'એક ગૌરવવંતી વ્યક્તિ અમારી સમક્ષ આવી. એ વી. વી. એસ. અય્યર હતા. છાતી પર એમની દાઢી ફરફરતી હતી, માથાના વાળ પણ ઓછા નહોતા. સુઘડ પોશાકથી સજ્જ એવા સજ્જન જેવા હવે એ દેખાતા નહોતા, કોઈ મહાન કાર્ય માટે જીવન સમર્પિત કરી દેનાર જેવું એમનું વ્યક્તિત્વ બની ગયું હતું.' ('સમગ્ર સાવરકર વાઙ્મય' ખં.-૬)

અય્યરે પછી તો ઇન્ડિયા હાઉસને બદલે હોટેલમાં રહેવાનું રાખેલું. પરંતુ ત્યાં યે ગુપ્તચર પોલીસો તેમના પર ચાંપતી નજર રાખતા જ હતા. છતાં પોતાની દાઢીનો લાભ લઇને અય્યર પંજાબી શીખનો વેષ ધારી પોલીસને થાપ આપી ફ્રાન્સ નાસી ગયા. પરંતુ એથી એમની મુશ્કેલીઓનો અન્ત નહોતો આવતો. બ્રિટિશ છૂપી પોલીસ એમના પર સતત નિગાહ રાખતી જ હતી. એમનો પત્રવ્યવહાર પણ તપાસાતો હતો. તક મળે ત્યારે એમને પકડવા માટે પોલીસ તૈયાર જ હતી. બ્રિટિશ હદમાં અય્યર પગ મૂકે તે ક્ષણની જ પ્રતીક્ષા કરતી હતી. પણ ક્રાંતિકારીઓના સમાગમ-સહચારથી ઘડાએલા તેઓ પોલીસની પકડમાં જલદી આવે તેમ નહોતા. એમણે એક યુક્તિ કરી–પોતે હવે સ્વદેશ ન આવતાં સદા માટે બ્રાઝિલ જઈ વસવા ઇચ્છે તેવું જણાવતા પત્રો એમણે પિતાને લખવા માંડ્યા. એટલું જ નહિ, પ્રતિ સપ્તાહે પોતાના પર ટપાલમાં પત્રો આવતા રહે તેવી વ્યવસ્થા પણ ગોઠવી. એમનો બધો પત્રવ્યવહાર વચ્ચેથી વંચાતો જ હતો એટલે આ પરથી ગુપ્તચરો અય્યર હજી ફ્રાન્સમાં જ છે. એવા ભ્રમમાં રહ્યા અને અય્યર શીખના વેષમાં ફ્રાંસમાંથી સિફતપૂર્વક છટકીને ઈ. ૧૯૧૦ના નવેમ્બર માસમાં પોંડિચેરી પહોંચી ગયા. અહીં પહોંચી ગયા પછી તેમણે ભારતમાંની બ્રિટિશ સરકારને તેમ જ કુંટુમ્બને પોતાના આગમનની જાણ કરીને આશ્ચર્યચકિત કરી દીધા. એ સમયે અય્યરની વય ૨૯ વર્ષની હતી. પોંડિચેરીમાં ફિરંગી હકૂમત હતી એટલે અય્યર માટે એ સલામત સ્થળ હતું. બ્રિટિશ સરકાર સામે લડનારા અનેક ક્રાંતિકારી દેશભક્તો મહદ્અંશે પોંડિચેરીમાં આશ્રય લેતા. અય્યરનું પોંડિચેરીમાંનું આગમન એ બ્રિટિશ ગુપ્તચર પોલીસની હાર હતી અય્યરની વિલક્ષણ બુદ્ધિની જીત હતી. એક વાર રેલવે સ્ટેશન પર અય્યરને પકડવા માટે એમના સામાન પરના વી. વી. એસ. અક્ષરો પ્રતિ નિર્દેશ કરી પોલીસે પૂછતાછ કરી ત્યારે તેમણે સહેજ પણ ગભરાયા કે ચોંકયા વગર શાન્ત ચિત્તે કહ્યું કે, 'વી. વી. એસ. એટલે વીર વિક્રમસિંહ. એ મારું નામ છે.' ભરાવદાર દાઢી, શીખ પહેરવેશ અને હાથમાં સતત ફરતી જપમાળાથી અય્યરનો બાહ્ય દેખાવ અસલ શીખ જેવો જ લાગતો. અને અય્યરનો એ છદ્મ શીખ વેષ છેતરામણો હતો એટલું જ નહિ, એમણે શીખ ધર્મનો ઊંડો અભ્યાસ કરીને એ વેષ ચરિતાર્થ પણ કર્યો હતો. શીખ ધર્મ પ્રત્યેનો એમનો અહોભાવ એમણે તમિળ ભાષામાં લખેલા ગુરુ ગોવિંદસિંહના ચરિત્ર પરથી પ્રતીત થાય છે.

બ્રિટિશ સરકારે પોંડિચેરીથી અય્યરને દેશમાં અન્ય સ્થાને પ્રવેશવાની મનાઈ ફરમાવી હતી. અને ત્યાં યે અવારનવાર પોલીસની કનડગત સતત ચાલુ જ રહેતી, છતાં દેશનિકાલ જેવી એ સ્થિતિમાં યે અય્યરનો પોંડિચેરીના નિવાસનો દશ વર્ષનો ગાળો રોમાંચક પરાક્રમો અને તેજસ્વી સિદ્ધિઓથી સભર છે. અહીંથી તેઓ ક્રાંતિનું સાહિત્ય તથા શસ્ત્રોને બ્રિટિશ હદમાં ગુપ્તપણે પહોંચાડતા. સાથોસાથ ફાજલ સમયમાં તેઓ સાહિત્યલેખન કરતા.

પોંડિચેરીમાં એમની પત્નીએ સહચારિણી રૂપ સહકાર આપ્યો. અય્યર ઇંગ્લૅંડમાં હતા ત્યારે પ્રથમ પુત્રી બાલ્યાવસ્થામાં જ મૃત્યુ પામી હતી. પોંડિચેરીમાં પુત્ર કૃષ્ણમૂર્તિ અને પુત્રી સુભદ્રાનો જન્મ થયો. આર્થિક દૃષ્ટિએ એ સમય વિકટ હતો. જો કે એ કપરા કાળમાં સુબ્રહ્મણ્ય ભારતી જેવા દેશભક્ત કવિમિત્રોએ તથા મહર્ષિ અરવિંદ ઘોષે પણ એમને ઘણી સહાય કરેલી.

પોંડિચેરીમાં તેઓ ૧૯૧૦ થી ૧૯૨૦ સુધી રહેલા. ત્યાંથી બ્રિટિશ હદમાં શસ્ત્રો ઘુસાડવા બદલ ફ્રેંચ સરકારે એમને કેટલોક કાળ અલ્જીઅર્સમાં હદપાર પણ કરેલા.

પોંડિચેરીમાં એમના સહયોગી મિત્રો વી. ઓ. ચિદંબરમ્ અને સુબ્રહ્મણ્ય શિવ સાથે તિરુનેલ્લવેલી જિલ્લાના કલેક્ટર મિ.અશે અમાનવીય વર્તાવ કર્યો હતો. આથી અય્યર એ કલેક્ટર અશનો કાંટો દૂર કરવા આતુર હતા. આ સમયે ટપાલ ખાતામાં નોકરી કરતો વંચિનાથ અય્યર નામનો એક યુવાન એમને મળવા પોંડિચેરી આવ્યો. ઉભય વચ્ચે ખાનગી મસલત થઈ. એને બંદૂકબાજીની તાલીમ અપાઈ. ૧૯૧૧ના જૂન માસમાં વંચિનાથે એ કલેક્ટર અશનું રેલવેના કમ્પાર્ટમેન્ટમાં ખૂન કર્યું અને જીવતા પકડાઈ ન જવાય એટલા સારુ એણે તુરત જ પોતાના જીવનનો પણ અન્ત આણ્યો હતો.

પણ બીજી બાજુ અય્યરની સાહિત્યિક પ્રવૃત્તિ પણ ચાલતી જ હતી. સંસ્કૃત, તેલુગુ, ફારસી, ઉર્દૂ, લૅટિન, ફ્રેન્ચ વગેરે ભાષાઓ પણ તેઓ જાણતા હતા. તમિળ ભાષાના તેઓ એક અચ્છા લેખક હતા. પોતાની ગુપ્ત પ્રવૃત્તિઓ ઉપરાંત એમની સાહિત્ય-સાધના પણ સતત જારી હતી. કંબન અને વલ્લુવરના તેઓ ચાહક હતા. કંબનના રામાયણનો એમણે ઊંડો અભ્યાસ કરેલો. 'કુરુલ' જેવી અનેક તમિળ કૃતિઓને એમણે અંગ્રેજીના સરળ ગદ્યમાં ઉતારી હતી. નૅપોલીઅનનું જે ચરિત્ર એમણે લખેલું તેમાં તેમણે તેની યુદ્ધની વ્યૂહાત્મક પદ્ધતિને બહુ સારી રીતે સમજાવી હતી અને એટલે જ તો હિન્દ સરકારે તે પુસ્તક પ્રકટ થતાં જ જપ્ત કર્યું હતું. 'કુરુવથીગઇ' નામે એમણે અંગ્રેજીમાં તમિળ સાહિત્યની ચુનંદી કણિકાઓનો એક સુંદર સંગ્રહ તૈયાર કરેલો, પણ એ આગળ જતાં કયાંક ગુમ થઈ ગયો. ઈ. સ. પૂર્વે તિરુવલ્લુવન રચિત નીતિશાસ્ત્રીય કૃતિ 'તિરુ-કે-કુરુલ'નું એમણે અંગ્રેજીમાં સુંદર ભાષાન્તર કરેલું. સતત ભીતિયુક્ત વાતાવરણમાં વિદેશમાં કરેલું એ ભાષાન્તર ઉતાવળે થયું હોવા છતાં આજ પર્યંત એક ઉત્તમ અનુવાદિત કૃતિ ગણાય છે.

આમ, સાહિત્ય પ્રવૃત્તિમાં યે સતત એ રત તો રહેતા પણ એમના જીવનમાં શાંતિ નહોતી. એવામાં ૧૯૧૭માં ગાંધીજી પોંડિચેરી ગયા ત્યારે તેમને મળવાનું થયું. આમ તો આ અગાઉ તેઓની લંડનમાં યે મુલાકાત થએલી. એ પહેલી મુલાકાત વખતે અય્યરે દેશના સ્વાતંત્ર્ય માટે સશસ્ત્ર ક્રાંતિ એ જ એક માત્ર શકય ઉપાય હોવાના પોતાના ખયાલો ગાંધીજીની સાથે ચર્ચ્યા હતા. દીવાળીના પર્વની ઉજવણી નિમિત્તે તેઓ ગાંધીજીને અતિથિ-વિશેષ તરીકે લઈ ગએલા ત્યારે થએલી એ ચર્ચામાં ગાંધીજીએ એમને પોતાની અહિંસક સત્યાગ્રહની વિભાવના સમજાવી હતી, પરંતુ અય્યર એ કાળે સશસ્ત્ર ક્રાંતિના વિચારોમાં રમમાણ હોઈ અહિંસાનો ખયાલ એમને ગળે ઊતર્યો નહોતો. એ સમયે ત્યાંના દેશહિતેચ્છુઓમાં સાવરકરના વિચારોનો ઘણો ઊંડો પ્રભાવ હતો. એમનો ખયાલ તો ગાંધીજીને પણ પોતાની પ્રવૃત્તિઓમાં જોડવાનો હતો, પણ એ તો શકય જ નહોતું. ક્રાંતિની ઉદ્દામ પ્રવૃત્તિઓ ગાંધીજી માટે તો વર્જ્ય જ હતી.

ફરી જ્યારે પોંડિચેરીમાં તેઓ મળ્યા ત્યારે ગાંધીજીના અહિંસાના કેટલાક વિચારો એમને ગળે ઊતર્યા ખરા, પરંતુ તેમ છતાં યે ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાંની એમની શ્રદ્ધા ડગી નહિ. દેશના યુવાનોને એ પ્રમાણેની

તાલીમ આપવાની જરૂરતની એમણે એટલા જ ભારપૂર્વક હિમાયત કરેલી. હા, એક ફેરફાર એમનામાં દેખાયો ખરો. ખિસ્સામાં રિવૉલ્વર રાખ્યા સિવાય બહાર પગ ન મૂકનાર અય્યરે ત્યાર પછી હથિયાર સાથે રાખવાનું છોડી દીધું. પણ રાષ્ટ્રને સ્વતંત્ર કરવાની મનીષાથી અય્યરે મૂળ વિચારધારામાંથી ચલિત થયા વગર સમયાનુસાર અહિંસક સત્યાગ્રહની વિચારસરણીને સહકાર આપ્યો. વસ્તુતઃ ગુલામી માનસ ધરાવતી પ્રજામાં જુસ્સો લાવવો તે કાર્ય અતિ કપરું હતું, અને જે ક્રાંતિકારીઓ એ કામ કરી શકે તેટલા સમર્થ હતા તેમને તો સરકારે જેલમાં ધકેલી દીધા હતા. ગાંધીજી હિન્દ આવ્યા ત્યારે અંગ્રેજો સામે લડતી નેતાઓ લગભગ જેલમાં હતી. પ્રજા સત્તાધીશોના દબાવમાં રાંક બની ગઈ હતી. આથી જ એ દબાયેલી-કચડાયેલી રાંક પ્રજાને બુદ્ધના મધ્યમ માર્ગ જેવી ગાંધીજીની અહિંસક સત્યાગ્રહની વિચારસરણી કદાચ સવિશેષ જચી ગઈ.

ઈ. સ. ૧૯૨૦માં સરકાર દ્વારા બધા જ રાજકીય કાર્યકરોને સાર્વત્રિક રૂપે માફી મળતાં અય્યર પણ મુક્ત થયા. એટલે પોંડિચેરીથી અય્યર મદ્રાસ આવ્યા. ૨૦ જૂન ૧૯૨૦ના રોજ દીર્ઘકાળે તેમણે મદ્રાસનાં દર્શન કર્યાં. એમણે મદ્રાસમાંથી પ્રકટ થતા તમિળ દૈનિક 'દેશભક્તન'નું તંત્રી પદ સંભાળ્યું. મદ્રાસમાં તે સ્વતંત્ર હતા, પરન્તુ કર્મસંજોગોએ આ સ્વાતંત્ર્ય અલ્પજીવી નીવડ્યું. એમણે નહિ લખેલા તંત્રીલેખને રાજદ્રોહ ગણાવીને સરકારે એમને ગિરફતાર કર્યા, અને જેલ વેઠવી પડી. તંત્રી તરીકેની નૈતિક ફરજ સમજીને અય્યરે આ સજા ભોગવી અને બરેલી જેલને સાહિત્યિક પ્રવૃત્તિનું પરમ ધામ બનાવ્યું. આશ્રમવાસ રૂપ આ વર્ષોમાં એમણે અંગ્રેજીમાં લખેલો 'કંબન રામાયણ–એક અભ્યાસ'નો અંગ્રેજી ગ્રંથ અતિ મહત્ત્વનો છે. સંશોધનાત્મક રીતે લખાયેલો આ ગ્રંથ અય્યરની વિદ્વત્તાનો દ્યોતક છે. તેમાં એમનું પાંડિત્ય પૂર્ણતઃ શબ્દસ્થ રૂપ પામ્યું છે. આ ગ્રંથ એમની વિદ્યાપ્રીતિ અને પરિશ્રમનો સુપેર પરિચય કરાવે છે.

'બાલ-ભારતી' નામના એક તમિળ સાહિત્યિક સામયિકનું પણ એમણે સંપાદન કરેલું. તમિળ સાહિત્યમાં અય્યરનું સ્થાન અવશ્ય ગણનાપાત્ર છે. એમણે લખેલી ટૂંકી વાર્તાઓ પણ ઉત્તમ છે. તમિળ ભાષામાં આધુનિક ટેકનિક અને વિશિષ્ટ કલા સ્વરૂપવાળી વાર્તાઓ લખવાનો પ્રારંભ એમણે કરેલો.

જેલનિવાસમાં અય્યરને નૂતન ભારતની કલ્પના ઉદ્ભવી. ભારતીય જીવનમાં પુનર્જીવન આણવાના હેતુસર કશુંક સમર્પીને દેશની નવી પેઢીને નૂતન વિચાર આપવાની એમની મનીષા પ્રબળ બની. આ વિચારધારામાં ભારતીય પરંપરાને જીવીત રાખવાની ખેવના હતી. એ કાળે એમની નજર સમક્ષ કવિવર રવીન્દ્રનાથ ટાગોરનું 'શાન્તિનિકેતન' અને સ્વામી શ્રદ્ધાનંદનું 'કાંગડી ગુરુકુળ' નમૂના રૂપ હતું. પૂરા ચિન્તનના અંતે જેલમાંથી છૂટ્યા બાદ અય્યરે ભારતના છેડે દક્ષિણના તિરુનેલ્વેલી (Tirunelveli) જિલ્લાના શેરમાદેવી (Shermadevi)માં ઈ. સ. ૧૯૨૩માં ગુરુકુલ પદ્ધતિમાં 'ભારદ્વાજ આશ્રમ' સ્થાપ્યો.

અય્યરના કાલ્પનિક ભારતનું લઘુસ્વરૂપ આ આશ્રમમાં આણવામાં આવ્યું હતું. અહીં વિદ્યાર્થીઓ સુતારીકામ, ખેતી, વણાટ વગેરે કાર્યો પણ કરતા. તેમ જ નાગરિક તરીકેના ગુણો વિકસાવવા સ્વરક્ષણાર્થે બાણ ચલાવવાનું કે તલવાર ફેરવવાનું પણ ત્યાં શીખવવામાં આવતું. તમિળ પ્રજાને શીખો જેવી લડાયક પ્રજા બનાવવાનો એમનો ખયાલ હતો. સુબ્રહ્મણ્યમ્ ભારતીનાં ગીતો દ્વારા ઉમદા ગુણોનું ત્યાં સિંચન કરવામાં આવતું. નિયમિત વિષયો શીખવવાની સાથે જ અય્યર પોતાનાં તાજાં લખાણો પણ વિદ્યાર્થીઓ સમક્ષ વાંચતા અને ચર્ચતા. એમની વાચન-રીતિ અને વિષયને સમુચિત રીતે અભિવ્યક્ત કરવાની શક્તિ અદ્ભુત હતી. ખાદીધારી અય્યર સ્વયં આશ્રમના વિદ્યાર્થીઓ સાથે પ્રવૃત્તિઓમાં જોડાતા. એમની આ પ્રવૃત્તિ પ્રાચીન ઋષિની યાદી તાજી કરાવતી. એટલું જ નહિ, આશ્રમમાં તેમ જ સમાજમાં તેઓ ઋષિ તરીકે જ ખ્યાત થઈ ગયા હતા. આશ્રમમાં અપાતું શિક્ષણ તે કાળાનુસાર સમુચિત હતું. અય્યર સ્વયં આશ્રમના વિદ્યાર્થીઓ પર પૂરતું ધ્યાન રાખતા. એક દિવસ એ વિદ્યાર્થીઓને દશ્યાત્મક શિક્ષણ આપવાની ઇચ્છાએ અય્યરે પર્યટનનું આયોજન કર્યું. કલ્યાણતીર્થ ધોધને જોવા ટેકરીઓ પર ચઢતાં વિદ્યાર્થીઓની સલામતી અર્થે અય્યર ધોધની પાસે ઊભા રહીને વિદ્યાર્થીઓને રસ્તો પાર કરાવતા હતા. બીજા વિદ્યાર્થીઓની જેમ તેમની પુત્રી સુભદ્રા નદી પાર કરતી હતી ત્યારે ધોધનાં વહેતાં પાણીમાં એકાએક લપસી પડી. પડતી પુત્રીની ચીસ સાંભળી તેને બચાવવા તેઓ તુરત કૂદી પડ્યા. તણાતી પુત્રીના માથાનો ચોટલો તેમના હાથમાં આવી ગયો, પરંતુ વેગથી વહેતા પાણીની તાણમાં તે હાથમાંથી છટકી ગયો અને પિતા-પુત્રી બંને એ વેગીલા વહેણમાં ગરક થઈ ગયાં. ઈ. ૧૯૨૫ની ૩ જૂનનો એ દિવસ ગોઝારો નીવડ્યો. દેશના એક પરમ ભક્ત આમ પુત્રીની પાછળ એ પાણીની સાથે વહી ગયા.

અય્યરના આ અપમૃત્યુ પછી 'ભારદ્વાજ આશ્રમ' ગાંધીજીને સોંપવામાં આવ્યો. આજે પણ આ આશ્રમ યોગ જેવી આધ્યાત્મિક પ્રવૃત્તિઓ તેમ જ શિક્ષણ-કાર્ય કરે છે. આશ્રમની પ્રવૃત્તિના વિકાસરૂપે 'શ્રી રામકૃષ્ણ તપોવનમ્' નામની સંસ્થા પણ સ્થપાઈ છે. જે યોગ જેવી મહત્ત્વની પ્રવૃત્તિ સાથે નિશાળો અને કૉલેજોનું સંચાલન પણ કરે છે. શિક્ષણ તેમ જ ગાંધીજી સાથેની મુલાકાત પછીનું એમનું જીવન સાવરકર અને ગાંધીજીની વિચારસરણીના સુભગ સમન્વય સમું હતું. સ્વાતંત્ર્યપ્રીતિના ધગધગતા જ્વાળામુખી સમું એમનું જીવન દેશદાઝ રાખનાર સૌ કોઈને માટે પ્રેરક બની રહેશે. □

ઘરગથ્થુ ઓસડિયાં

કૉફી

કૉફી ભલે આપણા ઘરમાં રોજિંદા પીણા તરીકે વપરાતી ન હોય તો યે મહેમાનો માટે પણ મોટે ભાગે રાખવામાં આવે જ છે. જો કે રોજિંદા પેય તરીકે તેનો વપરાશ આજકાલ વધી રહેલો લાગે છે. પણ તે બજારુ-ઈન્સ્ટન્ટ કૉફીની આપણે વાત કરતા નથી. આ તૈયાર કૉફીમાં ચિકોરી વગેરે મિશ્રિત હોય છે. અસલ કૉફી તો બુંદદાણાને શેકીને દળીને બનાવાય છે. કૉફી બૉર્ડ દ્વારા આવી શુદ્ધ કૉફી વેચાય છે. આવી શુદ્ધ કૉફી સ્વાદમાં કડવી, તાસીરે ગરમ, લુખ્ખી, હલકી અને હૃદયને હિતકારી છે એમ આયુર્વેદનો અભિપ્રાય છે. આવી કૉફી વાતશામક, પિત્તવર્ધક, જંતુઘ્ન અને દુર્ગંધનાશક છે.

અલબત્ત, વધુ પડતી કૉફી નાખીને તેને 'સ્ટ્રૉંગ' બનાવીને પીવાથી લાભના બદલે નુકસાન થાય છે. પણ પ્રમાણસર માત્રામાં કૉફી લેવાય તો તે—

૧) થાક અને આળસ દૂર કરે છે. ૨) અગ્નિ વધારી ખોરાક પચાવે છે. ૩) વાયુનું અનુલોમન કરે છે. ૪) ઝાડાને બાંધે છે અને રોકે છે. ૫) હૃદયને બળ આપે છે. ૬) રક્તભાર મટાડે છે. ૭) સોજા ઉતારે છે. ૮) શ્વાસ અને ઉધરસમાં લાભ કરે છે. ૯) પેશાબ તુરત અને છૂટથી લાવે છે. ૧૦) શરીરની ધાતુને પોષણ આપે છે. ૧૧) તાવના રોગીને લાભકર છે અને ૧૨) ઉટાંટિયામાં બાળકને આપવાથી ફાયદો થાય છે.

વૈદ્ય નવીનભાઇ ઓઝા

છીછરાં પાણી

શિવકુમાર જોષી

'અરે સાહેબ તમે તો સિંહની જેમ ગરજતા હતા. વિધાનસભામાં તમે પગ મૂકો ને સામેના મંત્રીઓની પાટલી ઉપર હલચલ મચી જતી, ગુસપુસ તો એવી કે…'

અનંતે વડીલ રાજપુરુષ નિર્ભયશંકરને એમની સમાધિમાંથી બહાર લાવવા ઘણો પ્રયત્ન કર્યો. તેણે જોયું હતું કે રાજકારણમાંથી નિવૃત્ત થયા પછી નિર્ભયશંકરના મુખ ઉપરનું ઓજસ ધીરેધીરે આથમતું જતું હતું.

એમને માટે જાણે ખાસ વણાવવામાં આવતું હોય તેવું પૂરું પચાસ ઇંચ પનાનું ધોતિયું પણ માંડ એમના ગોઠણ સુધી પહોંચતું! પણ તેમાં વાંક ધોતિયાના પનાનો ન હતો. નિર્ભયશંકરની એ ખાસીઅત જ હતી કે જે હાથે ચઢે તેને બિન-અગત્યનું બનાવીને જ એ ઝંપે. ક્યારેક ઉત્સાહમાં આવીને એ બોલી પણ બેસે, 'શાળાના શિક્ષકમાંથી રાજકારણની આ મોટી મહેલાત ગણાય તેવી વિધાનસભાનાં પગથિયાં ચઢ્યો ત્યાં સુધી એક જ કામ પાર પાડયું છે. આજુબાજુની દુનિયા હમેશાં મને વામનોથી વસેલી હોય એવું જ લાગ્યા કર્યું છે. હજી યે જાણે શાળામાં વર્ગ લેવાનું ચાલુ જ છે. સામે બેઠેલા વિધાનસભાના ચૂંટાયેલા સભ્યો હોય કે પછી લાલદરવાજાના મેદાનમાં યોજાએલી જાહેરસભા હોય, એ સૌ શ્રોતાઓ મને બચુકલા જ લાગે છે.'

પૂરો પાંચ હાથ ઊંચો કસરતી દેહ, ચોડી છાતી અને પાંસઠ પાર કર્યાં છતાં યે હજી એક ગામથી બીજે ગામ એ પગપાળા જતા હોય ત્યારે અનંત કે એમના બીજા જુવાન સાથીઓ નિર્ભયશંકરનાં પગલાં સાથે પગલાં મેળવીને ચાલતાં હાંફી જતા. એમને રાજી રાખવાના ઇરાદાથી નહિ, પણ બચપણથી અખાડો પણ એમની નજર નીચે સેવ્યો હોઈ, ગુરુસ્થાને સ્થપાઈ ચૂકેલા નિર્ભયશંકરને, એવા વિરાટ સ્વરૂપે જ અનંત જોતો આવતો હતો. ગુરુ છે તો વિરાટ – મહામાનવ, અને પોતે એમની છત્રછાયા નીચે જ ઊછરવા ટેવાયેલો હોઇને પોતાની જાતને વામન તરીકે સ્વીકારતાં અનંતને ક્યારેય સંકોચ થતો ન હતો. અને એમાં એનો દોષ પણ કઈ રીતે?

ચુસ્ત ગાંધી-સંપ્રદાયવાળા ગણાતા કંઇક વિદ્યાવ્યાસંગીઓની વચમાં, વર્ષો પસાર થતાં નિર્ભયશંકર ધીરેધીરે પોતાનાં પ્રચ્છન્ન પરિમાણોથી સભાન બનતા ગયા હતા.

શાળા છોડી અને ગરીબમાં ગરીબ કે પછાતમાં પછાત ગણાતા ગામડામાં ધૂણી ધખાવવાની શરૂઆત તો એમણે જો કે કરી, પરંતુ સ્વાતંત્ર્ય આવ્યા પછી નિર્ભયશંકરને સમજાવા માંડયું કે દલિતોદ્ધારની ભલેને સાત યોજના એ વિચારે, પરંતુ જ્યાં સુધી એ સૌ યોજનાને અમલમાં મૂકવા માટેની સત્તા હાથમાં ન આવે ત્યાં સુધી…

'હા, અનંત, તને કઈ રીતે સમજાવું? સૌ સત્તાસ્થાનનો વિરોધ કરનાર હું આજે સત્તા મેળવનારાઓની ટીકાટિપ્પણી કરતો રહેતો છતાં, અંદરખાનેથી સત્તાની તૃષ્ણા સેવી રહ્યો છું… તને તો ખબર છે કે મુખ્ય મંત્રીની ખુરશી ઉપર ગોઠવાયો હોઉં તો પણ આ જ ઘૂંટી સુધી માંડ પહોંચતું કવોણું ધોતિયું, ઈસ્ત્રી વગરનો કોકડી ખાદીનો જભ્ભો, બન્ને ખિસ્સામાં ઠાંસીઠાંસીને ભરેલાં કાગળિયાંના ભારથી ઝૂલી પડતી પહુની બંડી અને…

'અને સ્વર્ગસ્થ રાજેન્દ્રપ્રસાદની જેમ ગમે તે કોણે ગોઠવાયેલી, ઈસ્ત્રીબંધ હોય તો યે ઠીક, ઘડી ભાંગી ગઈ હોય તો યે ભલે, હા અનંત, એવી વાંકીચૂંકી ટોપી, સાથે જ એ આસને હું તો બેસું.'

'પણ તો, ગુરુજી, તમે વિધાનસભ્યો કે જેમના મત ઉઘરાવીને એ આસન સુધી પહોંચવા ધારો છો તે મતદારો ઉપર છાપ નહિ પાડી શકો. રાજકારણમાં પડેલા બાબુ રાજેન્દ્રપ્રસાદ અને પંડિત નેહરુ, બેમાંથી કોનામાં અક્કલ વધારે, યા તો કોણ મોટો દેશપ્રેમી કે જેલમાં વધુ વર્ષો કોણે ગાળ્યાં હતાં તે જોવા પ્રજા ન ઊભી રહી. જીવ્યા ત્યાં સુધી વડા પ્રધાન બની રહ્યા પંડિત જવાહરલાલ નેહરુ, જ્યારે રાજેન્દ્રબાબુને શિક્ષણમંત્રીપદ ઉપરથી પણ છેવટે ઉગારી લઇને રાષ્ટ્રપતિપદે સ્થાપેલા. હવે યાદ કરે છે કોઈ રાજેન્દ્રબાબુને? તમે ન માનો ગુરુજી, પણ કોઈ શાસ્ત્રીજીએ, ના ના, લાલબહાદુર શાસ્ત્રીજીએ નહિ, કોઈ ફાલતુ માણસ પણ નહિ હોય, પૂરો વ્યવહારુ ને જાણકાર એવા સજ્જન કોઈ શાસ્ત્રીએ જણાવેલું કે વાસો હિ પ્રધાનં ખલુ યોગ્યતાયાઃ–કપડાં જ તમારી યોગ્યતા-અયોગ્યતા નક્કી કરે છે. ક્ષીરસમુદ્રે લક્ષ્મી સોંપ્યાં પીતાંબર વિષ્ણુ ભગવાનને, અને દિગંબર શંકર ભગવાનને, આપ્યું હળાહળ ઝેર…'

'તું આવી બધી વાતો મને કરે છે અનંત? હવે આ વયે શું હું ટેરિનખાદીના બુશકોટ કે સફારી પહેરવા માંડું?'

અનંત જે કહેવા આવ્યો હતો તે કહેવાની આ જ તો સાચી ક્ષણ હતી એમ એને લાગ્યું, અને બે-ચાર વાર ગળું ખોંખારી બોલ્યો: 'ગુરુજી…'

'ક્યારનો કશું કહુંકહું કરે છે તો બોલી નાખને વળી.'

'જ્યારથી તમે રાજકારણમાંથી ક્ષેત્રસંન્યાસ જાહેર કર્યો તે દિવસથી જાણે તમે ખોવાયા-ખોવાયા લાગો છો. તમારું તેજ, તમારી વાણી, તમારી રૂઆબદાર ચાલ, બધું જ જાણે તમને છાંડી જાય છે. ગુસ્સો ન કરો તો આવી અવસ્થામાંથી છૂટવાનો રામબાણ ઈલાજ સૂચવું.'

માથા ઉપરની ગાંધીટોપી હતી તે કરતાં યે વધારે ત્રાંસી રીતે નિર્ભયશંકરે ગોઠવી. ચશ્માં ઉતારી ધારીધારી ને એમણે થોડી ક્ષણો અનંત સામે જોયા કર્યું. પછી અનંતના ખભે હાથ મૂક્યો. અનંત વકીલ હવે પ્રધાનમંડળના અમુક સભ્યોને વાદેવાદે સફેદ ખાદીના પેન્ટ ઉપર રૉ-સિલ્કનું બુશશર્ટ પહેરતો થએલો.

'સાચું કહું અનંત? બે સામસામા છેડાની બાબતો મને ખેંચી રહી છે. ગજગ્રાહ વેળા હાથીની થઈ હશે એવી અવસ્થામાંથી હું પસાર થઈ રહ્યો છું અત્યારે.'

'ખોટી સરખામણી કરી ગુરુજી. તમારા મનમાં ગજગ્રાહ નહિ પણ સમુદ્રમંથનની પીડા છે, એટલે કે સમુદ્રમંથનને અંતે શેષનાગને જેવી પીડા અનુભવાઈ હશે તેવી.'

'શિષ્ય હજો તો આવો હજો. હું મુખ્ય પ્રધાન થયો હોત તો…'

'એવું બધું હવે યાદ નહિ કરવાનું. ગુજરાતને હવે પાંત્રીસ-ચાલીસની વયના સંચાલક પ્રધાનની જરૂર છે. સંચાલક મુખ્ય પ્રધાન. સાઠ વર્ષની વય પાર કરી ગયેલાઓએ ક્યાં તો રાજ્યપાલ બનવું જોઈએ, અથવા તો પરદેશોમાં ભારતના રાજદૂત કે પછી રાષ્ટ્રપતિ.'

'એવીએવી વાતો હવે નથી સારી લાગતી. હું હારેલો નહિ, થાકેલો યોદ્ધો છું, અને એ થાક પણ શરીરનો નહિ. તને તો ખબર છે હું પગપાળા બદ્રીકેદાર અને અમરનાથની યાત્રા કરી આવ્યો છું, તાજેતરમાં જ; ને ઇચ્છા તો છે, ચીન સાથેના સંબંધો સુધરે તો માનસરોવર અને કૈલાસની યાત્રા પણ કરું.'

'પ્રાયશ્ચિત્ત માટે. ગુસ્સો ન કરશો ગુરુજી. હું શેષનાગની જે પીડાની વાત કરતો હતો, કદાચ તમે જ મને એ વાત કહેલી, પણ જાતે ભૂલી ગયા લાગો છો. સમુદ્રમંથનને અંતે દેવો જીત્યા કે દાનવો તે તો કોણ જાણે, પણ બિચારા શેષનાગનાં તો હાડકાં-પાંસળાંના કદાચ ભુક્કા ઊડી

ગયા હશે. અને તુરત સમુદ્રમાં ડૂબકી મારીને એ જે લંબી તાણી છે! તમારે પણ ગુરુજી પ્રાયશ્ચિત્ત અથવા તો પુણ્યસંચય...મારી નજરે રાજકારણવાળાઓ માટે તો બન્ને અવસ્થા સરખી જ ગણાય.'

'બોલ અનંત, બોલ્યે જા. હમણાં તું વારાણસીથી પાછો ફર્યો ત્યાર બાદ આવી પાપપુણ્ય અને પ્રાયશ્ચિત્તની વાતો કરતો થઈ ગયો છે.'

અનંત થોડું ખસીને નિર્ભયશંકરની પાટલીની નજીક બેઠો, જમીન ઉપર, ફરી વાર ગળું સાફ કરી લગભગ વિનાર્થંભે બોલી ગયો, 'સાચી વાત છે ગુરુજી. વારાણસીમાં એક સાયકલ-રિક્ષાવાળો મળી ગયો. મેં કહ્યું ભૈયા મારે સારનાથ જવું છે, શું ભાડું લઈશ? પણ ભાડાની વાત જ એણે સાંભળી ન હોય તેમ જવાબ ન આપ્યો, માત્ર ઇશારાથી મને રિક્ષામાં બેસી જવા જણાવ્યું.

'સારનાથ પહોંચ્યો. બધું હરીફરીને જોયું. મારું મન તો વશમાં ન રહે. બસ, બુદ્ધં શરણં ગચ્છામિ ને ધમ્મં શરણં ગચ્છામિ એવું એવું રટવાનું જ મન થાય. રિક્ષાવાળો, હું પાછો ફરું એની રાહ જોતો હજી ઊભો જ હતો. કહે, ચલીએ સરકાર, અબ કહાં જાયેંગે? મેં કહ્યું ભાઈશંકરની ધરમશાળા. ત્યાં પહોંચવા આવ્યાં છતાં ભાડાનું તો એ નામ જ ન લે.

'મેં કહ્યું ભલાભાઈ, આમ તો તારું નભે કઈ રીતે? તો કહે, ગુરુજી હવે બરાબર સાંભળજો હો, કહે, આજ તો બુદ્ધ-પૂર્ણિમાનો દિવસ. નક્કી કર્યું છે વર્ષોથી કે આ એક દિવસ જે કોઈ જાત્રાળુ મારી રિક્ષામાં બેસે એની પાસેથી ભાડું ન જ લેવું.'

'ઓહો! એટલે કે વારાણસીમાં રહીને તુંએ પુણ્ય એકઠું કરે છે? મારાથી પુછાઈ ગયું, ગુરુજી.'

અનંતના મુખ ઉપર કશી ઉત્તેજના, કશો હરખ નિર્ભયશંકરની નજરે પડચો. 'હં, હં પછી? એણે કહ્યું હશે કે કોઈ પરદેશી ટુરિસ્ટને પોતે લૂટી લીધો હશે એનું પ્રાયશ્ચિત્ત કરવા ખાતર.'

'ના ગુરુજી, પરદેશી ટુરિસ્ટને નહિ, પોતાના માવિતરને, પોતાનાં સગાંસંબંધીઓ લૂંટચાં હતાં એનું પ્રાયશ્ચિત્ત.'

'એટલે?'

'દેહાતમાંથી બધાં પાસેથી પૈસા માગીભીખીને એણે વારાણસી આવીને રિક્ષા લીધી હતી. માએ પોતાનો ચાંદીનો અછોડો અને બાપે પગનો તોડો ઉતારી આપેલો અને કહેલું કે દીકરા તું કમાય ત્યારે એકાદ વાર ભગવાનની જાત્રા કરાવજે, પેલા શ્રવણે આંધળાંપાંગળાં માબાપને કરાવી'તી તેવી. પણ પૈસા આવતા ગયા તેમતેમ વાપરતો જ ગયો. વારાણસી જેવું પુણ્યક્ષેત્ર અને સાથેસાથે...તમે સમજ્યાને ગુરુજી?'

'હુમ' નિર્ભયશંકર માત્ર હુંકારો ભણ્યા. અનંત વકીલની નજર એમના મુખ તરફ ન હતી, માંડીને વાત કહેવામાં જ એ તો મશગૂલ હતો, નહિતર નિર્ભયશંકરના મુખ ઉપરથી ઊડી ગએલું લોહી, અથવા તો કહોને કે સાવ ફિક્કો પડી ગએલો ચહેરો એની નજરે પડચો જ હોત.

અનંત બોલ્યે ગયો, 'અને ભાઈશંકરની ધરમશાળાને બદલે એ મને લઈ ગયો ગંગાપાર. ત્યાં માટીની ભીંતો અને ઘાસનાં છાપરાંવાળી ઘોલકીઓની બાજુમાં જમીનનો એક નાનો સરખો સુઘડ કટકો, તેની વચમાં એનું એક નાનકડું ઝૂંપડું હતું. આસપાસ બગીચો બનાવ્યો હતો એ રિક્ષાવાળા શિવરામે. મને કહે, 'બેસો, ભાઈશંકરની ધરમ-શાળામાં ઊતર્યા છો એટલે ગાંધીના ગુજરાતમાંથી આવ્યા હશો. દેખિયે, યહ સબ હમને યહ પિછલે કુછ બરસો મેં ખડા કિયા, ભાઈસા'બ.' આજુબાજુ નજર કરી, ઝૂંપડપટ્ટી તરફ આંગળી ચીંધી શિવરામે પો-તાની વાત આગળ ચલાવી. કહે, કેળો ઉપર કેળાની લૂમ બેસે, કે પેલા આંબાને કેરીઓ આવે, યા આ જામફળી ઉપર ફળ પાકે કે પડોશનાં છોકરાં-છૈયાંને બોલાવીને વહેંચી દઉં છું. સબ્જી પણ ઉગાડું છું. જેવી મોસમ તેવાં શાકપાન. મારાં પૂરતાં રાખીને બાકીનું આ સૌને વહેંચી દઉં છું. માબાપને તો જાત્રા ન કરાવી શકચો, પણ માનશો, ભાઇસા'બ? આ બધાં મારાં માબાપ ગણો, સગાંવા'લાં ગણો, ગયા જનમનાં લેણિયાત ગણો એમને બધું વહેંચી દઉં છું અને ત્યારે મનમાં થાય છે કે દેવામાંથી છૂટું છું.'

નિર્ભયશંકરની નજર જમીન ઉપર ચોંટી ગઈ હતી. એમના હાથ-નાં આંગળાં એકબીજામાં ભીડાયે જતાં હતાં. ક્યાંય સુધી એ કશું ન બોલ્યા, કદાચ બોલી શકચા જ નહિ. અનંત વકીલે પાણીનો ગ્લાસ સામે ધર્યો, નિર્ભયશંકરે બે ઘૂંટડા પાણી ગળે ઉતાર્યું. ગળું સાફ થયું, પગમાં પણ જોર આવ્યું.

'મારે એ શિવરામને મળવું છે, અનંત. સાંભળે છે શું કહું છું? હવે તો અમદાવાદથી સીધી ટ્રેન વારાણસી જાય છે ને? મારી ટિકિટ કઢાવી લે અનંત. અને તું સાથે ન આવે તો ભલે, પણ મને એ શિવ-રામનું ઠેકાણું લખી આપ, હું ત્યાં જઇને શોધી લઈશ.'

અનંતને નવાઈ લાગી, અને સારું પણ લાગ્યું. છતાં એણે વચમાં એક યા બીજા બહાને બે-ચાર દિવસ વીતાવી દીધા. અંતે વળતે દિવસે બે ટિકિટ લઇને એ નિર્ભયશંકર પાસે આવીને ઊભો રહ્યો.

'ચાલો ગુરુજી, નર્મદાની યાત્રાએ. તમે જ મને કહેતા'તાને કે જૂના વખતમાં બંગાળના કંઈક વિપ્લવીઓ ત્યાંથી નાસીને નર્મદાતટે આવી સાધુસંન્યાસી બનીને છદ્મવેષે જીવન વ્યતીત કરતા હતા? તો તમારે છેક વારાણસી સુધી જવાની શી જરૂરત છે? નર્મદા, સિન્ધુ, કાવેરી બધાં જ તીર્થસ્થળ તમારે મારે માટે સરખાં. પ્રાયશ્ચિત્ત તો ગમે ત્યાં થાય. ધૂણી ધખાવીશું. ને ગામડાગામના લોકોની સાથે હળીમળી જઈશું. એ જ તમારી વિધાનસભા ને એ જ લોકસભા, અને તમે ત્યાંના પંતપ્રધાન વળી!'

ચાણોદની નર્મદાના પ્રવાહમાં ગુરુશિષ્યે સાથે ડૂબકી મારી પણ અનંત એકલો જ બહાર નીકળી શકચો!

અનંત બધે કહેતો ફરતો હતો, 'ના, ગુરુજી આપઘાત તો ન જ કરે. પ્રાયશ્ચિત્તની એમની વ્યાખ્યા કદાચ બદલાઈ ગઈ. એક વાર એ બોલી ગયેલા, 'અનંત ક્યારેક થાય છે કે રાજકારણમાં પડેલા અમે સૌ એક સાથે ઢાંકણીમાં ડૂબી મરીએ. એમને ઢાંકણીનાં પાણી કદાચ છીછરાં લાગ્યાં હોય, પોતાનાં પૂરતાં, કોને ખબર?' □

આ અંકનું મુખચિત્ર: ગયા જુલાઈ માસના અંક (૯૯૧)માં જેમનો પરિચય આપ્યો હતો તે કલાકાર વજુભાઇ ભગતે પોતાની આગવી કલાદૃષ્ટિની પ્રતીતિ કરાવતાં મુંબઇના જીવનનાં કેટલાંક દૃશ્યો ચિત્રિત કર્યાં છે. સામાન્યતઃ ચિત્રવિષય માટે આકર્ષક ન લાગે તેવાં સ્થળ, ઘટના કે દૃશ્યોમાં યે તેઓ કંઇક કલાત્મક શોધી કાઢે છે, અને પછી અતિ અલંકૃત પણ નહિ કે બિલકુલ વાસ્તવિક પણ નહિ એવી સાદાઇભરી સરળ અને સહજ શૈલીથી તેને ચિત્રમાં ઉતારે છે. ચિત્રાંકનમાં તેઓ ભારતીય પ્રણાલિકાના ચાહક છે અને આધુનિક ચિત્રવિષયોને પણ સફળતા-પૂર્વક સ્વદેશી શૈલીમાં રજૂ કરવામાં એમની કલાપ્રતિભાની મૌલિકતા પ્રકટ થાય છે. આ અંકનું મુખચિત્ર–'મોટા ઘરની આયાઓ' આવું જ એક ઉદાહરણ છે. કોઇ જાહેર સ્થળના એકાદ એકાંત ભાગમાં પોતાના સાહેબોનાં બાળકો અને શ્વાનને ફેરવવા આવતી જુદીજુદી જાતિની આયાઓનાં રોજિંદાં મિલન અને એમની ગપસપનો કાયમી ક્રમ એ કંઇ એકદમ આકર્ષે તેવો ચિત્રવિષય નથી જ, પણ કલાકારની આંખે તેમાં યે ચિત્રવસ્તુ ખોળી કાઢયું છે અને એ એમણે સાદાઇથી અને સચોટતાપૂર્વક ચિત્રાંકિત કર્યું છે. તેજ-છાયાના રંગપલટા વિના માત્ર રેખાંકન અને સપાટ રંગો વડે પણ એમણે ચિત્રમાં સફળતાપૂર્વક ત્રીજા પરિમાણ-ઊંડાણનો પણ જે ભાસ ઉમેર્યો છે તે યે તેમની એક સિદ્ધિ છે. □

ભારતની બાલિકા અને વયોવૃદ્ધા નદીઓ

—વિજયગુપ્ત મૌર્ય—

ભારતના ભાવિક હિંદુઓ આજે પણ પ્રાતઃકાળે ગંગા યમુના સરસ્વતી ગોદાવરી વગેરે પવિત્ર નદીઓનાં નામોચ્ચારો સાથે સ્નાન કરે છે, જેથી તેમને તે નદીઓનાં જળથી સ્નાન કર્યાનું પુણ્ય મળે. શાળામાં વિદ્યાર્થીઓ આપણી નદીઓનાં નામ ગોખે છે, પત્રકારો જળબંધ-સિંચાઈ-વીજળી-યોજનાઓના સમાચાર સાથે નદીઓનાં નામ આપે છે, પરંતુ આજે આપણે આ લોકમાતાઓનો જુદી જ દૃષ્ટિએ પરિચય કરીએ.

ભરતખંડનો પ્રાકૃતિક નકશો જુઓ તો તેમાં નદીઓ ભારતમાતાની કાયામાં રક્તવાહિનીઓ જેવી લાગે છે. પરંતુ ભરતખંડનું આ સ્વરૂપ એકસાથે ઘડાયું નથી. અને આ બધી નદીઓ એકસાથે ઉત્પન્ન થઈ નથી. ભરતખંડનો પહેલો ભાગ કન્યાકુમારીથી વિન્ધ્યાચલ પર્વતમાળા સુધીનો હતો જે ગોંડવાના નામના મહાખંડમાંથી જુદો પડ્યો. પૃથ્વીની પ્રાચીનતમ ધરતીનો એ એક ભાગ છે, આથી તેની ઉપર વહેતી નદીઓ પણ દુનિયાની સૌથી વધુ વૃદ્ધ કે પ્રાચીન નદીઓ ગણાય છે.

ગોંડવાના મહાખંડમાંથી બીજા ખંડો છૂટા પડીને દૂર જતા રહ્યા પછી વિંધ્યાચળથી કન્યાકુમારી સુધીનો જે ઉપખંડ રહ્યો તેમાં કરોડો વર્ષના ઇતિહાસ દરમિયાન ઘણી ઊથલપાથલો થઈ છે. કોઈ કોઈ વાર તેના મોટા ભાગમાં તિરાડો પડીને તેમાંથી ધોધમાર લાવારસ નીકળતો હોઈ કોઈ વાર આ ઉપખંડના કેટલાક ભાગ પર સમુદ્ર ફરી વળતો હતો. આથી તે ધરતી પર ત્યારે જે કોઈ નદીઓ વહેતી હોય તેમને વિક્ષેપ થતો હતો. તેમ છતાં એમ કહી શકાય કે સૌરાષ્ટ્રની તથા વિંધ્યાચલ-સાતપુડાની દક્ષિણની નદીઓ—ગોદાવરી, કૃષ્ણા, કાવેરી, તુંગભદ્રા વગેરે ભરતખંડની સૌથી પ્રાચીન નદીઓ છે. નર્મદા, તાપી વગેરેનો પણ તેમાં સમાવેશ થાય છે, પરંતુ ગુજરાતની નદીઓને તેમની વિશિષ્ટતાઓ છે તેથી તેમના વિશે આપણે બીજી કોઈ વાર વિચાર કરીશું. વિંધ્યાચળની ઉત્તરે 'ટિથિસ' અથવા ભૂમધ્ય સમુદ્ર હતો, જે પશ્ચિમે અત્યારે યુરોપ અને આફ્રિકાની વચ્ચે આવેલા ભૂમધ્ય સમુદ્ર સાથે જોડાએલો હતો. પૃથ્વીનો પોપડો સળંગ નથી, તેમાં નાનીમોટી ઘણી તક્તીઓ (Plates) છે, જે કેટલેક ઠેકાણે એકબીજાની સામે દબાય છે. આ તક્તીઓની સાથે ખંડો પણ સરકે છે. ટિથિસ સમુદ્રમાં પડતી નદીઓ તેમાં કાંપ ઠાલવીને કરોડો વર્ષથી તેને છીછરો બનાવી રહી હતી. તદુપરાંત સમુદ્રમાં પણ જીવો અને વનસ્પતી કાંપ બનાવે છે, જે તેના તળિયે એકઠો થયા કરે છે. કંઈ નહિ તો ૨૦ કરોડ વર્ષથી ટિથિસ સમુદ્રમાં કાંપ એકઠો થતો હતો. ઉપખંડના તળિયા નીચેની તક્તી ઉત્તરમાં ખસતી હતી અને ઉત્તરની તક્તી સાથે દબાણ કરતી હતી. તેના પરિણામે સમુદ્રનું તળિયું ઊંચકાવા લાગ્યું. ઊંચકવાની આ ક્રિયા ધીમી અને તબક્કાવાર હતી. આશરે છ કરોડ વર્ષ પહેલાં આ પ્રક્રિયા શરૂ થઈ, અને સમુદ્રનું તળિયું ઊંચકાઇને હિમાલય બન્યો. એ પ્રક્રિયા મુખ્યત્વે ત્રણ મહત્ત્વના તબક્કામાંથી પસાર થઈ. તળિયું બહાર આવ્યા પછી તેની અને વિંધ્યાચળની વચ્ચે છીછરો સમુદ્ર રહ્યો હતો, જેની વચ્ચે આજે રાજસ્થાન છે, ત્યાં સમુદ્રમાંથી અરવલ્લી પર્વતમાળા ઊભી હતી. આ પર્વતમાળા દુનિયાના સૌથી પ્રાચીન પર્વતો પૈકીની ગણાય છે, ને તેના પ્રાચીનતમ ખડકો સાડા ત્રણ અબજ વર્ષ જૂના છે.

જ્યારે સમુદ્રનું તળિયું બહાર આવ્યું ત્યારે તેની ઉપર વરસાદ વરસવાથી નદી-નાળાં રચાવા લાગ્યાં. ટિથિસ સમુદ્રમાંથી ઊંચકાયેલું તળિયું કાંઇ નાનું ન હતું. તેમાં હિમાલય, તિબેટ, કારાકોરમ, હિંદુકુશ, પાકિસ્તાનનો પહાડી પ્રદેશ, અફઘાનિસ્તાન, ઇરાન ને પશ્ચિમ એશિયાના ઘણા દેશોનો સમાવેશ થાય છે. પશ્ચિમ એશિયાના કેટલાક દેશો બહુ તેલસમૃદ્ધ છે તેનું કારણ એ છે કે તેઓ અને તેમના પહાડો વિવિધકાળે ઊંચકાઇને બહાર આવેલા છે.

નદીઓ વહેતી રહી અને સમુદ્રના તળિયેથી આવેલી ધરતી જેમજેમ ઊંચકાતી ગઈ તેમતેમ તેની સાથે નદીઓ પણ ઊંચકાતી રહી. જે ત્રણ મહત્ત્વના અને મુખ્ય તબક્કામાં હિમાલય ઊંચકાયો તે પૈકી પહેલો તબક્કો આશરે ત્રણ કરોડ વર્ષ પહેલાં પૂરો થયો. તેણે પર્વતમાળાઓની ધાર બનાવી. તે પછી આશરે બે કરોડ વર્ષ પહેલાં હિમાલયમાં વધુ મોટી ઊથલપાથલ થઈ. જેમાં હિમાલયની મધ્યની ઊંચી પર્વતમાળાઓ રચાઈ, અને હિમાલયની દક્ષિણે શિવાલિકની ડુંગરમાળાઓ બની. ત્રીજા તબક્કામાં આશરે એક કરોડ વર્ષ પહેલાં હિમાલયને વર્તમાન સ્વરૂપ મળ્યું. તેમાં શિવાલિકમાં ઉમેરો થયો. તે પછી આજથી આશરે ૩૦ લાખ વર્ષ પહેલાં પૃથ્વી પર ઘણું કરીને પૂર્વ આફ્રિકામાં મનુષ્ય પ્રગટ્યો ત્યારે પણ હજી હિમાલય ઊંચકાઈ રહ્યો હતો. કેટલાક વિદ્વાનો એમ માને છે કે ઊંચકાવાની પ્રક્રિયા હજી તદ્દન શમી નથી. જે ખડકો ઊંચકાયા તેમની ઉપર સમુદ્રના કાંપના થરો હતા. તેમાંથી ઘણો કાંપ નીચે આવી પડ્યો અને તેણે શિવાલિકના સર્જનમાં ફાળો આપ્યો. હરદ્વાર નૈનીતાલ, મસૂરી વગેરે સ્થળે જે ડુંગરમાળાઓ જોવા મળે છે તે શિવાલિકની છે. જેમજેમ હિમાલય ઊંચકાતો ગયો તેમતેમ તેની સાથે ઊંચકાતી નદીઓ પણ પોતપોતાનો માર્ગ કરવા લાગી. જોકે હિમાલયમાં તેમના માર્ગમાં બહુ ફેર પડ્યો નથી. આમ હિમાલયમાંથી આવતી આપણી નદીઓ ભરતખંડની સૌથી નવી અને બાળ વયની અથવા કિશોર વયની નદીઓ છે. જો અરવલ્લીની પર્વતમાળાએ ૩૫૦ કરોડ વર્ષના વાયરા અનુભવ્યા હોય તો માત્ર બે-ચાર કરોડ વર્ષની વયની હિમાલયની નદીઓ તો કેવળ બાળક જ ગણાય ને? હિમાલયની સૌથી મોટી બે નદીઓ સિંધુ અને બ્રહ્મપુત્ર છે. આ નદીઓ એવડી મોટી છે કે આપણા પ્રાચીન ભૂગોળશાસ્ત્રીઓએ તેમને નારીવાચક નદીઓ કહેવાને બદલે નદ કહ્યા છે. પ્રથમ આપણે સિંધુનો પરિચય કરીએ. મોટા ભાગની સિંધુ હવે પાકિસ્તાનમાં છે, અને તેનું મૂળ તિબેટમાં છે. તેમ છતાં આપણા દેશનું નામ (હિન્દુસ્તાન) સિંધુ પરથી પડ્યું છે. ગ્રીકો અને ઈરાનીઓએ સિંધુનું હિન્દુ કર્યું, અને તેની પરથી આ દેશનું નામ હિન્દુસ્તાન પડ્યું અને હિન્દુસ્તાનમાં રહેનારાઓ હિન્દુ કહેવાયા.

સિંધુમાં પાંચ મોટી ઉપનદીઓ જેલમ, ચીનાબ, રાવી, બ્યાસ (બ્યાસ) અને સતલજ મળે છે. તેથી આ પાંચ નદીઓના પ્રદેશ પંજાબ કહેવાયો. પંજ એટલે પાંચ અને આબ એટલે પાણી અથવા નદી. કાબુલ નદી અફઘાનિસ્તાનમાંથી આવીને સિંધુમાં ભળી જાય છે. તે અને સિંધુ તથા પંજાબની પાંચ નદીઓ મળીને 'સપ્તસિંધુ' નામ બન્યું.

આ નદીઓ જે પ્રદેશોમાં થઇને વહે છે તે પ્રદેશ સપ્તસિંધુના પ્રદેશ તરીકે ઓળખાયો. જો કાબુલ નદીને સપ્તસિંધુમાં ન ગણીએ તો સરસ્વતીને સાતમી નદી ગણી શકીએ. જે સીમલા તરફથી આવે છે અને રાજસ્થાનના રણમાં લુપ્ત થાય છે. પરંતુ પૂર આવે છે ત્યારે તેનાં પાણી સિંધુ સુધી પહોંચી જાય છે.

સિંધુ ચીનના તાબાના તિબેટમાં માનસરોવર પાસેથી નીકળી કાશ્મીરના લદાખ પ્રદેશમાં પ્રવેશીને પાકિસ્તાનના કબજાના કાશ્મીરમાં થઈને પાકિસ્તાનમાં પ્રવેશે છે. આપણી હદમાં સિંધુનો પટ બહુ થોડો છે અને તે પણ એવા પહાડી પ્રદેશમાં છે કે ખેતી માટે તેનો ઉપયોગ થઈ ન શકે. સિંધુનું મૂળ ૫૧૮૨ મિટર ઊંચે છે. કાશ્મીરમાં પ્રવેશે છે ત્યાં પણ એ ૪૨૦૬ મિટર ઊંચે વહે છે. આમ, ભારતની સંસ્કૃતિનું ઉદ્ભવસ્થાન સપ્તસિંધુનો પ્રદેશ હોવા છતાં આપણા માટે સિંધુ હવે લગભગ વિદેશી નદી બની ગઈ છે.

એવું જ બ્રહ્મપુત્ર વિષે છે. તેનું મૂળ માનસરોવર અને રાખસતાલ (તાલ એટલે સરોવર)ની પૂર્વમાં છે અને હિમાલયની પર્વતમાળાની પાછળ લગભગ સમાંતર રહીને તે પૂર્વમાં છેક અરુણાચલમાં થઈને આસામમાં પ્રવેશે છે. ભારતની હદમાં તે એવા સાંકડા કોતર દ્વારા નીચે ઊતરે છે કે આવો વિશાળ મહાનદ આવા સાંકડા કોતરમાં સમાઈ જાય છે એ જોઇને આશ્ચર્ય થાય. સિંધુની જેમ બ્રહ્મપુત્રનાં મૂળ અને મુખ બંને વિદેશોમાં છે. તિબેટમાં ૩૬૫૦ મિટરની ઊંચાઇએ પણ તેની ઉપર નૌકાવ્યવહાર ચાલે છે. ત્યાં તે એક ધોરી જલમાર્ગ છે. આસામમાંથી તે બંગલાદેશમાં પ્રવેશે છે, અને સુંદરવનના ટાપુઓ બનાવી શતમુખે બંગાળના ઉપસાગરમાં સમાઈ જાય છે.

હિમાલયમાંથી આવતી બાળક કે કિશોરવયની નદીઓ સિન્ધુ અને બ્રહ્મપુત્રને બાદ કરતાં સૌથી મોટી નદી ગંગા છે. તેને મહદ અંશે આપણી પોતાની નદી કહી શકાય. કારણ કે ગઢવાલ હિમાલયમાં જ્યાં તેનાં સહસ્ર મૂળ સ્રોત છે તે આપણા દેશમાં છે. પરંતુ આપણા બંગાળમાં આવ્યા પછી ગંગાનો એક મોટો ફાંટો બંગલાદેશમાં પ્રવેશે છે અને નાનો ફાંટો હુગલીના નામે ઓળખાઇને સમુદ્રમાં પડે છે. હુગલી પર કલકત્તા બંદર આવેલું છે.

સપ્તસિંધુની નદીઓએ તેમ જ ગંગા જલતંત્રની નદીઓએ વારંવાર પોતાનાં વહેણ બદલ્યાં છે. સપ્તસિંધુની નદીઓની વૃત્તિ પશ્ચિમ તરફ જતા રહેવાની રહી છે. કદાચ એ કારણે સિંધુ-સંસ્કૃતિના નાશમાં તેમણે ફાળો આપ્યો હોય. હિમાલયમાંથી આવતી પંજાબની પાંચ નદીઓ દક્ષિણ તરફ વહેતી હતી તે ઇતિહાસકાળ દરમિયાન વધુ ને વધુ પશ્ચિમ તરફ ખસીને સિંધુને મળી ગઈ છે. આશ્ચર્યની વાત એ છે કે યમુના પણ દક્ષિણ-પશ્ચિમે વહેતી હતી તે દક્ષિણ-પૂર્વે વહેતી થઈ ગઈ અને પ્રયાગ પાસે ગંગાને મળી ગઈ. ડૉ. વાડિયાએ યમુનાને હિંદુ શાસ્ત્રોની સરસ્વતી તરીકે ઓળખાવેલ છે. તેઓ કહે છે કે વેદકાળમાં તે પંજાબ અને રાજસ્થાનમાં થઇને સમુદ્રમાં વહેતી હતી. અને અત્યારે તેના લુપ્ત પટમાં નાનકડો પ્રવાહ વહે છે તે બીકાનેરના રણપ્રદેશમાં સમાઈ જાય છે. વેદકાળ પછી સમય જતાં સરસ્વતી વધુ ને વધુ પૂર્વ તરફ વહેવા લાગી, અને છેવટે પ્રયાગ પાસે ગંગામાં ભળી ગઈ. આજે પણ પ્રયાગ પાસેનો સંગમ ત્રિવેણીસંગમ તરીકે ઓળખાય છે અને ત્યાં કોઈ પણ ભાવિક તમને કહેશે કે ગંગા અને યમુના ધરતીની સપાટી પર મળે છે ત્યારે ત્રીજી નદી સરસ્વતી ભૂગર્ભમાં મળે છે. ડૉ. વાડિયાના અભિપ્રાય પ્રમાણે યમુના એ જ સરસ્વતી છે.

હિમાલયમાંથી મેદાનમાં ઊતરતી નદીઓ સમયેસમયે વહેણ બદલે છે તેનાં બે કારણો છે: (૧) ગંગા-યમુનાનું મેદાન કોઈ ઠેકાણે સમુદ્રની સપાટીથી ૯૦૦ ફૂટ કરતાં વધુ ઊંચું નથી. સમગ્રપણે મેદાનનો ઢાળ એટલો ધીમો છે કે આ મેદાનમાં વહેતી નદીઓ સુસ્તપણે મંદગતિથી વહે છે. તેથી કાંપ જમા થતો જાય છે. (૨) હિમાલયમાંથી આવતી નદીઓ ત્યાંથી એટલો બધો કાંપ લાવે છે કે આ કાંપ મેદાનમાં તેમના પટમાં પથરાતો રહેવાથી નદીઓ છીછરી બને છે.

ગુજરાતમાં પણ સરસ્વતી નામની એક નદી છે, જે પાટણ પાસેથી પસાર થાય છે, પરંતુ વેદોમાં જેનો ઉલ્લેખ છે તે સરસ્વતી આ નહિ. સિમલાની દક્ષિણેથી નદીના બે પ્રવાહ રાજસ્થાનમાં પ્રવેશે છે, જે પૈકી એક ઘગ્ઘર અને બીજો સરસ્વતીના નામે ઓળખાય છે. તે બંને રાજસ્થાનમાં મળી જઇને રણમાં લુપ્ત થઇ જાય છે, પણ તેનો પટ પાકિસ્તાનમાં સિંધુ સુધી પહોંચે છે અને મોટું પૂર આવે છે ત્યારે તેનું પાણી સિંધુમાં ભળી જાય છે.

યમુના રાજસ્થાનમાં પ્રવેશીને સમુદ્રને મળતી હતી. તે હવે નથી મળતી તેનું કારણ એ છે કે યમુના અને સતલજની વચ્ચે ભૂકંપથી ધરતી થોડી ઊંચે આવી જવાથી દક્ષિણમાં વહેતી આ બંને નદીઓનાં વહેણ બદલાઇ ગયાં. યમુના દક્ષિણપૂર્વમાં વહેવા લાગી અને સતલજ દક્ષિણ-પશ્ચિમમાં વહેતી થઇ ગઇ. પંજાબની પાંચ નદીઓની જેમ સિંધુ પોતે પણ પશ્ચિમ તરફ ખસતી રહી છે. ગંગા-યમુનાના મેદાનનો વધુમાં વધુ ૯૦૦ ફૂટ ઊંચો જે પટ છે, તે જ પટ પંજાબની નદીઓને યમુનાથી જુદી પાડી તેમને અનુક્રમે દક્ષિણ-પશ્ચિમમાં અને દક્ષિણપૂર્વમાં વહેતી કરે છે.

હિમાલય ઊંચકાયા પછી તેની અને વિંધ્યાચલની વચ્ચે જે છીછરો સમુદ્ર રહ્યો તે વિંધ્યાચળમાંથી ઉત્તરે કે ઉત્તર-પૂર્વે વહેતી નદીઓના કાંપ વડે અને વધુ તો હિમાલયની નદીઓના કાંપ વડે પુરાતો રહ્યો અને છેવટે સંપૂર્ણ રીતે પુરાઇ ગયો અને અંતે આ મેદાનના સૌથી નીચા ભાગમાં સાંકડા નાના સમુદ્ર જેવો શિવાલિક મહાનદ રચાયો હતો, તે પણ કાંપથી પુરાઇ ગયો. તે પછી હિમાલયની નદીઓએ આ કાંપના મેદાનમાં જ્યાં ફાવ્યું ત્યાં પોતપોતાના માર્ગ કરી લીધા. આ નદીઓનાં વહેણના આ માર્ગો હજી પણ અફર નથી. ઇતિહાસકાળ દરમિયાન તેમાં ઘણા ફેરફાર થતા રહ્યા છે અને હજી પણ થાય છે. પ્રાચીનકાળમાં એટલે કે વેદકાળની પણ પહેલાં ગંગા સિંધુને મળતી હતી એવી એક માન્યતાનો પણ ડૉ. વાડિયાએ ઉલ્લેખ કર્યો છે. ચીનાબ અને જેલમ અત્યારે જ્યાં મળે છે તેને બદલે અકબરના જમાનામાં ૬૯ માઇલ વધુ દક્ષિણે મળતી હતી. તે સમયે મુલતાન રાવી નદી પર હતું. અત્યારે રાવી ને ચીનાબના સંગમથી ૩૬ માઇલ દૂર છે, અઢીસો વર્ષ પહેલાં બ્યાસ નદીએ પોતાનો પટ ત્યજીને સેંકડો માઇલ ઉપરવાસમાં સતલજને મળી ગઇ. જૂનો પટ હજી પણ મુલતાન અને મોન્ટગોમરી વચ્ચે જોઇ શકાય છે.

ઇ. સ. પૂર્વે ત્રીજા સૈકામાં સિંધુ નદી આજે વહે છે તેનાથી ૮૦ માઇલ પૂર્વમાં વહેતી હતી અને કચ્છના રણમાં પડતી હતી જે તે સમયે અખાત હતો. અત્યારે ઘગ્ઘર-સરસ્વતીનો જે પટ છે તે યમુનાનો પટ હતો. તે સમયે યમુના સિંધુની ઉપનદી હતી, એવો એક અભિપ્રાય છે. તે પછી યમુના અને સતલજ સિંધુથી સ્વતંત્ર રીતે સમુદ્રમાં એટલે કે કચ્છના રણમાં પડતી હતી, જે અરબી સમુદ્રનો એક ભાગ હતો. અત્યારે સિંધુમાં પૂર્વનાળા નામે ઓળખાતો જે સૂકો પટ છે તે સિંધુનો જૂનો પટ હશે અથવા સતલજનો પટ હશે.

સિંધુ સંસ્કૃતિના મોહેં-જો-ડેરો અને હડપ્પા નગરો (તેમનાં સાચાં નામ શું હતાં તે આપણે જાણતા નથી) નદીઓના ખસવાના કારણે અથવા પૂરમાં કાંપ વડે દટાઇ જવાથી ત્યજી દેવાયાં હતાં, મગધના પાટનગર પાટલીપુત્રને પણ ગંગાએ પોતાના કાંપ વડે દાટી દીધું છે.

ગંગાનો ફાંટો પૂર્વ બંગાળમાં જતો ન હતો. આજે તે ફરાક્કા પાસે થઇને ગંગાનું મોટા ભાગનું પાણી બંગલા દેશમાં ઠાલવે છે. અઢીસો વર્ષ પહેલાં બ્રહ્મપુત્રનું પાણી વધુ પૂર્વમાં રહીને દક્ષિણે સમુદ્રમાં ભળી જતું હતું. આશરે અઢીસો વર્ષ પહેલાં ગંગા ને બ્રહ્મપુત્રના મુખોમાં જે ટાપુઓ હતા તેમાં હવે સેંકડો ચોરસ માઇલ ધરતીનો ઉમેરો થયો છે અને તે વસવાલાયક પણ બન્યા છે. તે સમયે બ્રહ્મપુત્ર

ઘરઆંગણામાં બાગબાની

અમીલાલ ઢાંકી

પાનખરમાં જૂનાં પાન ઉતારી નાખી નવપલ્લવથી સજ્જ થઈને વૃક્ષો જાણે વસંતને વધાવવા તૈયારી કરી રહ્યાં છે. ઘર-આંગણના મોસમી ફૂલછોડના સ્થાને હવે નવા છોડ અને મોસમી શાકભાજીના ક્યારાઓમાં ઋતુ અનુસાર ફેરબદલી કરવાનો આ સમય છે. કોબી-ફૂલકોબી વગેરેના ફાલ લેવાઈ ગયા પછી હવે એના છોડનાં થડિયાંને ક્યારીઓમાંથી ખોદી કાઢી ગોડ કરીને તેમાંની માટીને એકાદ અઠવાડિયું તડકો ખવરાવવો. અને પછી પ્રમાણસર ગળતિયું ખાતર નાખીને તેને ક્યારાની માટી સાથે બરાબર ભેળવી દઈ ક્યારા નવેસરથી તૈયાર કરવા. બીજી બાજુ મોસમી ફૂલછોડના સ્થાને ઉગાડવા માટે નાની જાતનાં સૂર્યમૂખી અને પીળાં તથા કેસરી ગલગોટાનાં બીજ રોપીને તેના રોપ તૈયાર કરવા. આ બીજને રોપતાં પહેલાં બપોરના તડકામાં બેએક કલાક ખુલ્લામાં તપાવી લેવાં અને પછી બપોર ઢળતાં તેને રોપીને પાણી આપવું. આ રોપણી હમેશાં સાંજના સમયે જ કરવી, અને રોપ એકાદ વેંત લાંબા થાય ત્યારે તેને હળવે હાથે ઉપાડી ક્યારીઓમાં એકાદ ફૂટના અંતરે રોપવા, તે પણ સાંજે. બીજાં મોસમી ફૂલો પણ આ જ રીતે ઉગાડી શકાય.

દરમિયાન હજી યે આ અગાઉનાં મોસમી ફૂલો તો ઊતરતાં જ હશે. બહુવર્ષી ફૂલછોડોમાં ગુલાબ અને મોગરાનાં ફૂલોથી યે આંગણું દીપતું-મ્હોરતું હશે. મોગરાનાં ફૂલ તો હજી યે ખીલશે. એ ફૂલો ઉતારતા રહેવાથી નવો ફાલ બેસતો જશે. આવા બહુવર્ષી ફૂલછોડના ક્યારાઓમાં પણ પંદરેક દિવસે ગોડ કરતા જ રહેવું. ગોડ કર્યા પછી એક દિવસ પાણી આપવું નહિ, આવા ફૂલછોડના ક્યારામાં બે એક મહિને સપ્રમાણ ગળતિયું ખાતર આપતા રહેવું.

આંગણામાં જો તારની વાડ કરી હોય તો તેની થાંભલી પાસે બોગનવીલિયા ઉગાડવા બહુ અનુકૂળ અને યોગ્ય છે. તેનું થડ જોઈતી ઊંચાઈએ પહોંચ્યા પછી ઉપરના ભાગે એને બહુ વધવા ન દેવા માટે કાપકૂપ કરતા રહેવાથી એની નવી ડાળો બાજુમાં ફેલાશે અને બે થાંભલી વચ્ચેના તાર પર ફેલાતી-ગૂંથાતી જઈ તારની વાડ સાથે સુંદર હરીભરી આડશ રચી રહેશે. વળી તેનાં ફૂલ વાડની શોભા વધારશે. ઇંટ-પથ્થરની કૉમ્પાઉન્ડ-વૉલ કરી હોય તો તેના મથાળે આ રીતે ફેલાવેલી બોગનવેલ સુંદર લાગવા સાથે એ દીવાલ પર ચડઊતર કરતાં તોફાની બારકસોને પણ રોકશે. જોકે બોગનવીલિયાને રોપવાના સમયને હજી વાર છે. પણ એ જો ઉગાડી હોય તો તેની કાટછાંટ તો કરતા જ રહેવી, અને નહિ તો અત્યારથી તેની મનપસંદ જાત માટે શોધમાં રહેવું. બોગનવેલને પૂરતો સૂર્યપ્રકાશ જોઇએ છે, અને પુષ્કળ ફૂલો આવે એ માટે નિતારવાળી જમીન જોઈએ. એનાં ફૂલો ખૂબ ખીલતાં હોય ત્યારે વધુ પાણી આપવાથી એ વહેલાં ખરી જાય છે.

શાકભાજીના ક્યારાઓમાં હવે ઉનાળુ શાકભાજી માટે તૈયારી કરવાનો સમય આવી ગયો છે; ફેબ્રુઆરી ઊતરતાં એ માટે કામે લાગી જવું જરૂરી બનશે. એ માટે લેવાઈ ગએલાં શાકના છોડનાં થડિયાં કાઢી નાખી ગોડ કરીને ખાલી ક્યારાઓને એકાદ અઠવાડિયા સુધી તડકામાં તપવા દેવા, એ પછી ગળતિયું ખાતર ભેળવી ઉનાળુ શાક માટે 'પુસા' જાતના ભીંડા તેમ જ 'નવબહાર' ગવારનાં બી, બેએક કલાક બપોરના સૂર્યપ્રકાશમાં તપાવીને સાંજે છોડને વિકસવા માટે પૂરતું અંતર રાખી રોપવાં. આ જ રીતે તૂરિયાં, ગલકાં ને કારેલાંનાં બીજને પણ રોપી શકાય. આ ત્રણે શાકના વેલા થાય છે એટલે એને માટે ટેકાની વ્યવસ્થા પણ રાખવી. પાતળાં લાંબાં અને ટૂંકાં તૂરિયાંની વિવિધ જાત છે. કારેલાં પણ લીલાં ને સફેદ (આછાં લીલાં) તથા ખરબચડી ને બહુ ઓછી ખરબચડી છાલવાળાં તથા ટચૂકડાથી માંડી લાંબા કદનાં જુદીજુદી જાતનાં થાય છે. આમાંથી મનગમતી જાત પસંદ કરી શકાય. તાંદળજાની ભાજીની પણ મોસમ છે. તેની ગુલાબી અને લીલાં પાનવાળી અલગ જાતો છે. એનાં બીજ બહુ ઝીણાં હોય છે, તે રેતી સાથે ભેળવીને ક્યારામાં છાંટી બધું ભેળવી દઇ પાણી આપવું. કોથમીર પણ દર મહિને ઉગાડી શકાય. એ માટે આખા ધાણાને અધકચરા કરીને ક્યારામાં છાંટી માટી સાથે ભેળવી દેવા. આવી ભાજીઓ ક્યારાની પાળી પાસે હારબંધ પણ ઉગાડી શકાય. આ રીતે એને ઉતારવી-ચૂંટવી પણ સરળ પડે. □

મેમનસિંઘ પાસેથી વહેતી હતી. આજે તેનાથી ૪૦ માઇલ પશ્ચિમે વહે છે. ઉત્તર બંગાળમાંથી આવતી તિસ્તા નદી દિનાજપુર પાસેથી આવીને ગંગામાં ભળતી તે હવે દક્ષિણપૂર્વમાં વહીને બ્રહ્મપુત્રને મળી જાય છે.

હિમાલયમાંથી આવતી નદીઓની ઉચ્છૃંખલતાનાં આ તો થોડાં ઉદાહરણો છે. તે તે ઉચ્છૃંખલ છે, કારણ કે તેઓ બાળક અથવા કિશોર છે. દક્ષિણ ભારતની નદીઓ આમ વહેણ બદલતી નથી. તેઓ પ્રૌઢ ને પીઢ છે. તેઓ મુખ્યત્વે કઠોર, ડુંગરાળ કે ખડકાળ પ્રદેશમાંથી વહે છે, સિવાય કે તેમના મુખપ્રદેશ પાસે, જ્યાં તેઓ પોતાનો કાંપ પાથરીને સમુદ્રને પાછળ હટાવે છે, સમુદ્ર પાસેથી તેમણે કંઇ વિશાળ પ્રદેશ મેળવ્યો નથી. આપણે જોયું કે હિમાચલ અને વિંધ્યાચલ વચ્ચે વિશાળ મેદાન નદીઓએ કાંપ વડે પૂરી દઇને બનાવેલ છે. કેટલેક ઠેકાણે કાંપના ખડકો ૧૦ હજાર ફૂટની ઊંડાઇ સુધી માપવામાં આવ્યા છે, ત્યારે દક્ષિણાર્ધ ભારતમાં ધરતી ઠેકઠેકાણે ફાટીને લાવારસ ઠરી જે ખડકો બન્યા છે તેમની જાડાઇ ૧ હજારથી ૧૦ હજાર ફૂટ સુધી છે! આવા કઠોર પ્રદેશમાંથી વહેતી નદીઓ હિમાલયની નદીઓની સરખામણીમાં ઘણો ઓછો કાંપ લાવે છે. હિમાલયની નદીઓ તો હજી પણ ગંગા-યમુનાના મેદાનને સમુદ્રમાં વધુ ને વધુ વિસ્તારી રહી છે.

દક્ષિણના દ્વીપકલ્પની નદીઓ પશ્ચિમે પશ્ચિમઘાટ અથવા સહ્યાદ્રિમાંથી નીકળીને દક્ષિણ-પૂર્વમાં વહે છે. દક્ષિણની ત્રણ મોટી નદીઓ ગોદાવરી, કૃષ્ણા અને કાવેરી પૈકી ગોદાવરીનું ધાર્મિક દૃષ્ટિએ (તથા આર્થિક દૃષ્ટિએ પણ) ગંગા જેટલું માહાત્મ્ય છે. દક્ષિણ ભારતમાં તે સૌથી મોટી (૧૦૮૦ કિ.મિ. લાંબી) નદી છે. નાસિક પાસે પશ્ચિમ ઘાટમાં ત્ર્યંબકના ડુંગરમાંથી સરવાણીઓ રૂપે તે નીકળે છે. તે સ્થળ અરબી સમુદ્રથી માત્ર ૮૦ કિ.મિ. દૂર છે. પરંતુ દક્ષિણ ભારત સોંસરવી તે પૂર્વમાં બંગાળના ઉપસાગરમાં વિલીન થાય છે ત્યાં તે મહાનદી બનીને એટલો જલરાશિ ઠાલવે છે કે સમુદ્રનું પાણી પણ હટી જાય છે. પૂર્વમાં ગોદાવરી (અને દક્ષિણ ભારતની બીજી નદીઓ પણ) પૂર્વઘાટના પર્વતો સોંસરવી પસાર થાય છે, પરંતુ પશ્ચિમ ઘાટની પર્વતમાળા સાથે પૂર્વઘાટની પર્વતમાળાને સરખાવી શકાય નહિ. પશ્ચિમ ઘાટની પર્વતમાળા ગુજરાતમાં તાપીની દક્ષિણેથી ભારતના દક્ષિણ છેડા સુધી સળંગ છે અને સમુદ્રની નજીક અરબી સમુદ્રને સમાંતર છે ત્યારે પૂર્વ ઘાટના પર્વતો ત્રુટકત્રુટક અને છૂટાછવાયા છે તથા બંગાળના ઉપસાગરથી સેંકડો કિ.મિ. દૂર છે.

અહીં એટલું ઉમેરવું જોઇએ કે વિંધ્યાચલ અને સાતપુડામાંથી જે નદીઓ નીકળે છે તે પણ દક્ષિણ ભારતની નદીઓ જેટલી વયોવૃદ્ધ છે. વિંધ્યાચળમાંથી નીકળી ઉત્તરપૂર્વમાં વહેતી ચંબલ, સિંધુ, સોન, બેટવા વગેરે જે નદીઓ એક કાળે ટિથિસના સમુદ્રમાં ને પછી શિવાલિક મહાનદમાં સ્વતંત્રપણે વહેતી હતી, તેમને યમુના તથા ગંગાએ પોતપોતાની ઉપનદીઓ બનાવીને ગૌણ બનાવી દીધી છે, અને ગંગાએ તો યમુનાને પણ પોતાનામાં લુપ્ત કરી દીધી છે. પરંતુ વયની દૃષ્ટિએ ગંગા અને યમુના આજ-કાલની નાની બાળાઓ છે, ત્યારે ચંબલ, સિંધુ, બેટવા અને સોન વયોવૃદ્ધ નદીઓ છે. □

બુધ કાવ્ય-સભાનું સંભારણું

મકરન્દ દવે

બહુ મુગ્ધ હૈયું લઈ, બહુ દૂર થકી એક વાર
આવ્યો'તો જુવાન કોઈ બચુભાઈ અને પરમાર
તણો પ્રેમ પામી, અહીં 'કુમાર'માં કરવાને કામ.
સાંજ પડી અને તેણે સંકેલી જ્યાં ફાઇલો તમામ,
નાની એવી બારીમાંથી ત્યાં તો બોલી ઊઠ્યા બચુભાઈ:
'રાતે આવશો ને?' પેલા જીવને તો થયું: 'શી નવાઈ
રાતે પણ કામ અહીં કરવાનું હશે?' ત્યાં તો ભ્રમ
ભાંગી કહે બચુભાઈ: 'ભૂલી ગયા? આજે તો પ્રથમ
બુધવાર તમારો, ને બુધ કાવ્ય-સભા રાત વેળા.'
હરખી ઊઠ્યો શું જીવ! મારા જેવા ભંગેરી શું ભેળા
થશે અહીં? અંદાવાદ મહીં પણ રૂપી-આના-પાઈ
તણી માથાકૂટ મેલી, કવિતાની એકલી સગાઈ
કાળજે લગાવી! નવોસવો નાચી ઊઠ્યો કવિ-પ્રાણ,
આજે બુધ-સભા, આજે લ્હેર, આજે કવિતાની લ્હાણ.

આવ્યો એ તો સૌ પહેલો, ચશ્માં કરી ઊંચાં, મીઠું હસી
બચુભાઈ કહે: 'આવો!' થયું હશે આનું ગયું ખસી.
ત્યાં તો ભાઈ, એક પછી એક, જાણે ઊતર્યાં શું તીડ!
કવિતાનાં ઘેલાંઓની ડેલા મહીં મચી ગઈ ભીડ.
ચકરાતી ચેર પરે બચુભાઈ અને આસપાસ
ખુરશી પે બેઠા કોઈ, પૂરતો ન જાણીને સમાસ
કંપોઝ કેરી ત્યાં તો ઘોડી કોઈ ખેંચી લાવ્યા, વાહ!
રસિયા છે ને! ક્યાંય માય નહિ કૌતુક નિગાહ.
ખીસામાંથી કાવ્ય કાઢી સોંપણી જ્યાં સહુ જણે કરી
'લાવ્યા છો કે?' પ્રશ્ન સુણી આણે પણ કાવ્ય દીધું ધરી.

ઘણાની આંખો ખેંચાઈ; કોણ છે આ! મૂરતિ છે નવી!
નામ એનું? મકરન્દ દવે, ઓહ્યો નવોદિત કવિ.
આંખોથી મિલાવી આંખ, હાથથી મિલાવ્યા કૈંક હાથ,
અંદાવાદ મહીં થયું, બંદાને ય મળી ગયો સાથ.
પાનનાં ગલોફાં ભરી ધીરે ધીરે કરે પરામર્શ
'કોણ છે એ?' પૂછ્યું; કહે કોઈ એ તો છે અશોક હર્ષ,
અને પેલા વેણીભાઈ, વાતે વાતે ઉછાળા જે મારે
બાલમુકુંદ અને આ,—જે બેઠા છે ને મોઢું રાખી ભારે.

નિરંજન એ ય પેલા તરાતર, પેલા પિનુભાઈ,
તબિયત જોઈ જેની જીવને આવે શું અદેખાઈ!

વાચન થયું ત્યાં શરૂ, બચુભાઈ રણકતા સ્વરે
વાંચી રહ્યા કાવ્ય: જાણે અવનવી દુનિયા શું તરે
આંખ સામે, 'કુમાર'નો ડેલો થયો ક્યાંય તે અલોપ,
તરંગિત સિંધુ પરે નાકા સરે, જાણે કોઈ ગોપ
બજાવે છે બંસી ક્યાંક સઘન ઘટામાં, વળી ક્યાંક
રણને અફાટ કાંઠે કેડી કોઈ લિયે છે વળાંક,
વટેમારગુનાં બે'ક પગલાં યે વેળુ મહીં પડે,
કોઈ વાર આંખ હસે અહીં અને કોઈ વાર રડે.
ઊંચે શ્વાસે, સ્તબ્ધ ઉરે સાંભળીને કાવ્ય, પછી થતી
ચર્ચા ખુલમખુલ્લાં, ચારે કોર ધૂમ મચી જતી.
હીરકચ્ચાં, પાકાં, સાવ સડેલાં કે ફળ મધમીઠાં
જેને જેમ લાગે તેમ કહેવાની છૂટ, વણદીઠાં
બીજાં વળી ચાખવાની ઉરે લઈ ઝંખના અપાર
વિખરાતા સહુ, થઈ બુધ-સભા પૂરી, થતાં દ્વાર
ડેલા તણાં બંધ અને સાયકલ મારી મૂકી ઘેર
જાઉં ત્યાં તો કોઈ કહે: 'થોભ એલા, દેર છે હો દેર!
બુધ-સભા પૂરી નથી થઈ હજી બાકી ફલશ્રુતિ
દેખ, કાફે ઉઘાડું છે, ચાઇદેવી તણી હજી સ્તુતિ
ગાવાની છે બાકી'—અને વેણીભાઈ તણું વહે હાસ,
ભગતજનોની પછી બીજી સભા, ખેલ બીજો ખાસ.

જતાં, જતાં જતાં... ફરી વાતો, ફરી કાવ્યગાન, ફરી
ધૂન કાવ્ય-ચર્ચા તણી, એકલો હું આગે ડગ ભરી
જાઉં ત્યાં તો હાથ ઝાલી કહે કોઈ છોકરો નિતાંત
પ્રેમથી, 'હું મૂકી જાઉં, ચાલો!' અરે, આ તો પ્રિયકાન્ત
નાના ભાઈ સમો. કહે: 'એ ય ઇન્દુ! એ ય લ્યા, રજની!
ચાલો, સાથ.'—અને ફરી સવારી અમારી બની ઠની
બાદશાહી ઠાઠ સાથે ચાલે સાવ સૂનકાર પથે
કવિતાની પતાકાઓ ફરકાવી નિજાનંદ રથે
સાબરનાં પાણી પરે રમી રહે રેખ ઉજિયારી,
રાત ખૂટી જાય તો ય ખૂટે નહીં ગોઠડી અમારી.

મુ. શ્રી બચુભાઈ અને બુધસભા

ચંદ્રકાન્ત શેઠ

યાદ છે પંચમહાલના એક નાનકડા ગામ કંજરીમાંથી 'કુમાર'ને કાવ્યકૃતિઓ મોકલાતાં એના તંત્રીશ્રીની પ્રેરણાથી ભાઇશ્રી રતિલાલ જોગીએ સુંદર અક્ષરોમાં પત્ર પાઠવેલો: 'મોકલેલી કાવ્યકૃતિઓ 'કુમાર'ના ધોરણ અનુસારની નહિ હોવાથી, છાપી શકાય એમ નથી', પરંતુ કવિતા લખતા રહેવાનો અને મોકલતા રહેવાનો નિર્દેશ કરવા સાથે એ યોગ્ય હશે તો છપાશે એવો સધિયારો યે પત્રમાં આપવામાં આવેલો; અને આ પત્રે કવિતાક્ષેત્રે નવા નિશાળિયા એવા આ લખનારને ભારે ઉત્સાહ બક્ષેલો. એ પછી તો કેટલોક સમય ગયો. અમદાવાદમાં આવવાનું થયું અને મિત્ર લાભશંકરના સત્સંગે 'કુમાર'ની બુધસભાનો રસ્તો દેખવા મળ્યો. બરોબર યાદ છે, પહેલી વખત તેમણે બહારથી જ 'કુમાર'નું ડહેલું બતાવેલું ને પછી કંઈક ક્ષોભ સાથે બુધસભામાં જઈ, દૂર એક ખૂણામાં કૉમ્પોઝિટરના ટેબલ પર જગા લીધેલી.

શરૂઆતમાં ઉત્સાહ ભારે. બુધવારની રાહ જોતો. પહેલા બુધવારે તો સાતેક કાવ્યો લઈ ગયાનું સ્મરણ છે, પરંતુ બચુભાઇએ એમાંથી ત્રણ પસંદ કરી. બાકીનાં પ્રેમપૂર્વક પાછાં આપતાં કહ્યું: 'ભાઈ, બધાં કાવ્યો તો નહિ વાંચી શકાય; બીજાઓનાં કાવ્યો પણ છે. તમે ત્રણેક

રચનાઓ લાવો તો વાંચી શકાય.' અને આપણે તો ત્રણ કહી એટલે બે રચના તો લઈ જ ન જઈએને?

બચુભાઈએ 'કુમાર'ની ટપાલમાંથી તો બુધ બેઠકમાં રજૂ કરવા માટેનાં કાવ્યો તારવ્યાં જ હોય, તે ઉપરાંત, બુધબેઠકમાં આવનાર જે કવિઓ કાવ્યો લાવ્યા હોય તે ભેગાં કરે; એ કાવ્યો વાંચવાનો ક્રમ ગોઠવે અને પછી કાવ્યપાઠ શરૂ થાય.

બચુભાઈની કાવ્યપાઠની એક લાક્ષણિક શૈલી છેવટ સુધી જળવાયેલી રહી. તેઓ કાવ્ય વાંચતાં જોડણી, વિરામચિહ્નો વગેરેનું યે ધ્યાન રાખે. કવિનું નામ શરૂઆતમાં ન કહે. પછી બુધસભામાં બેઠા હોય તે સૌને વંચાએલા કાવ્ય વિશે અભિપ્રાય પૂછે. એમાં સામાન્ય રીતે પીઢ કાવ્યજ્ઞોને ક્રમમાં પાછળ રાખતા. છેવટે તેઓ પોતાનો અભિપ્રાય કહેતા. બચુભાઈએ કદીયે જે તે કાવ્ય વિશેનો અભિપ્રાય ઉચ્ચારવામાં દિલચોરી કરી હોય એવું લાગ્યું નથી. પોતાની મર્યાદાઓ સ્વીકારતા, પરંતુ 'કુમાર'ના તંત્રી તરીકે કાવ્ય-પસંદગીમાં પોતાની જ પ્રતીતિને અનુસરતા.

આ કાવ્યપઠનને અનુષંગે જાતભાતની ચર્ચાઓ ચાલતી. બુધસભાનો રસપ્રદ એવો ભૂતકાળ ઉખેળાતો. સુંદરમ્-ઉમાશંકરની વાતો આવતી. સુંદરમે કાવ્યચર્ચાના અનુષંગે કાવ્યશાસ્ત્રના અભ્યાસનો ઉપક્રમ પણ વિચારેલો એની વાત આવતી. બ. ક. ઠાકોરે તો એક વાર કવિતા લખવા ઊમટી પડેલા કવિબટુઓની વિશાળ સંખ્યા જોઈ, 'અધધધ, આટલાં બધાં કવિડાં' જેવા ઉદ્ગારો કાઢેલા તેનું યે સ્મરણ કરાતું. કાવ્યસર્જનમાં યે તપઃસાધના અનિવાર્ય છે. એમાં શિસ્તવિવેકાદિ જરૂરી છે તે વાત પર ભાર મુકાતો. ઝટપટ કવિ તરીકે પ્રતિષ્ઠિત થઈ જવાના મોહની ટીકા થતી. કાવ્યમાં લય અને ભાષાની શુદ્ધિ પર ભાર મુકાતો. કાવ્યમાંથી અર્થબોધ થાય છે કે નહિ તેની તપાસ થતી. ક્યારેક કોઈ વિલક્ષણ શબ્દપ્રયોગ બાબત, કવિ હાજર હોય તો તેનો ખુલાસો યે પુછાતો; ક્યારેક જરૂર જણાય ત્યાં તે કાવ્ય લખવા પાછળના કવિના આશયની યે પૃચ્છા થતી.

બચુભાઈ કાવ્યમાં શિષ્ટ પરંપરાના અનુમોદક હતા; પરંતુ નવા કાવ્ય-પ્રયોગો પ્રત્યે વિમુખ જ હતા એવું નહોતું. નીવડેલા કવિઓના કેટલાક કાવ્યપ્રયોગોને તે કંઈક ઉદારભાવે સ્વીકારી લેતા, આમ છતાં બચુભાઈએ આમરણ અછાંદસ કાવ્ય-પ્રયોગોને સ્વીકારવામાં આનાકાની કરી હતી. જો હું ભૂલ ન કરતો હોઉં તો 'કુમાર'માં એક પણ અછાંદસ કૃતિ એમણે છાપી નથી. તે જ રીતે જે કાવ્યપ્રયોગોને પોતે પામી ન શકતા હોય તેમને બીજાઓ ગમે તેટલા પુરસ્કારે, પણ પોતે 'કુમાર'માં તેમને સ્થાન આપતા નહિ. એમનું આ વલણ 'જૂનવાણી' લેખે ખૂબ ટીકાપાત્ર બન્યું, તે તેમણે વેઠ્યું યે ખરું, પરંતુ ખુદને તેઓ બેવફા ન નીવડ્યા. મને લાગે છે કે આ વલણથી 'કુમાર'ની કાવ્યપસંદગીમાં થોડું બંધિયારપણું આવવા છતાં એકંદરે તો તેથી ગુજરાતને પ્રમાણમાં કસાયેલી કવિતા વધુ મળ્યાનો લાભ જ થયો છે. એ ખરું કે કેટલીક વાર રુચિભેદના પ્રશ્નો યે એમાં સંડોવાતા હોય. 'કુમાર'માંથી પાછી વળેલી કવિતા 'સંસ્કૃતિ'માં છપાય અને 'સંસ્કૃતિ'માંથી પાછી વળેલ કવિતા 'કુમાર'માં છપાય એવું બનતું. એવા દાખલા ક્યારેક ઉપસાવવાનો રસ પણ કેટલાક નવીનો લેતા. બચુભાઈ સુધી યે વાત પહોંચતી ને ત્યારે બચુભાઈ પોતાની રસરુચિની પોતાની જેવી છે તેવી કાવ્યભૂમિકાની વાત નમ્રતાપૂર્વક આગળ ધરતા.

બચુભાઈએ 'કુમાર' દ્વારા જે કવિતા આપી તે નિર્વિવાદ રીતે સર્વોત્તમ હતી એમ તો નથી, પરંતુ બચુભાઈએ 'કુમાર' દ્વારા અકવિતાને પોષી જણાતી નથી. સામુદાયિક માધ્યમ સાથે કામ પાડનારા આજના આપણા અનેક સંપાદક અને તંત્રી મહાશયો, વિના જાંચતપાસ, વિના સત્યવિવેક, ઘાસપાલો ને કુશકા કથીરને ય, સંબંધો સાચવવા કે એવાં કાવ્યેતર બીજાં ત્રીજાં કારણોએ, પોતાના પત્રમાં સ્થાન આપે છે – છાપી મારે છે. એ સમષ્ટિદ્રોહ અને સત્યદ્રોહથી બચુભાઈ હમેશાં બચ્યા છે. એમણે અપ્રિયતા પસંદ કરી, કાવ્ય કલા અને જાત પ્રત્યેની બેવફાઈ નહિ.

બચુભાઈએ ભાગ્યે જ કવિતા લખી છે; પરંતુ એમને કવિતા ને તેના સર્જકોને ગાઢ રીતે ચાહ્યા છે. વર્ષો સુધી સેંકડો કાવ્યો વાંચીને, એમાંથી આશાસ્પદ સર્જકતાને તારવીને બહાર લાવવાનો એમનો પ્રયત્ન કેટલો સાચી દિશાનો હતો એ તો 'કુમાર'ની બુધબેઠકોનો ઓછાવત્તો લાભ લેનારા કવિઓની યાદી થાય તો તુરત પ્રતીત થાય. એ સાચું છે કે 'કુમાર'થી કોઈ અકવિ કવિ કહી શકાયા નથી (થઈ પણ ન શકે), પરંતુ જે સાચાં કવિ-રત્નો હતાં તેમને પહેલ પાડવાનું, ઊજળા કરવાનું કામ એનાથી થઈ શક્યું છે. બચુભાઈ હીરાને પહેલ પાડનાર જેવા વધારે લાગે; પણ એમના આ કૌશલમાં સાચા કવિતાપ્રેમી કવિતાસેવકનો જ ઉદાત્ત રસ દેખાય છે. એમનામાં એક કર્તવ્યનિષ્ઠ કવિતાશિક્ષક પણ ઠેઠ સુધી જીવતો રહ્યો જણાય છે.

બચુભાઈએ 'કુમાર'ની બુધબેઠક દ્વારા જેમનામાં પ્રતિભા-શક્તિ હતી તેવાઓને કેટલીક ઉપયોગી આચારપ્રણાલિ ચીંધી. તેઓ છેક જ નવા કવિતા રચવા મથનારાઓને, એમની નજીક રહેતા પુખ્ત કવિઓનો લાભ લેવાનું સૂચવતા; ક્યારેક કોઈ નવકવિની ભાળવણીયે પુખ્ત કવિને સોંપતા. વળી, સારા કાવ્યસંગ્રહો વાંચવાનું, સારાં સામયિકો જોતા રહેવાનું યે જણાવતા. કવિતા-સર્જકોએ કેવો પરિશ્રમ વેઠવાનો હોય છે એનાં અનેકાનેક દૃષ્ટાંતો પણ તેમના ભૂતકાળના સમૃદ્ધ અનુભવકોશમાંથી રજૂ કરતા. આ બધાંથી કવિતા-સર્જન માટેની ઉપકારક હવા બંધાતી. બચુભાઈ નવકવિને હમેશાં પરિશ્રમ અને ધૃતિની, ધ્યેય પ્રત્યેની નિષ્ઠા અને એ માટે જરૂરી શીલ-ઘડતરની હિમાયત કરતા. તેઓ વ્યવસ્થાના માણસ હતા, કાવ્યમાં સૌષ્ઠવના આગ્રહી હતા, પરંતુ તે સાથે રસાત્મકતાનાયે સાચા તરફદાર હતા. તેમણે રસની સાથે સંયમની હિમાયત કરી, પરંતુ શુષ્કતાનો પક્ષ એમણે કદીયે ન લીધો.

'કુમાર'ના સજગ તંત્રી તરીકે અનેક સાંસ્કૃતિક ઘટનાઓમાં તેઓ રસ લેતા. અવારનવાર એનીયે વાતો થાય. આપણા સંસ્કારજીવનની જાહેરજીવનની વહી પણ ક્યારેક ઉખેળાય. આ બધાથી જીવન અને જગતને જોવા-મૂલવવાની એક બહુપરિમાણી ચૈતસિક ભૂમિકાનું યે અજાણતાં ઘડતર ચાલ્યા કરતું. કવિઓનેય એ રીતે લોકશાસ્ત્ર કાવ્યાદિનું અવેક્ષણ, કાવ્યજ્ઞશિક્ષા, અભ્યાસ આદિની પ્રેરણા વગેરે બુધબેઠકમાંથી જાણેઅજાણે પ્રાપ્ત થતાં. આ પ્રકારની બેઠકનો – મંડળી મળ્યાનો અનેરો લાભ હતો. કવિની ભીતર રહેલા પ્રતિભાબીજની સંવર્ધનમાવજત આથી થતી. અને તેથી કવિની દૃષ્ટિ, કવિનાં ઓજારો વગેરેને વધુ તીક્ષ્ણ કરવાની તક પણ સરસ રીતે મળતી રહેતી.

સર્જકના પ્રાથમિક ઘડતરમાં બુધસભા જે ફાળો આપતી તેનું મૂલ્ય આંકીએ તેટલું ઓછું છે. મારા જેવા અનેક કહેશે કે સાહિત્ય વિશે જે કંઈ શાળા-મહાશાળામાંથી મળ્યું તેથી યે કદાચ વધારે અહીં મળ્યું. અહીં આવીને અનેક કાવ્યો સાંભળતાં, એમના ગુણદોષોની ચર્ચાઓ સાંભળતાં કાવ્યવિવેક પણ ઠીક ઘડાયો. બચુભાઈએ આ ઘડતરકાર્યમાં એક મિશનરીના જુસ્સા અને ચીવટથી પોતાનો ફાળો આપ્યો છે. તેમણે વર્ષો સુધીના બુધસભાના સંચાલનમાં કેન્દ્રસ્થાને પોતાની જાતને નહિ, પણ ગુજરાતની કવિતાને જ રાખી. બુધસભાનો તેઓ પોતા પૂરતો ઉપયોગ કરતા હોય એવી લાગણી કદી યે જન્મી નથી. એવી લાગણીનો વિચાર સુધ્ધાં બચુભાઈને અન્યાય કરે એવો જણાયો છે.

આપણી પાસે આવા થોડા વિશેષ બચુભાઈ હોત તો? બચુભાઈ જેવાઓને ગુજરાતની સર્વોત્તમ સર્જકતાનો મળ્યો તેથી યે વધારે ટેકો મળ્યો હોત તો? એ બુધસભાને અમદાવાદમાં નિવસતા તેજસ્વી કવિ-

સર્જકોએ ધર્મબુદ્ધિથી વધુ સહકાર આપ્યો હોત તો? વ્યવહારુ ને ગણતરીબાજ ગુજરાતમાં સ્વકીય કારકિર્દીના વિચારમાં જ રાચતી વાઙ્મય પ્રતિભાઓ વચ્ચે રહીને બચુભાઇએ વાગીશ્વરીના વીણાવાદનની બેઠકોને જે નિષ્ઠા ને દૃષ્ટિથી વિપરીત પરિસ્થિતિ વચ્ચેય ટકાવી રાખી તેની પ્રશંસા કરીએ તેટલી ઓછી છે. ગુજરાતના હૃદયલોકમાં કવિતાનો દીવો જલતો રાખવા માટે બુધસભા દ્વારા – 'કુમાર' દ્વારા બચુભાઇએ જે સાચી દિશાનો વિનમ્ર પ્રયાસ કર્યો તેનું શૈક્ષણિક-સાંસ્કૃતિક મૂલ્ય ભવિષ્યની પેઢીઓના મનમાં ય વસશે એવી આશા રાખીએ.

બચુભાઈ દ્વારા ચાલતી રહેલી બુધસભાનું સુકાન ગુજરાતી સાહિત્ય પરિષદે સ્વીકાર્યું. સદ્‌ભાગ્યે બચુભાઈના જ હસ્તે. બચુભાઇએ ત્યારે સુંદર વ્યાખ્યાન પણ કરેલું. એમનો એ બુધસભાનો દીવો ત્યારથી મુ. શ્રી પિનુભાઈ અને ધીરુભાઈ પરીખ જેવા સંનિષ્ઠ સાહિત્યસેવકો દ્વારા અખંડિત જલે છે. ગુજરાતી સાહિત્ય પરિષદમાં શ્રી હસમુખલાલ પારેખે બચુભાઈ રાવત જેવા આપણા આ સંનિષ્ઠ કવિતાસેવક વડીલનું નામ જોડવાની શરતે (કેવી ઉદાત્ત શરતે!) સેમિનાર-ખંડ માટેનું દાન આપ્યું છે. બુધસભાની બેઠક પછી એ ખંડમાં ચાલશે એવી આશા છે અને આપણે ઇચ્છીએ કે એ બેઠક કવિતાની જ્યોતિને વધુ ને વધુ તેજસ્વી કરવાનું રમણીય કાર્ય બરાબર બજાવતી રહેશે. □

સૂર્ય બચુભાઈનો તડકો

અશ્વિન દેસાઈ

બાળપણમાં 'કુમાર' નામ સાંભળેલું.

ગામમાં-ફળિયામાં એકમાત્ર ધનવાન કુટુંબ હતું એમને ત્યાં 'કુમાર' આવતું. કોઈ વાર રમતાંરમતાં એમના દીવાનખાનામાં ઘૂસી જવા મળતું ત્યારે એમની વિશાળ ટિપોઈ ઉપર 'કુમાર' જોવા મળતું! થોડેક નજીક જઇને હું એનું આવરણ ચિત્ર જોઈ લેતો! કોઈ દીવાનખાનામાં દેખાતું એટલે પગલાં પાછાં હડી જતાં! 'કુમાર'ને આપણા હાથમાં પણ લઈ શકાય અને ખોલીને જોઈ પણ શકાય એવી તો કલ્પના પણ એ વયે ક્યાંથી હોય?

પછી દસમા ધોરણમાં ગામ છોડી બિલિમોરા આવવાનું થયું. ટાટા હાઈસ્કૂલમાં ગુજરાતીના શિક્ષક તરીકે કુદરતની દયાથી કવિશ્રી હેમંત દેસાઈ મળ્યા! કોકે કહ્યુ કે સાહેબ કવિતા લખે છે ત્યારે થોડી નવાઈ લાગેલી, અને જાણ્યું કે સાહેબને તો કવિતા માટે 'કુમાર-ચંદ્રક' પણ મળેલો છે, ત્યારે આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ! એક કવિને જીવતા-જાગતા આંખ સામે ફરતા જોવાનો અનુભવ વાર્તામાંની પરીને પ્રત્યક્ષ જોવા-જાણવા જેવો હતો! એમની રીત-ભાત, હલન-ચલનનું ધ્યાનથી નિરીક્ષણ કરતો થયો અને સર્જન માટે કલમ હાથમાં લેવાનો સળવળાટ શરૂ થયો!

કવિતાથી જ લખવાનું શરૂ કરેલું પણ આજ સુધી એકેય માન્ય કવિતા લખી શક્યો નથી. પ્રયત્નો ચાલુ છે. પછી, એક બહેનની સલાહથી વાર્તાઓ ઉપર હાથ અજમાવવાનું શરૂ કર્યું. પાંચ-છ વર્ષમાં ઘણી વાર્તાઓ લખી પણ કોઈ છપાય નહિ! છેવટે, બી. કૉમ.માં નાપાસ થયો તે વરસે એક વાર્તા છપાઈ! બીજી એક વાર્તાને તે જ વરસે હરીફાઈમાં ઇનામ મળ્યું! ઘેલો-ગાંડો થયો! સાહિત્ય-રસિક મોટા ભાઈ બટુકભાઈ પરદેશ હતા તેમને ઉત્સાહથી આ સમાચાર લખ્યા! થોડા દિવસમાં જવાબ આવ્યો: 'જે દિવસે તારી વાર્તા 'કુમાર'માં છપાશે તે દિવસે હું તને વાર્તાકાર તરીકે સ્વીકારીશ.'

'કુમાર'માં વાર્તા મોકલવાની હિંમત કરવી પડી. મોકલી. પાછી આવી. ફરી બીજી મોકલી. ફરી બીજી ય પાછી આવી. સાથે બચુભાઈનું પીળું કાર્ડ આવ્યું: 'વાર્તાઓ ઘણી નબળી છે, પણ તમારામાં એક તણખો છે! પ્રયત્ન ચાલુ રાખશો.'

એ પછી ત્રણેક વર્ષ બાદ-વાર્તા બચુભાઇને મોકલ્યા પછી-જવાબ આવતાં થોડી વાર થઈ! લગભગ પચીસેક દિવસ થઈ ગયા! શું થયું હશે? વાર્તા ગુમ થઈ હશે? નહિ તો, સોમવારે બચુભાઇને વાર્તા મોકલો એટલે શનિવાર સુધીમાં તો એ પાછી તમારા હાથમાં હોય! મને યાદ છે, કે બે-ત્રણ વખત તો સોમવારે વાર્તા રવાના કરેલી અને બુધવારે સાંજની ટપાલમાં પાછી આવેલી! મંગળવારે, કલાકેકનો જ, વાર્તાનો બચુભાઈ સાથેનો સહવાસ! ત્યારે થયેલું કે, બચુભાઈ વાર્તા વાંચતા જ નહિ હોય! પણ વાર્તા ફરીથી ઉથલાવી જવાની આદત હતી, તો ક્યાંકક્યાંક પેનસિલથી કોઇએ શબ્દો છેકીને સાચી જોડણી બાજુમાં લખી હોય એવું દેખાતું! અક્ષરો તો બચુભાઈના જ! તો શું બચુભાઇ પેનસિલ હાથમાં લઇને મારી વાર્તાની જ વાટ જોયા કરતા હશે? પણ પછી સમજાયેલું કે, એમની કામ કરવાની પદ્ધતિ જ એવી હતી, કે એમાં વિલંબને કોઈ સ્થાન નહોતું!

એટલે પેલી વાર્તાએ પચ્ચીસ દિવસ કાઢી નાખ્યા તેથી ચિંતા થઈ! પણ છવ્વીસમા દિવસે ધબ્બ દઇને મારા જ બીડેલા કવરમાં વાર્તા ટપાલીએ ઘરમાં પાછી ફેંકી! બચુભાઇએ આ વખતે વાર્તા પાછી મોકલવાના સમયમાં પણ બીજો વિક્રમ કર્યો, એવું વિચારતાં કવર હાથમાં લીધું.

ખોલીને જોયું તો મારી છપાયેલી વાર્તાના ઑફ-પ્રિન્ટ્સ! ઘડી ભર તો સાચું જ ન લાગ્યું! શું બચુભાઇએ વાર્તા 'કુમાર'માં છાપી પણ નાખી? હા, એ પણ એક આઘાત હતો! થોડા દિવસમાં અંક પણ આવ્યો-પુરસ્કાર પણ આવ્યો. આપણા હરખનો પાર પણ ન રહ્યો! બંદા 'કુમાર'ના લેખક થઈ ગયા! બીજી વાર્તા ય અતિ ઉત્સાહમાં ઘઘડાવી નાખી! મોકલી. તરત જ પાછી આવી. સાથે બચુભાઇનું પીળું કાર્ડ: 'ઉતાવળ ન કરશો. થોડું પણ સારું લખો. આ વાર્તા સારી નથી'. નશો ઊતરી ગયો. ઊતરી ગયો તે એવો ઊતરી ગયો કે ફરી કોઈ દિવસ ચઢ્યો જ નહિ! કારણ કે, બચુભાઇએ તો વર્ષની શ્રેષ્ઠ વાર્તાનાં 'ઈનામો' આપીને પછી પણ, નબળી વાર્તાઓ લાગી તે પાછી મોકલી છે! અરે 'કુમાર-ચંદ્રક' મારી વાર્તાઓ માટે આપ્યા પછી ય મારી વાર્તાઓ પાછી મોકલી છે. ત્યાં સુધી, કે પછી તો બચુભાઇએ મંગાવેલી વાર્તા પણ 'કુમાર'માં છપાશે કે નહિ તેનું નક્કી નહિ!

પીળું વૉરન્ટ આવે: 'એક સારી વાર્તા મોકલશો. યોગ્ય લાગશે તો છાપીશું'. આવો 'આમંત્રણ-પત્ર' હજી સુધી કોઇનો આવ્યો નથી: અને ખરેખર, વાર્તા પાછી મોકલીને પાછું બચુભાઈનું પીળું કાર્ડ આવે; 'વાર્તા યોગ્ય નથી. પાછી મોકલું છું. બને તો બીજી મોકલશો'.

બચુભાઈની આ તાલીમ માટે હું જીવનભર એમનો ઋણી રહીશ. આનાથી હું એવો ઘડાયો-ટેવાયો છું, કે આજે કોઈ પણ તંત્રી વાર્તા પાછી મોકલે તો મને માઠું નથી લાગતું! હું ફરીથી બીજી મોકલું છું. શ્રી ઘનશ્યામ દેસાઈ તો મોટા માણસ હોવા છતાં મિત્ર જેવો વ્યવ-

હાર રાખે છે, છતાં વાર્તા એટલા જ પ્રેમથી પાછી મોકલે છે; 'એમ કરો ને. બીજી એક ખરેખર સારી વાર્તા મોકલોને!' અને આ બંદા પેલી ખાનામાં મૂકીને, બીજી લખવા બેસે છે! આ માનસિક સ્વસ્થતા સ્વર્ગસ્થ બચુભાઇને જ આભારી છે. અને મને ઘડનારા બીજા હરીન્દ્રભાઈ, કુંદનિકાબહેન અને ઘનશ્યામભાઈની હરોળમાં સ્વર્ગસ્થ બચુભાઈ મોખરે બિરાજે છે! અને એટલે જ, એમના નિધન વખતે મેં છાપામાં લખ્યું હતું કે, ક્યાંક ઉપર પણ જો બચુભાઇને વાર્તા મોકલી શકાતી હોય તો?—પછી ભલે ને એ પાછી આવે! □

બચુભાઈ-મારા ગોડફાધર

—સુકન્યા ઝવેરી—

બચુભાઇ, એટલે કે 'કુમાર'ના તંત્રી સ્વ. બચુભાઈ રાવત,. એ મારા 'ગોડ-ફાધર' – ગુજરાતીમાં શું કહીએ, 'ધર્મપિતા' કે 'પાલક પિતા'? પણ એમની ઓળખ કે એમના વિષે શું લખું? એમને તો સૌ ઓળખે. એમને માટે બધાં જ વિશેષણો ઓછાં પડશે. અને સૌએ જ એ પ્રયોજ્યાં હશે. 'બ' એટલે બહાદુર, બુઝર્ગ, બળવાન, (સદા)બહાર, બહુમુખી પ્રતિભાના ધારક, બહુશ્રુત, બહુમાનિત, બહુમૂલ્ય વગેરે. 'ચ' એટલે ચીવટવાળા, ચતુર, ચપળ, ચારિત્ર્યવાન, ચાલાક, ચાહનાર, ચાંપતી નજરવાળા, ચિઠ્ઠીપત્રી લખવામાં ચોકસાઈવાળા, ચિન્મય, ચિંતનશીલ ઈત્યાદિ. અને 'ભાઇ' એટલે ભાઈચારો, મૈત્રી, કોઈ નાનાને પણ પોતાના બરોબરીઆ ગણી માન આપે, દિલ ન દુભાવે એવા. અને છતાં પોતાની માન્યતામાં, મૂલ્યોમાં બાંધછોડ ન કરે. એમને મન કોઈ નાનો લેખક કે અનુવાદક એટલે નગણ્ય એવું નહિ.

ઈ. ૧૯૭૩માં મેં અનુવાદો કરવાનો આરંભ કર્યો, અને મે-જૂનમાં 'કુમાર'માં 'બનફૂલ'ની અનુવાદિત લઘુકથાઓ મોકલી. એકાદ-બે નહિ, ઉત્સાહમાં આવીને થોકબંધ જ મોકલી હતી.

નવો લેખક કે અનુવાદક વાર્તા મોકલે કે તુરત જ તંત્રીસાહેબ એ વાંચે જ એવું નહિ; અને વાંચીને કે ન વાંચીને 'સાભાર પરત' કરવાનો અધિકાર એમને હોય જ. પછી એનાં 'કારણો' જણાવવાનું કંઈ જરૂરી નથી હોતું, પણ બચુભાઈ તો એક નિરાળા જ તંત્રી. એમનું બધું જ અલગ, અનન્ય.

બધી વાર્તાઓનું વિશ્લેષણ કરતા. કારણો દર્શાવી વાર્તા ગમી, તો શા માટે ગમી; ન ગમી તો કેમ ન ગમી, અને ગમ્યા છતાં શા માટે ન રાખી એ ટૂંકમાં લખી જણાવતા. અલબત્ત, તંત્રીઓ નવોદિતોને આમ વિગતવાર લખવાને બંધાએલા નથી, પણ બચુભાઈની વિચાર-સરણી ખૂબ જ સ્વચ્છ, નિર્મળ, સ્ફટિક સમી પારદર્શક અને ખુલ્લા દિલની. ઉમરનો ભેદ નહિ. એવડા મોટા માણસ, પાંચ દાયકાથી તો 'કુમાર'નું સંચાલન કરે, એવા તેઓ મારા જેવી એક નવીસવી અનુવાદક, કે જેની એક પણ કૃતિ ક્યાંય છપાઈ નહોતી, તેને આમ પત્રો લખી જણાવે; ક્યારેક સફેદ કવર, ક્યારેક પીળાં પોસ્ટકાર્ડ તો ક્યારેક લીલા અંતર્દેશીયનું રૂપ ધરી મારી સમક્ષ રજૂ થાય. એમના જ શબ્દોમાં. તા. ૧૮-૯-'૭૩ના પત્રમાં લખે છે:

'...'કડવો લીમડો' વાર્તા સરસ છે. લીમડાને લક્ષ્મીવહુનાં ગુણ-દર્શન અને સ્થિતિ જોડે સરખાવવામાં સાહિત્યગુણ છે, પણ તેમાં લીમડાને પેલા કવિની જોડે ચાલી નીકળવાનું મન થાય છે એ વાતનું લક્ષ્મીવહુમાં આરોપણ થઈ જતાં લક્ષ્મીવહુના વ્યક્તિત્વને ઝાંખપ લાગે છે.' (અહીં બચુભાઈ સાહિત્યના માહેર દેખાય છે.)

'બે ભિક્ષુક' ફૅન્ટસીની દૃષ્ટિએ સારી ગણાય. વાસ્તવિક ભૂમિકા ઉપર એને બેસાડી ન શકાય. (અહીં વાસ્તવિકતાના ચાહક લાગે છે.)

'વૃંતચ્યુત' જુલાઈમાં, 'કાકનો કાંડ' ઑગસ્ટમાં આવી ગઈ. 'એક બીજી વાત' સપ્ટેમ્બરમાં આવે છે. 'નાથુની મા' વાર્તા રાખી છે. બીજી પાછી મોકલી છે. તમને નથી મળી જાણીને ચિંતા થાય છે. તપાસ કરશો. આની પહોંચ લખશો. આ ઉપરાંત બીજી વાર્તાઓ અહીં મોકલી હોય તો જણાવશો.' (એમની ચીવટ પ્રતિબિંબિત થાય છે.)

આવો જ સર્વાંગ ચોકસાઈવાળો એક બીજો પત્ર:

'તમને છેલ્લે પત્ર લખ્યા પછી શરદી અને તાવને બિછાને હતો. આજથી જરા સારું છે. વચ્ચે આરામના ગાળામાં તમારી બધી વાર્તાઓ વાંચી ગયો. (જાતમહેનત અને કાર્યમાં રસ.) ભાષાના લહેજા તમે સરસ ઉતારી શકો છો. માત્ર જોડણીની કચાશ ઘણી છે. (ભાષા-શુદ્ધિનો આગ્રહ.) પણ એ તો અમે સંભાળી લઈશું.'

અને પછી વાર્તાઓ વિષેની વિગતવાર નોંધ લખી છે જેમાંથી એમના દૃષ્ટિબિંદુની પણ ઝાંખી થાય છે. થોડા નમૂના—

'તાજમહાલ' ખરેખર સરસ વાર્તા છે, પણ તે ક્યાંક પ્રસિદ્ધ થઈ ગયાનો વહેમ છે.

'છાયા અને વાસ્તવ' ગમી છે, રાખી છે.

'ડ્વચ' અચ્છો પ્રયોગ છે, પણ 'કુમાર'ના વાચકો માટે તે કદાચ રોચક નહિ નીવડે.

'ભૈરવ અને પૂર્વી' ભાવગર્ભ સાહિત્યિક મૂલ્યવાળી કૃતિ, ગદ્ય-કાવ્ય, પણ એટલા મોટા રૂપમાં તે વાચકો માટે ભારે પડશે.

'ચોરનો ઉપદ્રવ' રસમય કિસ્સો ગૂંથ્યો છે. પણ કોઈ મર્મ નથી.

અને પછી ઉમેરે છે કે, 'તમે ખૂબ ઉત્સાહપૂર્વક લખી મોકલો છો તેની સામે આટલી બધી વાર્તાઓ પાછી આવેલી જોઈ કદાચ નિરાશ થશો, પણ મેં દરેકનાં કારણ આપ્યાં છે.

'કુમાર' માટે જીવનનો મર્મ દર્શાવતી, કોઈ ઉચ્ચ જીવનતત્ત્વ વ્યક્ત કરતી ઘટનાપ્રધાન અને અંતમાં અત્યંત અકલ્પ્ય વળાંક લેતી વાર્તાઓ વધુ અનુકૂળ છે. તમે ઓ. હેન્રીની અંગ્રેજી વાર્તાઓ વાંચી છે? એ 'બનફૂલ'નો જાણે સહોદર હોય એમ લાગે. ન વાંચી હોય તો વાંચશો. મારા પત્રનો સવળો અર્થ લો છો જાણીને સંતોષ લઉં છું.'

સાંભળ્યું છે કે મારી જેમ આમ અનેક નવોદિતોનો ઉત્સાહ ટકાવવાની અને માર્ગદર્શનની બચુભાઇએ સદાય ખેવના રાખી છે. બીજા પણ થોડા પત્રોના અંશ રજૂ કરું છું:

'અજ્ઞેય'ની બે વાર્તાઓ મળી બંને સારી લાગી. રાખી છે. આજ સુધી આવેલી વાર્તાઓમાં આ બે સૌથીસારી લાગી. એવી કક્ષાની જુદા-જુદા લેખકોની વાર્તાઓ શોધતાં રહેજો. બને તો ઐતિહાસિક પસંદ કરો.

અમૃતા પ્રીતમની વાર્તા આમ તો સારી છે. 'નવનીત'માં કુંદનિકા-બહેનને મોકલી જુઓ (અને એમનું સરનામું આપ્યું છે.) તમારી વાર્તા 'આરામ'માં જોઈ. 'ચાંદની'માં પણ જોવાની આશા છે... વાર્તા સારી છે, પણ લાંબી છે. કાગળની તંગીને લીધે લાંબી વાર્તાઓ લઈ શકાતી નથી. છતાં રાખી છે. મોટા અંક વખતે ઉપયોગમાં લઈશું.

હવેથી ટૂંકી વાર્તાઓ મોકલવાનું ખયાલમાં રાખશો.'

બીજા એક પત્રમાં લખે છે: 'તમારો પત્ર મળ્યો. એ પરથી લાગે છે

તમારો વિષાદ હજી ગયો નથી, અને તમે દુઃખી થઈ રહ્યા છો. પણ કોઈ સામાન્ય માણસ માટે આપણો લાખ રૂપિયાનો જીવ શા માટે બાળવો?

'કુમાર' માટે બેધડક અનુવાદ કરશો, દુઃખી ન થતાં નિરાશા છોડજો.' (અહીં એમના અંતરની લાગણી પ્રકટ થાય છે.)

વાર્તા અંગે પોતાની પસંદગી દર્શાવતાં એમણે એક વાર લખેલું, '...નવલકથા માટે સમય બહુ પ્રાચીન તો નહિ જ. એમાં કલ્પના તત્ત્વ બહુ હોય છે. નજીકનો ઇતિહાસ હોય તો સારું. દાખલા તરીકે ઈસ્ટ ઇંડિયા કંપની અને અંગ્રેજોના શરૂઆત-અમલ-સમયની. જેમાં બહાદુરી, વફાદારી, દેશપ્રેમ વગેરે જીવનનાં ઉચ્ચ મૂલ્યોનું નિરૂપણ હોય. વિચારી રાખશો.

અમારા કાગળના ક્વોટામાં વધારો થવાનો સંભવ હતો. એથી તમને લાંબી કથા માટે પુછાવ્યું હતું... દરમિયાન તમારાં બીજાં કોઈ સૂચનો હોય તો લખશો.' (સૂચનો! અને મારે એમને આપવાનાં!)

'વિનય બાદલ દિનેશ'ની છબીઓ અને ત્રણ રહસ્યકથા મળી છે. નિર્ણય પછી જણાવીશ. (લેખકની ઇંતેજારી પ્રત્યે સજગતા.)

આવા તો એમના સંખ્યાબંધ પત્રો મારી પાસે છે. બીજા પણ ઘણાની પાસે હશે જ; જે એમના નિર્ભિક, કુશળ, ધ્યેયવાદી, સંનિષ્ઠ, ઉદાત્ત તંત્રીને છાજે એવા બધા જ ગુણોથી મંડિત વ્યક્તિત્વનાં અનેક પાસાંને પ્રકટ કરે છે. સામયિકના એ શ્રેષ્ઠતમ તંત્રી, પણ એથી યે વિશેષ એક ખૂબ અચ્છા માનવી. લાગણીસભર, પક્ષીમાતા પોતાનાં બચ્ચાંને જેમ પાંખમાં સાચવી રાખે એવા.

'કુમાર'માં લગાતાર મારી વાર્તાઓ છપાતી ત્યારે મારા પ્રત્યે પક્ષપાતનો આરોપ કરતા પત્રોની ઝડીઓ એ ખમતા. મારે ભાગે તો આવતી મારા અનુવાદોની પસંદગીની પ્રશંસા! આમ આવો આડો માર તો બચુભાઈ જ ખમી ખાય.

એક નવા સામયિકના તંત્રીએ મારી પાસેથી વાર્તાઓ તો માગી જ, પણ સાથે મારું નામ બદલીને લખવાનું પણ સૂચન કરેલું. બીજી બાજુ મેં બચુભાઇને મારું નામ મારા અનુવાદ સાથે મૂકવાને બદલે માત્ર અનુક્રમણિકામાં જ મૂકવા કહેલું. પણ ના, બચુભાઈ એટલે બચુભાઈ. પ્રત્યક્ષ તો એમને હું ત્રણેક વાર જ મળેલી, અને તે યે બહુ થોડી વાર પૂરતી જ, પણ અમારો સંબંધ વિકસ્યો પત્રો દ્વારા. મેં સૌથી વધુ પત્રો મેળવ્યા હોય તો તે બચુભાઈ પાસેથી જ. એમાં ભારોભાર વાત્સલ્ય છલકાતું—મારા પર, 'કુમાર' પર, સાહિત્ય પર, કલા પર, જીવન પર. સત્યજિત રાયની વાર્તાઓ સંબંધે પણ એમનો જ આદેશ હતો કે મારે તેના અનુવાદો કરી આપવા. અને આજે જો સાહિત્યમાં સુકન્યા ઝવેરીનું અસ્તિત્વ હોય તો એનો યશ બચુભાઇને જ છે. અન્યથા મેં મારું લેખનકાર્ય ક્યારનું સંકેલી લીધું હોત.

ઘણું ઘણું લખી શકાય બચુભાઈ વિષે તો. એક ઇંગ્લિશ શબ્દ છે 'કિંગ-મેકર', ગુજરાતીમાં એવા કોઈ શબ્દ હોય તો મને તેની ખબર નથી, પણ બચુભાઈ એવા હતા. અનેકને એમણે લખતા કર્યા, અનેકને સાહિત્યાકાશમાં ઝગમગાવ્યા. મારા જેવી નગણ્ય અનુવાદકને આટલી ખ્યાતિ મળી હોય તો તે બચુભાઇ થકી જ. એમનું આ ઋણ હું કદી ચૂકવી નહિ શકું, 'પિતૃ દેવોભવ' કહી નતમસ્તકે એમને વંદન જ કરી શકું. ઊનાં આંસુનાં બે બુંદ સાથે એમના પ્રતિ પ્રેમ અને શ્રદ્ધા વ્યક્ત કરવા માટે શબ્દો ઓછા પડે છે, પણ આવા તંત્રી ગુજરાતી સાહિત્યમાં જડવા મુશ્કેલ છે એમ કહું તો તે અતિશયોક્તિ નહિ જ ગણાય. □

સ્મરણાંજલિ

ડા. શિવપ્રસાદ ત્રિવેદી

ઈ. ૧૯૨૭ની સાલમાં 'અણીની પળ'ની પ્રસંગલેખન-સ્પર્ધામાં 'હીરાને પહેલ પાડવાની આવશ્યકતા' અને '૩૨ની સાલમાં 'ટૂંકી શૈલીની આવશ્યકતા દર્શાવતો મરોડદાર અક્ષરોમાં મળેલો શ્રી બચુભાઈનો બોધ પથપ્રદર્શક તરીકે સ્વીકારી એકલવ્યની જેમ 'કુમાર'ના વાચન દ્વારા ઘૂંટવા માંડયો. '૪૩ની સાલમાં ઊમરેઠમાં સિવિલ જજ્જ પદે નિયુક્ત શ્રી બલવન્ત ભટ્ટને ત્યાં બચુભાઇના પ્રથમવારના મેળાપ વખતે હળવી વાતોમાં હૃદયની કામગીરીની વિગતો આલેખતાં તેમનું ધ્યાન ખેંચાયું. 'સામાન્ય સમજદારીવાળા જ્ઞાનેપ્સુ માણસને પથ્ય અને રોચક' એવું લખવા એમણે સૂચન કર્યું અને '૪૯ની સાલમાં 'કુમાર'માં મારો પ્રથમ લેખ પ્રગટ થયો.

પણ ત્યારથી આરંભીને છેક સુધી ટેકનિકલ અને અઘરા વિષયમાં ભાષા જેમ બને તેમ સાદી વાપરવાનો તેમનો આગ્રહ રહેતો, અને વિષય દુર્બોધ તેમ જ કંટાળાજનક ન બને તેની તકેદારી રાખવા તેઓ મને હમેશાં ટપાર્યા કરતા. વૈજ્ઞાનિક બાબતોને ન છૂટકે સંસ્કૃત શબ્દો વાપરી સમજાવવી પડે ત્યાં બચુભાઇએ લાલ બત્તી ધરી જ હોય. મારાં દુર્બોધ, ક્લિષ્ટ, દુરાન્વયી કે તરજુમિયા લખાણને એ 'કુમાર' માટે સ્વીકારતા નહિ. અસ્પષ્ટ લખાણની સ્પષ્ટતા કરે યા શંકાસ્પદ કે પૂરો અર્થ સમજી ન શકાય તેવાં લખાણ પરત કરી દે. અને આમ, 'કાયાની કરામત' લેખમાળા પછી તેમના પ્રોત્સાહન અને પ્રેરણાથી 'કુમાર'માં મેં પાંચ લેખમાળાઓ લખી. એ તથા આજ સુધીનું મારું પ્રકીર્ણ લખાણ તેમની કડક ચકાસણીમાં પસાર થયા પછી જ પ્રસિદ્ધ થયું. મારે માટે, તેમના સંપાદન હેઠળ લખવાનો આ અનુપમ લહાવો હતો.

કેટલીય વાર બચુભાઇને ઘેર અને કાર્યાલયમાં મળવાનું થયું. ભાવભર્યા સત્કાર સહ કામ વેગળું મૂકી મિત્રના સૌહાર્દથી પેટભરી વાતો કરી છે. પંચોતેર-એંસીની ઉંમરે પણ તેમની પ્રતિભા ઘરડી બની ન હતી. સ્ફુટ ચેતનાથી એમણે વાતો કરી છે. તેમાં આરોગ્યની વાતો તો હોય જ, જેમાં તેમની નાજુક દેહયષ્ટિમાં નબળી હોજરી, દૂઝતા હરસ, મળત્યાગ પછી આમણ અને પ્રોસ્ટેટ-વૃદ્ધિની પીડા વિષે ઘણી વાતો થતી. પણ પોતાના સ્વાસ્થ્યની જાળવણી અંગે યે એમના કેટલાક ચુસ્ત ખયાલો હતા. કેટલું ય કહેવા છતાં એમણે હરસની શસ્ત્રક્રિયા ન જ કરાવી, અને જ્યારે તે કરાવવી જ પડી ત્યારે ય એમણે દેશી પદ્ધતિનું લિગેચરિંગ કરાવ્યું. છેલ્લા દિવસોમાં ઝાડા વાટે પુષ્કળ લોહી પડ્યા બાદ રક્તસંચારણ માટે આગ્રહ કર્યો તો તેનો મક્કમતાથી વિરોધ કર્યો. પણ છતાં એમણે પોતાના શરીરસ્વાસ્થ્ય અંગે અજબ ચીવટ રાખી હતી. તેમને આયુર્વેદીય ઔષધો માટે આગ્રહ રહેતો અને સૂચવેલા ઔષધની શરીર ઉપરની ક્રિયાઓ વિગતથી જાણી લેતા. શરીર સચવાઈ રહે એવી રીતે સૂક્ષ્મ કહેવાય એવો ખોરાક સુનિયોજિત બનાવી એમણે પોતાનું શારીરિક સ્વાસ્થ્ય કાર્યક્ષમ રાખ્યું હતું. પોતાનાં કામમાં ખૂબ રસ અને નિયમિત રહેણીકરણી એ એમના આરોગ્યભર્યા દીર્ઘજીવનનું રહસ્ય હતું. એમની સાથેની વાતોમાં સદાય જીવનમાંગલ્યનો સૂર સાંભળ્યો છે, કદી પણ નિરાશા જોઈ નથી. હા, કોઈના ન ગમતા વ્યક્તિત્વ માટે તેમણે હળવી વાણીમાં અણગમો અને પ્રકોપ

વ્યક્ત કર્યા હશે ખરા. ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા માટે તેઓ કહેતા, 'ભર દરિયે ડોલતા વહાણને સ્થિર રાખનાર લંગરની જેમ ભવસાગર પાર કરવા પરમાત્મા પ્રત્યે શ્રદ્ધાનું લંગર હોવું જોઈએ.'

સ્વાસ્થ્ય જાળવવા ખુલ્લામાં નિયમિત ફરવા જવા વારંવાર કહેવામાં આવતું તો એ રાયપુર બસ-સ્ટેન્ડથી કાર્યાલય સુધી ચાલતા આવવાનો કાર્યક્રમ કહેતા. જોકે છેલ્લેછેલ્લે એમણે ઘરની નજીક થોડે દૂર સુધી ફરવા જવાનો ક્રમ સ્વીકાર્યો હતો. સમય બચાવી 'કુમાર'ના સંપાદનમાં પરોવાયેલા રહેવાની દિનચર્યામાં સાહિત્ય વાંચી ન શકવાનો અફસોસ વ્યક્ત કરતા અને તે માટે ટૂંકી પણ માંદગીનો આરામ ઇચ્છતા હતા. અને છેલ્લી માંદગીમાં અશક્ત અને નિસ્તેજ બની પથારીમાં પડ્યા ત્યારે પણ તે હસતા મુખે માધુર્ય અને પ્રકાશ રેલાવતા રહ્યા હતા. આમ, સમગ્ર આયુષ્ય પોતાના જીવનધ્યેયમાં જ અર્પનારા બચુભાઈ સૌજન્યમૂર્તિ, નિરભિમાની નિખાલસ અને વાત્સલ્યભર્યા હતા. તેમની મૈત્રીને હું મારું સદ્‌ભાગ્ય લેખું છું. □

અમૂલ્ય રત્નોની ખાણ

(સ્વ.) બહાદુરશાહ પંડિત

બચુભાઈને પહેલી જ વાર મળવાનો પ્રસંગ પડ્યો. ઈ. ૧૯૫૨માં. એ સમયે હું ગુજરાત કૉલેજમાં જુનીઅર બી.એ.માં હતો અને 'કુમાર'માં સહસંપાદક માટે આવેલી જાહેર ખબરના સંદર્ભમાં એમને મળવા એમના નિવાસસ્થાન 'નેપથ્ય'માં ગએલો. એ કુમાર કાર્યાલય જવાની તૈયારી કરતા હતા અને હું જઈ પહોંચ્યો.

'આવો' એમની લાક્ષણિક ભાવવાહી વાણીથી આવકારી મને કહ્યુ: 'તમને વાંધો ના હોય તો આપણે બસ સ્ટેન્ડ સુધી ચાલતાંચાલતાં વાત કરીએ. મારી બસનો સમય થવા આવ્યો છે.' અમે સાથે ચાલતાંચાલતાં વાત કરી. એમણે મારા વિશેની તમામ વિગતો જાણી લીધા પછી એક પિતાના વાત્સલ્યથી કહ્યુ, 'તમે બી.એ.નું વર્ષ પૂરું કર્યા પછી મને મળજો. એક વર્ષ માટે તમારી આખી કારકિર્દી બગડે એવું હું ન ઇચ્છું.' અને છેલ્લે બસમાં બેસતાં પહેલાં ખૂબ ભાવથી બોલ્યા, 'ખાડિયામાં રહો છો તો બુધવારે બુધસભામાં આવતા હો તો?' આ પહેલા જ પરિચયમાં એમની નિયમિતતા, વિવેક, સૌજન્યશીલતા અને વત્સલતાનાં જે દર્શન થયાં એ હજી સુધી અક્ષુણ્ણ જ રહ્યાં છે.

અને પછી પ્રિયકાન્ત મણિયાર સાથે બુધસભામાં જવાનું શરૂ કર્યું. એક ટીખળી મિત્ર હરિવદન પટેલે એક વાર કહ્યું કે આપણે પણ એક કાવ્ય લખીને આપીએ. પોતાના નામ સાથે હાથોહાથ કાવ્ય આપવાની હિંમત તો ચાલે નહિ એટલે ટપાલમાં એક જોડકણું મોકલાવ્યું.

પછીના બુધવારે અમે અમારા કાવ્યનું 'પોસ્ટ-મોર્ટમ' થતું જોવા કાન માંડીને બેઠેલા. બચુભાઇએ એમની ઢબે કાવ્ય વાંચ્યું અને પ્રિયકાન્તભાઈ સામે જોઈ પૂછ્યું, 'કેમ લાગે છે?'

'કવિતા ક્યાં છે? આ તો જોડકણું લાગે છે.' 'પણ આ પ્રદીપ દેસાઈ કોણ હશે? સરનામું ખાડિયાનું છે?' એમણે જરા ગંભીરતાથી પૂછી અમારી સામે જોયું અને ઉમેર્યું, આ મિત્રોમાંથી તો કોઈ નથી ને?'

પ્રિયકાન્તભાઈએ અમારી ઓળખાણ આપી કહ્યું, 'ના, આ તો કવિતા-રસિયા મિત્રો છે. કવિ-યશ-લાલચુ નથી.' અમે બચી તો ગયા પણ એમની વેધક નજરનો ખયાલ આવી ગયો હતો.

ઈ. ૧૯૬૦માં તો એમની સામે બેસી કામ કરવાની તક મળી. એ વખતે હું 'શ્રીરંગ'ના સંપાદક સ્વ. જયંતકુમાર પાઠકના મદદનીશ તરીકે કામ કરતો એ જાણીને બચુભાઈએ મને બોલાવ્યો. મેં કહ્યું, 'જયંતકુમાર પાઠકની રજા લઇને આપને હા પાડી શકું.'

એમણે કહ્યું, 'એમને વાંધો હોય અને એમના કામમાં મુશ્કેલી પડે તો મને ના પાડતાં સંકોચ ના રાખશો.'

બીજા દિવસે જયંતકુમાર પાઠકને પૂછ્યું તો એમણે કહ્યું, 'કુમાર'-માં કામ કરવાની તક મળે એ તમારું સદ્‌ભાગ્ય છે. બચુભાઈને તો એક પાઈ પણ લીધા વિના મદદ કરવી જોઈએ. એમને મારાં વંદન કહી કહેજો કે મને જરા પણ વાંધો નથી.'

અને બચુભાઈના હાથ નીચે જીવનચરિત્રો લખવાની કસરત શરૂ કરી. એ મારો ઘડતર-કાળ હતો જરા પણ ક્યારા ચાલે નહિ. છતાં તમે નોકરી કરો છો એવું કદી બંધન લાગે નહિ એવા આહ્લાદક વાતાવરણમાં કામ કરવાની બે વર્ષ સુધી મઝા લૂટી.

એ સમયે લગભગ રોજ એમની પાસે બેસવાની તક મળી. એમના જમાનાની અનેક વાતો એટલી સરસ રીતે સંભળાવે કે એમની પાસેથી ઊઠવાની ઇચ્છા જ ન થાય. વિવેક, રીતભાત અને ચોકસાઈના ખૂબ આગ્રહી એટલે નાનીનાની વાતમાં પણ એમની પાસેથી ઘણું જાણવાનું મળે. એમના વ્યક્તિત્વનું એક જ વાક્યમાં વર્ણન કરવાનું હોય તો હું એમને અમૂલ્ય રત્નોની ખાણ સાથે સરખાવું.

એમની પાસેથી સાહિત્ય, સંગીત, ચિત્ર, શિલ્પ, સ્થાપત્ય, નૃત્ય, અભિનય આદિ કલાઓ વિષે વિપુલ માહિતી તો મળે જ, પણ સાથે સાથે ટાઇપ, મુદ્રણ, કાગળ, પ્રેસ ઈત્યાદિ આનુષંગિક બાબતો અને બીજી ઘણી બધી વિદ્યાશાખાઓ અંગે પણ માહિતી મળી આવે. 'કુમાર'ના પાનેપાને મળતી વિવિધ પ્રકારના વિજ્ઞાનોની માહિતી એમની જાગ્રત પ્રજ્ઞાનું પરિણામ હતું.

વાસ્તવમાં બચુભાઇ હરતાફરતા આકરગ્રંથ હતા. એમના વિપુલ વાચન મનન અને ચિંતનનો એમણે આગામી પેઢીના અભ્યુદય માટે ઉપયોગ કરીને એક વ્યક્તિ ધારે તો યુનિવર્સિટીની ગરજ સારી શકે એ આદર્શ ચરિતાર્થ કર્યો. એમની પાસે બેસીને 'કુમાર'ના સંપાદનમાં મદદ કરવાની જે અમૂલ્ય ક્ષણો મળી હતી એ મારા જીવનનું ચિર સ્મરણ બની રહેશે. □


'શ્રી બચુભાઇએ 'કુમાર'માં કચ્છ વિષે એક રસમય લેખમાળા પ્રસિદ્ધ કરીને કચ્છ બહારની દુનિયાને કચ્છના ઇતિહાસ ભૂગોળ, લોકકથા, સાહિત્ય, સંસ્કૃતિ, કલા-કારીગરી આદિ નિરૂપતાં લખાણોથી પ્રથમ વખત જ સારી પરખ આપી હતી.'

(માંડવી નગરપાલિકા)

એક બીજા બચુભાઈની વાત!

વિનોદ ભટ્ટ

કેરિકેચર: ચકોર



વચ્ચે એક કાર્યક્રમમાં મારો પરિચય આપતાં રઘુવીર ચૌધરીએ કહેલું: 'બચુભાઈએ 'કુમાર'માં 'વિનોદની નજરે' લેખ શ્રેણીમાં એવા કેટલાક લેખો પ્રગટ કર્યા છે જે જોઈને મારી જેમ ઘણાને આશ્ચર્ય થતું કે આ એ જ બચુભાઈ છે!...'

બચુભાઈની આ વિશિષ્ટ ખાસિયત હતી: 'બીજા બચુભાઈ લાગવાની.' રાવજી, લાભશંકર અને આદિલ પરના લેખો લખતી વખતે મને લાગતું કે બચુભાઈ આ નહિ છાપે. રાવજી તો એક વખત તેમની પાસે જઈને પોતાની કવિતાય પાછી લઈ આવેલો; 'તમને મારી કવિતા નહિ સમજાય' એમ કહીને. પણ આ વાત બચુભાઈએ મને રાવજી પરનો મારો લેખ છાપ્યા પછી કરેલી, 'રાવજીએ તમને આવું કહ્યું ત્યારે તમને માઠું ન લાગ્યું?' એવું મેં પૂછ્યું ત્યારે હસી પડતાં એ બોલેલા: 'એમાં માઠું શું લગાડવાનું!... ગાંડિયો હતો એ તો... પછી પાછો ભૂલ થઈ ગઈ એવું કહેવાય આવેલો... ચોખ્ખા દિલનો હતો એ.'

અને લાભશંકર ઠાકર પરનો લેખ 'કુમાર'માં પ્રસિદ્ધ થયા પછી અઠવાડિયા સુધી તેમણે લાભશંકર તરફથી નોટિસની રાહ જોએલી. એ બાબત વાત નીકળતાં મેં તેમને કહ્યું: 'નોટિસ આવશે એવું તમને લાગતું'તું તો પછી એ લેખ નો'તો છાપવો... નાહકના એટલા દિવસ ચિંતામાં કાઢ્યા ને?' તો એ કહે: 'મારી દૃષ્ટિએ તમે જે કંઈ લખ્યું છે એ બરાબર છે. તેમને ડીફેઈમ કરતું તમે તો લખ્યું જ નથી... અને આ લેખમાળા શરૂ કરવા અગાઉ આ બધું મેં વિચારી જ રાખ્યું હતું.'

કોઈ વાર લખતાંલખતાં 'કુમાર' કે બચુભાઈની મીઠી મજાક થઈ ગઈ હોય તો એ વાંચીને એ મરકે. તારક મહેતા વિશેના લેખમાં મેં લખેલું: 'કુમાર' એ જ સાચું લિટરેચર છે એવી ખોટી સમજ તે ધરાવતા ને એ 'કુમારે' જ તેમને કવિ તરીકે ફૂંકપીતા કરી દીધા. (જો કે તેમના પિતાશ્રી જનુભાઈ એ માટે 'કુમાર'નો આભાર માને છે)'.

સાથે એ પણ ખરું કે કોઈ સ્વમાનભંગ ન થાય એ માટે બચુભાઈ ખાસ કાળજી લેતા. ચન્દ્રકાન્ત બક્ષીનો લેખ છપાયા પછી બક્ષીએ એક પત્ર મારા પર મોકલ્યો. જેમાં તેમને પોતાને, મને ને બચુભાઈને બાદ કરતાં આખા વિશ્વને ગાળો આપેલી. શરૂઆત આ રીતે કરેલી: 'મેં મારી જિંદગીમાં સુરેશ જોષીની જેમ ચમચાઓ રાખ્યા નથી કે મધુ રાયની જેમ માલિકો રાખ્યા નથી. કોઈ ઉમાશંકર જોશીની આંગળી પકડીને કે યશવંત શુક્લની આસપાસ ભમરડાની જેમ ફરીને હું ગુજરાતી સાહિત્યમાં આવ્યો નથી...' પછી તો ચારેક પાનાં ભરીને બબ્બઈ-ચા લેખકો, રેડિયો, ટી.વી., ગુજરાતી રંગભૂમિ વગેરે માટે અનન્ય વિશેષણો વાપરેલાં. બક્ષીને ન્યાય આપવા ખાતરે ય મારે કહેવું પડશે કે તેમનાં વિશેષણો માટેના વિષયોનો વ્યાપ પણ ખાસ્સો મોટો હતો. મેં એ કાગળ બચુભાઈને આપીને કહ્યું: આ પત્ર 'વાચકોના પાના'માં છાપવા માટે બક્ષીએ મારા પર મોકલ્યો છે' પત્ર વાંચી બે મિનિટ ચૂપ રહ્યા બાદ બચુભાઈ બોલ્યા: 'ના છાપી શકાય. 'કુમાર' કોઈ કુસ્તીનો અખાડો નથી કે બીજાઓના ટંટા આપણાં પાનાં પર લાવીએ. હા, હજી મને કે તમને તમારા લેખ સંબંધી કશું કહીને ગાળો આપી હોત તો તે ચોક્કસ છાપત. પણ આ ગાંડિયાએ તો...... મૂકો એ વાત.'

બચુભાઈએ લેખક-કવિઓની ગાળો પણ ખાધી છે. એક કવિ-મિત્રે તો તેમના પર એક કાવ્ય લખીને છપાવેલું પણ ખરું. ('કુમાર'ના કૅમ્પોઝિટર ભાઈઓની લાગણી સમજીને તેની પહેલી પંક્તિ પણ લખી શકાય એમ નથી. સૉરી! એ કાવ્યમાં પ્રયોજાએલા એક શબ્દ વિશે ગુજરાતી સાક્ષરોમાં ઠીકઠીક ચર્ચા થઈ હતી. એ ચર્ચાને અંતે એક વિદ્વાને કહેલું કે આમાં એક અક્ષરની કરકસર છે, બાકી તો ચોખ્ખી તે ગાળ જ છે.) આ કાવ્ય વાંચીને બચુભાઈ થોડા દુભાએલા પણ ખરા. હું કોઈ કામ પ્રસંગે બચુભાઈ પાસે ગયો ત્યારે તે કોઈકની સાથે એ કવિતા બાબત જ વાત કરતા'તા. મને જોયો એટલે બચુભાઈ સાથે વાત કરનાર સજ્જને જણાવ્યું: 'તમે તમારી 'સંદેશ'ની કૉલમમાં આ વિષે કંઈક લખો.' માર્યા! આપણે તો ધર્મસંકટમાં મુકાઈ ગયા. પેલા કવિએ કયા કારણે આ કવિતા કરેલી એનીય મને ખબર નહિ. પેલા સજ્જને બચુભાઈ પ્રત્યેની સહાનુભૂતિને કારણે જ મને કદાચ આમ કહ્યું હશે. આમાંથી છટકવા બચુભાઈ સામે જોતાં હું બોલ્યો. જુઓ, આ કવિતા એવા પત્રમાં છપાઈ છે કે 'બૌદ્ધિકો સિવાય ખાસ કોઈએ વાંચી પણ નહિ હોય. હવે હું જો એના વિષે લખીશ તો બધા કુતૂહલથી એ કવિતા વાંચવા પ્રેરાશે. એટલે હું તો ઇચ્છું છું કે તમે પણ જાણે એ કવિતા નથી વાંચી એમ માની લો.' મારી સામે બે-પાંચ પળ તાકી રહ્યા પછી બચુભાઈ બોલ્યા; 'તમારો મુદ્દો બરાબર છે. આ વાતને 'ઈગ્નોર' જ કરવી જોઈએ.'

મૂલ્ય વિશે પણ બચુભાઈના ખયાલ ઊંચા. છેલ્લી વાર તે લંડન જવાના હતા ત્યારની વાત છે. લંડન જવા માટેની પ્લેઈનની ટિકિટ આવી ગઈ; પણ અહીંથી મુંબઈ જવાનું ટ્રેઈનનું રિઝર્વેશન મળે નહિ. 'કુમાર'માં લેખ આપવા ગયો ત્યારે એ થોડા નર્વસ જણાયા. તેમના સુપુત્ર અશોકભાઈએ મને વાત કરી કે 'તમારી સામે રેલવેના રિઝર્વેશન ઑફિસર શાન્તુભાઈ રહે છે એમને તમે કહો તો કામ થઈ જાય.' મેં શાન્તુભાઈને આગ્રહપૂર્વક કહ્યું કે બે દિવસ પછીની લંડનની ટિકિટ બચુભાઈ પાસે છે. તેમને ગમે તેમ કરીને 'સ્લીપર'ની વ્યવસ્થા કરી આપો તો સારું. ના હોય તો વી.આઈ.પી. કોટામાંથી ટિકિટ અપાવો. બચુભાઈ તો પદ્મશ્રી પણ છે.'

'બસ, તો તો 'ઈઝીલી' પતી જશે. તેમની પાસે અરજીમાં એટલું લખાવી લાવોને!'

ને બચુભાઈને એ પ્રમાણે કરવા જણાવ્યું તો એમણે મોઢું બગાડી સાફ કહી દીધું: 'સરકારે મને આ રીતે વટાવવા માટે પદ્મશ્રી નથી બનાવ્યો. એ વગર થઈ શકતું હોય તો જુઓ.'

એ જ પ્રમાણે 'કુમાર'ની મારી વ્યક્તિચિત્રોની લેખમાળામાં બચુભાઈ વિષે લખવા માટે ઘણા વાચકોએ પત્રો દ્વારા આગ્રહ કર્યો. મેં પણ વિનંતી કરી. જવાબમાં બસ, એક જ વાત: 'હું તંત્રી હોઉં એ સામયિકમાં મારા વિશે લેખ લખાય એ ઈનડીસન્ટ–ભદ્દું લાગે. જરાય ના શોભે.' મેં કહ્યું કે, 'એવું હોય તો તમે છપાએલો લેખ ના વાંચશો, બસ.' તો યે તે ન માન્યા; ને 'કુમાર'માં તેમના પર લેખ લખ્યો ત્યારે એવા ટાણે લખ્યો કે તે વાંચે જ નહિ. જેમના ભવિષ્ય માટે બચુભાઈ સદાય ચિંતિત રહેતા એવા આવતી કાલના યુવાનો માટે તે દંતકથાના માણસ જ લેખાશે. □

સ્વ. બચુભાઈ: જેવા મેં જોયા-જાણ્યા

—સરોજ ત્રિવેદી—

'કુમાર'ના મુખપૃષ્ઠ પર ભલે હવે 'તંત્રી બચુભાઈ રાવત' લખેલું જોવા ન મળે, પણ આ નામ હજારો હૃદયમાં અને કાળની પરિપાટી પર નિશ્ચલ છપાઈ ચૂક્યું છે. સાડા નવ થયા ને કુમાર કાર્યાલયમાં બચુભાઈ આવ્યા નથી એ વાત આકાશ નિરભ્ર છે ને સૂર્યોદય થયો નથી એવી લાગે. કારાગારમાંથી ઘડીભર છૂટેલો કેદી બહાર વહેતી તાજી હવાને ફેફસાંમાં ઊંડેઊંડે સમાય તેટલી ભરી લે અને સૂર્યતેજને મનભરીને આંખોમાં આંજી લે એવી રીતે મેં બચુભાઈને મનમાં ઉતારવાના બાલિશ પ્રયાસ કર્યા છે. સૂર્યમાં અનેક રંગો હોય છે ને તે બધા સૂર્યની તેજપ્રભાને પડછે આવરાઈ જાય તેમ બચુભાઈમાં બધા રંગો ઘૂંટાઈને એક જ રંગ દૃશ્યમાન થતો તે નિષ્ઠાનો રંગ.

આજે બચુભાઈ નથી, પણ સ્મરણ તટે બચુભાઈની સ્મૃતિઓનાં ફેનિલ મોજાંઓ સતત અફળાય છે. આજથી ત્રણેક વર્ષ પહેલાં બચુભાઈને પહેલી વાર મળ્યો તે આછરેલા વીરડામાં સ્પષ્ટ દેખાતી કાંકરીઓ જેવું યાદ છે. બચુભાઈને મળવા કુમાર કાર્યાલયમાં વહેલો જઈ બેઠો. રામીભાઈએ 'લગભગ' જેવો કોઈ શબ્દ વાપર્યા વગર કહ્યું હતું, 'બચુભાઈ સાડા નવે આવશે'. બરાબર સાડા નવે કાર્યાલયના અંધારામાં ડેલામાં બચુભાઈનો સુરવાલ-ઢાંક્યો પગ સૂરજનું કિરણ અંધારામાં પ્રવેશે તેમ પ્રવેશ્યો હતો. પુછાવતાં બચુભાઈએ 'ગામડેથી મળવા આવ્યો છો તો દસ મિનિટ આપું છું, આવો' કહી મને આવકાર્યો હતો. મારી પહેલી કૃતિ 'કુમાર'માં છપાઈ હતી તેનો સંદર્ભ રાખી મેં બચુભાઈ સાથે વાતોનો દોર સાંધ્યો. પછી મારે બોલવાનું ઓછું હતું– બચુભાઈને પૂછવાનું વિશેષ હતું–ક્યાંના? કેમ ભણ્યા? કેમ લખતા થયા? કેમ ચીતરતા થયા? કુટુમ્બમાં કોણ? ઘણુંઘણું. દસ મિનિટ પછી હું ચોથવાયો તો બચુભાઈ કહે: 'બેસો, આ મારાં કામનો એક ભાગ જ છે.'–પછી બચુભાઈએ એક કુશળ ઉત્ખનનકર્તાની અદાએ મારા મનનો ખૂણેખૂણો ખોદી કાઢ્યો. હું શહેરમાં ભણવા ગયો ત્યારે મને વળાવતાં અધરસ્તે વિદાયની છેલ્લી શિખામણ આપતા પિતાજી અને ચિત્રો દોરવાની પ્રેરણા આપતા મારા મોટા ભાઈનું ત્યારે મને સ્મરણ થઈ આવ્યું હતું. એક પિતા પોતાના સંતાન પ્રત્યે માયાળુ હોઈ શકે એટલા માયાળુ હતા બચુભાઈ.

'કુમાર' જેવું અણીશુદ્ધ સાહિત્યિક માસિક સત્તાવન વર્ષ પસાર કરે તે ગુજરાતના વ્યાપારિક માનસ પ્રમાણે 'જાદુ' કહેવાય. આ જાદુ બચુભાઈની નિષ્ઠા દ્વારા સિદ્ધ થયો તે નિઃશંક છે. ઉત્તેજનાના આ યુગમાં 'કુમાર' આજે પણ એ જ ઉચ્ચ રુચિઓ, અભિગમો જાળવી રાખી પ્રકટે છે. બચુભાઈ 'કુમાર' માટેની સામગ્રી-ચયનમાં બાંધછોડ કરવાનું પસંદ કરતા નહોતા. મારી એક વાતામાં–'તું મારા ઘરમાંથી ચાલી જા'–એવા શબ્દોને હિસાબે વાર્તાને પરત કરતાં બચુભાઈએ લખેલું. 'કુમાર માટે અમારો આગવો દૃષ્ટિકોણ છે. એ દૃષ્ટિકોણમાં જે કૃતિ નથી આવતી તેવી કૃતિ અમે ચાહે એટલી ઉત્કૃષ્ટ હોય તો પણ પરત કરીએ છીએ. આવી ઘણી કૃતિઓ અન્યત્ર પુરસ્કૃત પણ થાય છે. પણ તે 'કુમાર' માટે વર્જ્ય રહેવાની'. આથી જ અર્ધી સદીથી લાંબી એ 'કુમાર'ની દડમજલ એકધારી ચાલુ રહી છે. 'કુમાર'ની લાંબી સંઘર્ષપૂર્ણ યાત્રાના સંઘસંચાલક બચુભાઈએ કાયમ સંઘની પછવાડે ચાલવાનું પસંદ કરેલું. ક્યારેક સમ ખાવા પૂરતા 'ઈ. ત.' કે 'બ. રા.' રૂપે એક ખૂણે યાત્રિકોને ક્ષણેક 'કાં, ...કેમ છો?' એવું ખબર-અંતર પૂછવા જેવું મળી લેતા.

કોઈ અહમ્‌ભાવ વગર સત્યને સ્વીકારવામાં બચુભાઈ અચકાતા નહિ. મારી એક કૃતિને અન્ય એક સર્જકની કૃતિને કારણે હાનિ પહોંચતી હતી તેની મેં બચુભાઈને ફરિયાદ કરતાં, બચુભાઈએ મને બ્રાહ્મણધર્મ પ્રમાણે ક્ષમા અર્પવા સલાહ દીધેલી. પરંતુ પછી મારી વાતમાંના સત્યની પ્રતીતિ થતાં એમણે મને લખેલું 'તમારી ફરિયાદના મુદ્દા ફરી વાંચ્યા, તેમાં સત્ય જણાય છે, તમારી વાતને 'કુમાર'માં સ્થાન આપું છું.'

શરૂમાં હું મારાં સર્જનો સમેત સઘળો પત્રવ્યવહાર મારા ઉપનામે કરતો. પણ તે બચુભાઈની સૂક્ષ્મગ્રાહી દૃષ્ટિ કેમ ચૂકે? મને એમણે અચાનક જ ઊંઘતો પકડી પાડ્યો અને તે વિષે મને લખ્યું. તેનાથી મને આશ્ચર્ય થયું હતું, પણ આજે નથી થતું.

બચુભાઈ નવા સર્જકમાં કંઈ ભાળે તો તેની કૃતિને 'સાભાર પરત' લખી જવાબદારી પૂરી કરતા નહિ, પણ લખતા કે 'તમારી કૃતિઓ પાછી વાળીએ છીએ એનો અર્થ એવો નથી કે તેની સાહિત્યિક ગુણવત્તા ઓછી છે. પણ તે 'કુમાર'નાં ધારાધોરણને સંતોષતી નથી. એવું લખાય ત્યારે અવશ્ય મોકલશો.' ક્યારેક હળવેથી દિશાસૂચન પણ કરે 'કૃતિ સુંદર છે, અમુકને મોકલો, જરૂર છાપશે'–અને તેનું સરનામું પણ લખે. મેં ઘણી વાર આવી વાત્સલ્યભાવના વહેવરાવતા બચુભાઈના વાર્ધક્યતેજે દીપતા મોં પર એક આછેરું સ્મિત રમતું જોયું છે.

જેઓમાં સૂર્ય જેવી પ્રચંડ તેજસ્વિતા હોય તેઓમાં સાગરનું ઊંડાણ પણ હોય. બચુભાઈને 'કુમાર'ના આ પ્રલંબ પથ પર અનેક સર્જકો સાથે પ્રસંગો પડ્યા હોય. પણ બચુભાઈ બધા સાથે કાયમ એકસરખા. પાંખો આવ્યે ઊડી જનારા કોઈકોઈ સર્જકને યાદ કરતાં યે એ લીમડામાંથી શીતળતા જ ઝરતી. નહિ કોઈ પૂર્વગ્રહ કે પક્ષપાત, માત્ર પિતા સમ ક્ષમા વરસાવતા રહે. નવાં કદમ માંડનારને એમના મનના દુઃખનો અણસારેય ન આવવા દે. 'બચુભાઈ સાહિત્યની દુનિયામાં અભણ માણસ ગણાય' એવું ખુલ્લંખુલ્લાં કહેતા એક સારા

સર્જકની ઘણી કૃતિઓ 'કુમાર'માં મેં પ્રકટેલી જોઈ છે.

બચુભાઈના વિચારો સાત્ત્વિક, ધ્યેય-ધારાધોરણો ઊંચાં. પણ એ બધાંમાં એમના ધવલ સાદા પોશાકની સાદગી સર્વત્ર કળાય. બચુભાઈને ક્લિષ્ટ શબ્દસમૂહોવાળી કૃતિઓ બહુ રુચતી નહિ. સાદી સરળ અભિવ્યક્તિમાં અર્થબોધ ઉપજતો ન હોય તો તે અર્થહીન છે એવું બચુભાઈ માનતા. પરંતુ એનો અર્થ એવો નહિ કે કોઈ એ અભિવ્યક્તિને અવિકૃત રીતે સમજાવી શકતું હોય તો તેની પણ અવગણના કરવી. ઍબ્સ્ટ્રૅક્ટ આર્ટ પર અગાઉ 'કુમાર'માં છપાઈ ગયેલા લેખો બચુભાઈના ઇજનથી જ લખાયેલા.

'કુમાર'નું વર્ષ પૂરું થવામાં હતું. ત્યારે હું બચુભાઇને મળવા ગયો હતો, ત્યારે છેલ્લે બચુભાઇએ કહેલું, 'આપણે એક ટીખળ કરીએ, આ વખતનો કુમાર-ચંદ્રક ભગવતીને મળે છે તે અમારા ત્રણ સિવાય કોઈ જાણતું નથી, ને હજી તેની જાહેરાત બાકી છે. આપણે તેને ચમકાવીએ. તમે ભગવતીને કુમાર-ચંદ્રક મળ્યાના અભિનંદન લખો... જો જો, મજા પડશે.' મારું ધ્યાન તો એમની આંખોમાં ભાઈ ભગવતીકુમાર શર્મા પ્રત્યે છલકાતો સ્નેહ જોવામાં પરોવાયું હતું.

જેવું આંટીઘૂંટી વગરનું બચુભાઈનું જીવન, એવાં જ બચુભાઈનાં પસંદગી-ધોરણો. બચુભાઇને કાવ્યોમાં દેવજીભાઈ મોઢા ને વાર્તાઓમાં અશ્વિન દેસાઈ પસંદ. પોતાની આ પસંદગી બચુભાઇ આધુનિક હોવાના કોઈ દંભ વગર વ્યક્ત કરતા.

લગભગ વરસેક પહેલાં મેં બચુભાઇને પૂછેલું, (ત્યારે એમને સંભળાતું ઓછું, અને મારો અવાજ એટલો કર્કશ કે મોટેથી બોલું તો હું બચુભાઈ સાથે ઝગડો કરું છું તેમ લાગે એટલે) લખીને પૂછેલું: 'તમે ઘડી રાખેલાં આવાં આકરાં ધારાધોરણો તમારા પછી જાળવી રાખનાર કોણ? બચુભાઇએ સહજતાથી નામ કહેલું! પછી મેં બચુભાઈ સત્યથી કેટલા નજીક છે તેનો અભ્યાસ કરેલો. અહીં અપ્રસ્તુત છતાં પ્રસ્તુત છે તે લખાઈ જાય છે કે બચુભાઈએ પોતાની વૈચારિક સંપત્તિ અનેક વારસદારોને વહેંચેલી તેમાં સૌ પહેલું નામ એ ભાઈનું છે એ અર્થમાં આ વાત પ્રસ્તુત છે. ખરેખર, એ ભાઈ બચુભાઈનું વિશેષ સ્પષ્ટ બિંબાતું પ્રતિબિંબ છે. બચુભાઈ અને એ 'કુમાર' માટે આવેલી કૃતિ એક પછી એક વાંચે; પછી એકબીજાના મત જાણે. 'તેમાં અત્યાર સુધી ભાગ્યે જ મત-મતાંતર ઉદ્ભવ્યા છે. અમારા બંનેના નિર્ણય સરખા જ પડતા'. બચુભાઈ સગર્વ કહેતા.

'કુમાર'માં સંસ્કૃતિપરક મૂલ્યોની જતનથી ચુસ્તપણે જાળવણી કરનાર બચુભાઇએ જ્યાં પોતાને જરૂરિયાત જેવું લાગ્યું હોય ત્યાં કંઈક નવું સ્વીકારવાનું હિંમતભર્યું વલણ પણ દાખવ્યું છે. શ્રી ગુલાબદાસ બ્રોકર એમનાં યાત્રા-સ્મરણો-'નવાં ગગનની નીચે'ના એક હપ્તામાં કંઈક ચર્ચાસ્પદ લખી ગયેલા તે બચુભાઇએ છાપીને બધાને આશ્ચર્યમાં પાડી દીધેલા. આ જ રીતે 'વિનોદની નજરે'માં વિનોદ ભટ્ટ બચુભાઇએ બાંધેલી ઘણી દીવાલો બેધડક ઉલ્લંઘી ગએલા. તેનો વિરોધ પણ ઘણો થયો હતો. પરંતુ બચુભાઈ તે છાપતાં થાકયા નહોતા, વિનોદને થાક લાગેલો. 'બાહ્ય' બચુભાઈ ભલે જુનવાણી લાગતા, પણ 'આંતર' બચુભાઈ કાયમ પ્રગતિવાદી હતા.

માનસસરના હંસ સાચાં મોતી ચરે તે ઉક્તિમાં સત્યાંશ હોય કે નહિ, પણ બચુભાઇએ 'કુમાર' માટે સાચાં મોતી જ ચણ્યાં છે. બચુભાઈમાં આદમીનું હીર પારખવાની અજબ પ્રજ્ઞા હતી, ઘેટાંઓ વચ્ચે ઊછરતા સિંહને 'હું સિંહ છું, ઘેટું નહિ' એવું આત્મભાન કરાવી એની સુષુપ્ત શક્તિઓને ઊજાગર કરતા. આજે બચુભાઈની એ પ્રજ્ઞા અને સદ્ભાવ વડે ઘણા સર્જકો કલા-સાહિત્યમાં મોખરાનું સ્થાન ધરાવે છે.


કૅરિકેચર : જનક ત્રિવેદી. અલબત્ત, બચુભાઈ હાથલાકડી રાખતા ન હતા, ચિત્રકારે એ એમના વડીલપણાના સૂચન રૂપે મૂકી છે.

છેલ્લે છેલ્લે એક પત્રમાં લખેલું, 'હવે પ્રત્યુત્તરનો ભાર...પર નાખ્યો છે, છતાં તે પણ 'બીજાં બધાં કામોની જેમ મારી નજર તળેથી ફર્યા પછી જ આગળ જાય છે.' બચુભાઈની કાર્યનિષ્ઠા અંત સુધી અકબંધ જળવાઈ હતી તેના પુરાવારૂપ આ પત્ર હું ઘણી વાર વાંચું છું. જૂની કાર્યનિષ્ઠ પેઢીના જે બેચાર અવશેષ આપણા ગુજરાતી સાહિત્ય-સંસ્કાર-જગતમાં રહ્યા છે તેમાંથી બચુભાઈ ઓછા થયા છે.

બચુભાઇએ પોતાનાં પત્નીના અવસાન પછી પત્રમાં લખ્યું હતું, 'શરીર ઘસાતું ચાલ્યું છે, ઈશ્વર-ઇચ્છા બળવાન છે.' મારા પરનો એમનો એ છેલ્લો પત્ર હતો. તેમાં લખેલા એમના આ શબ્દોમાં બચુભાઇને નિરાશાવાદી કલ્પી શકાતા નથી. મને તો આ શબ્દોમાં એક કર્મયોગીના વિરક્તભાવની તીવ્રપણે પ્રતીતિ થઈ હતી. ભગવદ્ગીતાના કર્મયોગને સમજવા માટે બચુભાઈનું જીવન જોઈ જવું રહે. □


નાથદ્વારાના સુખ્યાત ચિત્રકાર

દ્વારકાલાલ જાંગિડ

બંસીલાલ સી. દલાલ

નાથદ્વારા એ રાજસ્થાનમાં ઉદેપુર નજીક વૈષ્ણવોનું એક વિખ્યાત યાત્રાધામ છે. ત્રણ બાજુ ટેકરીઓથી ઘેરાએલું આ ધામ ત્યાંની સાંકડી શેરીઓ, સુંદર કોતરણીથી મંડિત નાનાંનાનાં બારીઝરૂખાવાળાં શ્વેત મકાનો અને ઠેરઠેર નજરે ચડતા ઊંચા ભવ્ય સુંદર દરવાજાઓ તથા તેની બંને બાજુએ અહીંની આગવી ઢબે આલેખાએલાં સુંદર મોટાં ચિત્રોથી એક અનોખી પ્રતિભા પ્રકટ કરે છે. શ્રીનાથજીનું મંદિર એ અહીંનું મુખ્ય આકર્ષણ છે અને તેના થકી નાથદ્વારાની ખ્યાતિ છે, પણ એ ઉપરાંત, અહીંનું એક બીજું પણ આકર્ષણ છે, તે છે અહીંની ચિત્રકળા.

રાજસ્થાન અને તેની આસપાસ વિકસેલી ભારતીય ચિત્રશૈલીઓના પ્રભાવ સાથે વિકાસ પામેલી મેવાડની ચિત્રશૈલીનું એક આગવું રૂપ નાથદ્વારામાં વિકાસ પામ્યું છે. મેવાડની લોકકળામાંથી જ ઊતરેલું-વિકસેલું એ સ્વરૂપ છે, અથવા તો મેવાડની જ એ ઉપશૈલી છે એવું મનાય છે. પણ એક કાળે આસપાસ પ્રચલિત બુંદી, કોટા, કિશનગઢ વગેરે શૈલીઓ અને સ્થાનિક સ્વરૂપના મિશ્રણરૂપ ચિત્રશૈલી લાગે છે. અહીંના ચિત્રકારો વ્યાવસાયિક છે અને પેઢીઓથી તેઓ આ કામ કરે છે. મનાય છે કે






▽ આ કિસનગઢની બનીઠની નહિ, પણ નાથદ્વારાની ગોપી છે. રાજસ્થાનની વિવિધ કલાશૈલીઓથી કંઈક પ્રભાવિત અને મેવાડની વિકસિત શૈલીના સંમિશ્રણરૂપ, નાથદ્વારામાં પરંપરિત ઢબે જે ચિત્રકામ થઈ રહ્યું છે તેમાં ત્યાંના દ્વારકાલાલ જાંગિડનું ચિત્રકામ સર્વોત્તમ મનાય છે. એમણે કરી આપેલાં કેટલાંક રેખાંકનો અહીં આપ્યાં છે. એ અસલ કૃતિઓમાં પીછીની જે નજાકત છે તે તો આ નાની છાપમાં ઉતારવી અશક્ય છે. છતાં તેમાં દ્વારકાલાલની સિદ્ધહસ્તતા પરખી શકાય છે.

શ્રીનાથજીનું મંદિર થયા પછી આ ચિત્રકારો અહીં આવી વસ્યા, જેમાં જાંગિડ અને ગૌડ એ બે જાતિઓ મુખ્ય છે. ચિત્રકામના પ્રસાર પહેલાં અહીં જરીકામવાળી પિછવાઇઓ બનતી. પછી, એટલે કે અઢારમી સદીના ઉત્તરકાળથી ચિત્રાંકનનો પ્રસાર વધ્યો અને કાપડ તથા કાષ્ઠ પર પણ કામ થવા લાગ્યું. ભાવિક યાત્રાળુઓમાં પણ અહીં ચીતરાએલાં ચિત્રોની માગ વધતી ગઇ અને આમ ચિત્રકામ અહીં એક કાયમી વ્યવસાય બની રહ્યું. આજે અહીંના ચિત્રકારોમાં અને આમ સમાજમાં પણ ચિત્રકાર દ્વારકાલાલની બહુ સારી પ્રતિષ્ઠા છે. તેઓ એક ઉમદા ચિત્રકાર તો છે જ, ચિત્રકળાના ઊંડા અભ્યાસી પણ હોઈ અહીંની પરંપરિત શૈલી વિષે પણ ઊંડી સમજ ધરાવે છે. સ્વભાવે પણ અત્યંત નિખાલસ ને મળતાવડા હોઈ નાથદ્વારામાં સૌ કોઈ એમને ઓળખે છે. એમની કલા અંગેની સૂઝસમજને કારણે દેશવિદેશથી આવતા અનેક કલારસિકો એમની અચૂક મુલાકાત લે છે. મને પણ કલામાં રસ હોઈ હું એમને મળવા ગએલો.

નાથદ્વારાના 'નઈ હવેલી' વિસ્તારમાં એમનો નિવાસ છે. ચિત્રમંડિત શ્વેત ધવલ દીવાલોવાળી શેરીઓમાં થઈ હું એમના બે મજલાના મકાનમાં પ્રવેશ્યો. ઉનાળામાં યે ઠંડક આપે એવા ખુલ્લા ચોકની આગળ ને પાછળ આવાસવાળી અહીંની લાક્ષણિક ઢબના એ મકાનમાં આગળના ઉપરના મજલે તેમની બેઠક છે, મતલબ કે એ જ એમનો સ્ટૂડિયો છે. એક તરફના દાદર ચડી ઉપર પહોંચતાં જ અંદર એક નાની ચોરસ ગાદી પર પલાંઠી મારી ખોળામાં પાટિયું લઈ એમને મેં ચીતરતા જોયા. સાઠેક વર્ષની જૈફ વય, શ્વેત કેશ અને બનિયત તથા ધોતીધારી એ હસમુખી વ્યક્તિએ મને આવકાર્યો ને પોતાની સામેની ગાદી પર બેસાર્યો. પાસે જ વિવિધ રંગ ભરેલી નારિયેળીની કાચલીઓ ને અવનવી લાગતી સંખ્યાબંધ પીછીઓ પર મારી નજર ઠરી. પછી જાણવા મળ્યું કે એ બધા જ રંગો એમણે આસપાસની ટેકરીઓમાંથી શોધીશોધીને એકઠી કરેલી વિવિધ રંગી માટીઓ, લાખ વગેરેમાંથી જાતે જ બનાવેલા હતા. આમાંનો એક ગૌગોરીન કે ગૌગોલી નામે ઓળખાતો ભભકાદાર પીળો રંગ બતાવતાં તેમણે કહેલું કે એ રંગ ગૌમૂત્રમાંથી બહુ અટપટી રીતે બનાવાય છે અને એથી એ ઘણો કિંમતી ગણાય છે. આ બધા રંગો વર્ષો પછી યે એટલી જ રંગભભક જાળવી રાખે છે. અને પીછીઓ પણ જાતે જ બનાવેલી. તેઓ બજારુ પીછીઓ વાપરતા નથી. પીછીઓ માટે મુખ્યત્વે ખિસકોલીના વાળ વપરાય છે, અને તે પણ જીવતી ખિસકોલીના, મરેલીના વાળમાં કુમાશ રહેતી નથી. મોટી પીછીઓ માટે રિયાળ અને ઘોડાના વાળ તથા બહુ નાજુક પીછીઓ માટે બતક, સારસ, બગલા કે કબૂતરના પીછાંના વાળ કામમાં લેવાય છે.







ચિત્રવિષયને નજર સમક્ષ રાખીને નહિ પણ કેવળ સ્મરણથી કરેલાં આ રેખાંકનોમાં દ્વારકાલાલ જાંગિડના પીંછી પરના કાબૂની તથા એમની નિરીક્ષણશક્તિની પ્રતીતિ થાય છે. બહુ જ ઓછી રેખાઓમાં પણ એમણે વાંદરાઓની લાક્ષણિક ખેલકૂદ તથા હાથીના ગૌરવને બહુ સચોટતાપૂર્વક રજૂ કર્યાં છે. ડાબી બાજુના આલેખનમાં માનવમુખાકૃતિ સહિત મત્સ્ય, સર્પ અને વિવિધ પક્ષીઓની આકૃતિઓને સાંકળી લઈને ગાયનું જે આલેખન કર્યું છે તે તેમની કલાચાતુરીનું દ્યોતક છે. રેખાંકનની એમની શક્તિ દાખવતી એમની એક કૃતિ આ અંકના પૂઠા પર આપી છે, જેમાં શિકાર ખેલતા રાજવીઓનું જોમ અને પ્રાણીઓના વેગઆવેગને બહુ સુંદર રીતે એમણે તાદૃશ કર્યાં છે.

તો મધ્યમ પીંછીઓ માટે બકરીના વાળ. પાસે જ એમના ત્રણ પુત્રોની પણ બેઠક હતી, તેઓ આવાં સાધનો તૈયાર કરી આપવા સાથે પિતાના કલાવારસાને પણ આગળ ધપાવી રહ્યા છે.

હું પહોંચ્યો ત્યારે તેઓ કોઈ ચિત્ર માટે પૂરા આત્મવિશ્વાસ સાથે સ્થિર હાથે પીંછી વડે અત્યંત નજાકતભરી રેખાઓમાં 'લિખાઇ' કરતા હતા. આ લિખાઇ તે ચિત્રમાં રંગ પૂરવા પૂર્વે બનાવાતી આઉટ લાઈન, તે સ્વયં સુંદર રેખાચિત્ર જેટલી જ વિગતસભર હોય છે. એ પછી એમણે મને 'પર્દાજ'ની સમજ પાડી. અત્યંત નાનાં ટપકાં કે અતિ બારીક રેખાઓ વડે ચિત્રમાંનાં પાત્રોના ચહેરાને ઉપસાવવા માટે તેનો ઉપયોગ થાય છે. 'પર્દાજ' ને આપણે 'સ્ટિપલિંગ' કહી શકીએ. આ કામ પણ કંઈ સહેલું તો નથી જ.

દ્વારકાલાલ જાંગિડ બ્રાહ્મણ છે. નાથદ્વારાના સુપ્રસિદ્ધ ચિત્રકાર ઘાસીરામ પાસે એમણે તાલીમ લીધેલી અને ચિત્રકળાનો પણ એમણે ઊંડો અભ્યાસ કર્યો છે. રાજસ્થાનના વિવિધ પ્રદેશોમાં વિકસેલી વિવિધ ચિત્રશૈલીઓની તેમને ઊંડી સમજ છે.

નાથદ્વારાની ચિત્રશૈલી મૂળ તો લોકકળાનું વિકસિત રૂપ મનાય છે. અન્ય શૈલીઓનો પણ તેના પર પ્રભાવ છે જ. અસલમાં મત્સ્યાકાર મોટી આંખો, સીધું તીણું નાક, ભરાવદાર હડપચી, અર્ધ ઢંકાએલાં પુષ્ટ સ્તન અને ઠીંગણા દેહવાળી ગોપીઓનાં સ્થાને આગળ જતાં માધુર્યપૂર્ણ ચારુ સુઘડ અને ગૌરવયુક્ત ગોપીઓ-નારીપાત્રો ચીતરાવા લાગ્યાં એ અહીંનાં જૂનાં-નવાં ચિત્રો સરખાવતાં સહેજે જણાઈ આવે છે. શ્રીનાથજી સ્વરૂપના જુદાજુદા ઉત્સવોના અષ્ટપ્રહરના શૃંગારનાં ચિત્રોમાં પણ અસલની એકવાક્યતા ઘટતી જઈ તેમાં યે સુઘડતા અને અલંકરણ વધતું ગયાનું જોઈ શકાય છે. દ્વારકાલાલ અહીંની ચિત્રકળા પરના આવા વિવિધ પ્રભાવો અને પરિવર્તનોથી પૂરા પરિચિત છે. એમના એ સમજપૂર્વકના અભ્યાસની અસર એમનાં ચિત્રોમાં સહેજે દેખાઇ આવે છે. રેખા પર એમનું અદ્‌ભુત પ્રભુત્વ છે. મને એમણે કેટલાંક રેખાંકનો કરી આપેલાં, તેમાંથી થોડાં આ સાથે આપ્યાં છે. મૂળ કરતાં નાના કદમાં હોઈ અહીં તેમની અતિ સૂક્ષ્મ રેખાઓ તો બહુ સ્પષ્ટ નહિ જોઇ શકાય, પણ છતાં યે નજાકતભરી પ્રવાહિત રેખાઓ પરથી તેમની પીંછીના સામર્થ્યનો અંદાજ તો મળી રહેશે જ. એમણે કરેલું ગોપીનું રેખાંકન કિસનગઢની 'બનીઠની'ની બરાબરી કરી શકે તેવું જ છે, પણ અહીં એના અલંકરણમાં નાથદ્વારાની લાક્ષણિકતા અને દ્વારકાલાલની (અનુ. પૃ. ૨૬)


શતરંજના કોયડા

આ અંકમાં આપણે રમતમાંની એક સ્થિતિ જોઈએ છીએ. અહીં કાળાએ ત્રણ પ્યાદાંના બદલામાં ઊંટનો ભોગ આપ્યો છે. જો મ્હોરાં સામસામાં ખલાસ થઈ જાય તો અંતમાં ત્રણ પ્યાદાં વધુ જોરદાર ઠરે. વળી, QBP તો ઘણું આગળ વધી ગયું છે. પણ ચાલ સફેદની હતી અને તેણે બહુ જ જલ્દી જીતવા માટે સુંદર રીત શોધી હતી. તમે પણ નીચે ઉકેલ જોતાં પહેલાં પ્રયત્ન કરી જુઓ.

આ રમતમાં સફેદે આ રીતે જીત મેળવી હતી: 1 R×B!

ઊંટના બદલામાં હાથીનો ભોગ. 1...,

Koch



Samisch - સફેદે રમવાનું

Q×R; 2 Q-B6, Q-B2; ધમકી હતી 3Q-N7 મ્હાતની. આ ચાલથી કાળો તેમાંથી બચી શકે છે તો તેનો ભોગ શું નિષ્ફળ ગયો ? ના. આ ત્રીજી ચાલ જુઓ : 3 B-B4!!

વળી, ઊંટનો ભોગ પણ તે સ્વીકારે કે નહિ, છતાં કાળો તરત હારે છે.

દા. ત. 3 ..., R×B; 4R-Q8cb, Q-K1 કે B1; 5 R×Q મ્હાત; અથવા 3 ..., Q×B; 4 Q-N7 મ્હાત.

અને જો ભોગ ન સ્વીકારે તો 4 B×Qની ધમકી તો છે જ. શરૂઆતની પદ્ધતિઓમાં જેના નામે ઘણાં વિકલ્પો છે તે Samischની રમતોમાંનું આ એક આકર્ષક 'કૉમ્બિનેશન' છે.

–સુરેશ મોદી

આડત્રીસ વર્ષ પહેલાં 'કુમાર'માં પ્રકટ થએલી 'પાનાંની રમત' અને તેના અનુસંધાને 'બ્રિજ'ની લેખમાળામાં વાચકોએ ઘણો રસ દાખવ્યો હતો, પરંતુ તેના લેખક શ્રી સાધુરામ દવેનું એકાએક અવસાન થતાં એ લેખમાળા અટકી પડેલી. તે પછી એ લેખમાળા પુનઃ ચાલુ કરવાની વારંવાર માગ થતી રહેતી હતી અને એ અંગે અમારા પ્રયત્નો પણ જારી હતા. તાજેતરમાં 'શતરંજ'ના લેખક શ્રી સુરેશ મોદી પણ બ્રિજના રસિયા હોવાની અકસ્માત જાણ થતાં અમે તક ઝડપી લીધી અને શતરંજની સાથોસાથ બ્રિજ વિષે પણ લખવાનો અમારો પ્રસ્તાવ એમણે ઉમળકાથી સ્વીકારતાં, બ્રિજની એ લોકપ્રિય રમતનો 'કુમાર'માં આરંભ કરીએ છીએ. આશા છે વાચકો તેને વધાવી લેશે.

પાનાંની રમતોમાં બ્રિજનું સ્થાન સર્વોચ્ચ છે. સેંકડો પુસ્તકો તેના વિષે લખાયાં છે અને લખાતાં રહે છે. બ્રિજ વિષેનાં જ નિયમિત સામયિકો તથા વિવિધ પત્રોમાં તેના વિષેના ખાસ કૉલમો પણ પ્રકટ થાય છે. તેનાં નાનાંમોટાં મંડળો ચાલે છે તેમ જ આંતરરાષ્ટ્રીય સ્તરો સુધી તેની સ્પર્ધાઓ પણ યોજાય છે. ઉચ્ચ સ્થાનો ધરાવતા બુદ્ધિમાન લોકો પણ તેમાં ઊંડો રસ લે છે, અને આવો સમાન રસ અનેક અજનબી લોકોને એકબીજાની નજીક આણે છે. આમ, બ્રિજ એ માત્ર નવરા બેઠાડુ લોકોની રમત નહિ પણ બુદ્ધિકસ મનોરંજન આપતી નિર્દોષ રમત રૂપે દુનિયાભરમાં વ્યાપક અને લોકપ્રિય છે.

પાનાં કે પત્તાંની રમતનો આરંભ અને વિકાસ ક્યાં અને ક્યારે થયો તે અંગે ચોક્કસ માહિતી મળતી નથી. અત્યારનાં બાવન પાનાંની જોટ ક્યારથી અને કઇ રીતે નિશ્ચિત થઈ તે પણ સ્પષ્ટપણે જાણી શકાયું નથી. કહે છે કે સૌ પ્રથમ ભારતમાં ગોળાકાર પાનાંઓ શરૂ થએલાં. પત્તાં તરીકે રમતમાં તેનો ઉપયોગ ઇજિપ્તમાં આરંભ પામ્યો એમ પણ મનાય છે. પંદરમી સદીમાં અરબસ્તાનમાંથી પાનાંની રમત યુરોપમાં ગઈ એવું જાણવા મળ્યું છે. આ રમતોને 'શેતાની રમતો' ગણી તેની સામે ઈ. ૧૪૨૩માં ઇટાલીના પાદરીઓએ તેનો વિરોધ કર્યાનો ઉલ્લેખ છે. છાપેલાં પાનાંનો આરંભ જર્મનીએ કર્યો. ઇંગ્લૅન્ડમાં એ પાનાંઓ લાવવા પર પ્રતિબંધ હતો અને જેમ્સ પહેલાના સમયમાં તેના પર પણ જકાત લેવાતી. પાનાં અને પાનાંની અન્ય રમતોની જેમ 'બ્રિજ'નો પણ ઇતિહાસ અસ્પષ્ટ જ છે. સત્તરમી સદીમાં ઇંગ્લૅન્ડમાં 'વ્હિસ્ટ' (સરબાજી) નામે પાનાંની એક રમત પ્રચલિત હતી. આ 'વ્હિસ્ટ' નામ ટેઈલર નામના એક અંગ્રેજે ૧૬૨૧માં આપેલું. અઢારમી સદીની મધ્યમાં તેના અંગેના નિયમો લખાયા અને ૧૮૬૩માં હેન્રી જોન્સે તેને વધુ નિયમબદ્ધ કરીને તે ગણતરીપૂર્વક રમવાની ચોક્કસ પદ્ધતિ બનાવી. આ વ્હિસ્ટ પરથી બ્રિજનો વિકાસ થયાનું મનાય છે, પણ તે ક્યાંથી અને ક્યારે થયો તે વિવાદાસ્પદ છે. ઈ. ૧૮૯૦ના અરસામાં પૂર્વ યુરોપમાં આ રમત પ્રચલિત હોવાના નિર્દેશો મળે છે. ગ્રીસમાં ને હિંદમાં તેનો આરંભ થયાનું પણ કહેવાય છે. વળી, તેનું 'બ્રિજ' નામ કઈ રીતે પડયું તે પણ કહેવું અશક્ય છે. બ્રિટિશ મ્યૂઝિયમમાં 'બ્રિટિશ ઑર રશિયન વ્હિસ્ટ' નામની ઈ. ૧૮૮૬ની એક પત્રિકા સંઘરાએલી છે. તેમાં બ્રિજ રમવાના નિયમો તથા માર્ક્સ-સ્કૉર ગણવાની પદ્ધતિ વગેરે દર્શાવ્યાં છે. આ પત્રિકાના 'રશિયન વ્હિસ્ટ' શબ્દો પરથી કેટલાક રશિયાને તેનું ઉદ્ભવસ્થાન ગણે છે. આ પત્રિકામાં આપેલા નિયમો પ્રમાણે ૧૮૯૪માં ઇંગ્લૅન્ડમાં આ રમત રમાતી થઈ હતી, જેનો આરંભ લૉર્ડ બ્રાઉહામે કરેલો. તેઓ કેરો (ઇજિપ્ત)માં હતા ત્યારે ત્યાં એ રમત રમતા અને ઇંગ્લૅન્ડ આવ્યા પછી ત્યાંની પોર્ટલૅન્ડ ક્લબમાં પાનાંની એક સર્વોત્તમ રમત તરીકે તેમણે તે દાખલ કરેલી. થોડા જ સમયમાં તે એક રાષ્ટ્રીય રમત બનવા જેટલી લોકપ્રિય બની ગઈ.

અમેરિકામાં પણ 'બાથ ક્લબ'માંથી આરંભ પામી ધીરેધીરે તે વ્યાપક પ્રસાર પામી, અને 'ઑક્શન બ્રિજ' નામે ઓળખાતો તેનો પ્રકાર વિકાસ પામ્યો. ૧૯૦૮માં ઇંગ્લૅન્ડ અને અમેરિકાની ક્લબોએ ભેગા મળી તેના એકસરખા નિયમો પણ ઘડયા. પરંતુ ૧૯૨૭થી 'કૉન્ટ્રેક્ટ બ્રિજ' નામે બીજો પ્રકાર વિકસ્યો. બંને પ્રકાર વચ્ચે 'પૉઈન્ટ' (ગુણ) નોંધવાના તફાવત સિવાય બીજો કોઈ મુખ્ય ફેર નથી. હવે તો ઑક્શન બ્રિજ લગભગ વિસરાઈ જઇને આજે દુનિયાભરમાં બહુધા કૉન્ટ્રેક્ટ બ્રિજ જ પ્રચલિત બની ગઈ છે. ધીરેધીરે બ્રિજના નિયમો વધુ ચોકસાઈપૂર્વક ઘડાતા ગયા અને હૅરોલ્ડ એસ. વૅન્ડર બિસ્ટે વિચારપૂર્વક તે રમવાની જે ચોક્કસ પદ્ધતિ ગોઠવી આપી તે થોડાશા ફેરફાર સાથે હાલ પ્રચલિત છે. અમેરિકામાં બ્રિજની ઉચ્ચોચ્ચ સ્પર્ધામાં આ વૅન્ડર બિસ્ટના નામની 'ટ્રૉફી' ઇનામમાં અપાય છે.

ઈ. ૧૯૩૦માં એલી કલ્બરસ્ટને તો સંપૂર્ણ ગણતરી રૂપે આ રમતની પદ્ધતિને અત્યંત ચોક્કસ સ્વરૂપ આપ્યું. પાનાંની વહેંચણીમાં દરેક શક્યતાઓ વિચારી તેણે દરેક વખતે રમનારે શું કરવું તેનો એક ગણિતના દાખલા માફક એવો તો ચિતાર આપ્યો છે કે જેમાં ભૂલ થવાને સ્થાન જ ન રહે એમ કહી શકાય. એણે તો બ્રિજના પ્રચારાર્થે લેખો અને વ્યાખ્યાનો આપવા ઉપરાંત શાળાઓ પણ કાઢેલી તથા બ્રિજની સ્પર્ધાઓ પણ યોજી હતી. ૧૯૪૦માં ચાલ્સ ગૉરેન નામના એક અમેરિકને બ્રિજ રમવામાં અનુકૂળતા ખાતર જે પૉઈન્ટ (અનુ. પૃ. ૨૯)

ત્રણ આવકાર્ય સંપાદનો

ધીરુ પરીખ

જેમ સ્વતંત્ર સર્જનનો મહિમા છે તેમ સંપાદનનો પણ એક આગવો મહિમા હોય છે. જો એમ ના હોત તો સંપાદનોનું એક અલાયદું પુસ્તકાલય થઈ શકે એટલાં સંપાદનો વિશ્વમાં ન થયાં હોત. આપણે ત્યાં પણ અર્વાચીન કાળના ઉદય સાથે જ સંપાદનની ઇન્દ્રિયનો પણ ઉગમ થયો છે. અર્વાચીનોમાં આદ્ય એવા નર્મદે સંપાદન કરેલું દયારામનું. અર્વાચીનતાના એ પ્રથમ કવિએ મધ્યકાલના અંતિમ કવિનું કરેલું એ ભાવતર્પણ છે. તાજેતરમાં આપણા અદ્યતન હાસ્ય-લેખક વિનોદ ભટ્ટે પણ આપણા બે વિગત – જ્યોતીન્દ્ર દવે અને ચિનુભાઈ પટવા – તથા એક હયાત – ડૉ. મધુસૂદન પારેખ – હાસ્યલેખકોના નિબંધોમાંથી પોતાની રુચિ પ્રમાણેની રચનાઓ ચૂંટીને 'શ્રેષ્ઠ હાસ્યરચનાઓ' એ શીર્ષકથી ત્રણ સંગ્રહો આપ્યા છે.* આ રીતે એમણે પણ પોતાના સમકાલીન મુરબ્બીઓને ભાવાંજલિ ધરી છે.

સ્વ. જ્યોતીન્દ્ર દવેના ૨૨ નિબંધો પસંદ કરાયા છે. જ્યોતીન્દ્રભાઈના હાસ્યરસની વિશેષતા અને એને નિષ્પન્ન કરવાની બૌદ્ધિક, તાર્કિક, ભાષાકીય આદિ તરકીબોનો આ નિબંધો પૂરતો પરિચય આપી રહે છે. જ્યોતીન્દ્રભાઈના કેટલાક સંગ્રહો આજે અપ્રાપ્ય બની ગયા છે ત્યારે તેમાંની પ્રસાદીરૂપે અહીં સંગૃહીત થયેલા નિબંધો પણ વાચકોને એ મૂળ પુસ્તકના સંકલ્પમય વાચનનું પુણ્ય રળાવી આપે તો નવાઈ નહિ.

સ્વ. ચિનુભાઈ પટવા 'ફિલસૂફ'ની સહીથી લખતા એ વાત જો આજ ઘણાને ચિનુભાઈ પટવા કોણ એવો પ્રશ્ન કરવા પ્રેરે તો 'ફિલસૂફ' કોણ એ તો મહાપ્રશ્ન જ બની રહે. વિનોદ ભટ્ટે વિશેષતઃ તો ચિનુભાઈ પટવાની કૃતિઓનું સંપાદન કરી વાચકો ઉપર તો ઉપકાર કર્યો જ છે, પણ સાહિત્ય માટે ય મોટું કામ કર્યું છે. 'સ્વર્ગસ્થ' પટવાને એઓ જાણે આ સંગ્રહથી પાછા 'અત્રસ્થ' કરી શક્યા છે! સ્વ. પટવાની અહીં ૨૯ રચનાઓ રજૂ થઈ છે. પટવાની રચનાઓનો વિશેષ ગુણ એ છે કે તે પ્રવર્તમાનનો પરિવેશ લઈને આવે છે. આ એમની લોકપ્રિયતાનું, તત્કાલીનતાનું કારણ બની શકે. તો એમાંથી એ જે સૂક્ષ્મ કલાસૂઝથી નિર્દેશ અને ઊંચો હાસ્યરસ નિષ્પન્ન કરી શક્યા છે તે વિદ્વદ્પ્રિયતાનું, ચિરકાલીનતાનું કારણ બની શકે. સ્વ. પટવાની રચનાઓ આમ સુલભ કરાવી આપીને વિનોદ ભટ્ટે પટવાને નહિ, પણ સ્વ. પટવાની ખોટમાંથી આપણને ઉગારી લીધા છે.

ડૉ. મધુસૂદન પારેખ ઘણા વખતથી 'પ્રિયદર્શી'ની સહીથી લખે છે. (હા, તેઓ 'કીમિયાગર'ની સહીથી 'ફૂલછાબ'માં પણ લખે છે હોં!) તેમની રચનાઓનો પરિવેશ પણ તત્કાલીન હોય છે. સામાજિક, રાજકીય, સાંસ્કૃતિક કોઈ ઘટના બને તેમાંથી હાસ્યનું બીજ શોધી લેવાની ને પછી એને પોતાની ભાષાભંગિનાં જળથી સીંચી વૃક્ષ નહિ તો પલ્લવિત છોડ સુધી પહોંચાડવાની ડૉ. પારેખ પાસે આગવી ફાવટ છે. એમની આ પ્રકારની ઠાવકાઈભરી રીતિનો અહીં સંગૃહીત ૨૬ રચનાઓ સારી રીતે પરિચય કરાવી શકે તેમ છે. ડૉ. પારેખની આ રચનાઓ શિક્ષિત, અલ્પશિક્ષિત, અશિક્ષિત સૌને એક સાથે સંતર્પી શકે તેવી ધાટિની છે.

પ્રત્યેક સંપાદનમાં વિનોદ ભટ્ટે આ ત્રણેય હાસ્યલેખકની વિશેષતાઓનો મિતાક્ષરી અને સમ્યક્ આલેખ આપ્યો છે. ક્યાંય વિદ્વાન બનવાનો ઢોંગ કર્યા વગર એમણે હાસ્યરસ અને ગુજરાતી હાસ્ય-સાહિત્યની પોતાની જાણકારીને સિફતથી આપણા સુધી સેરવી દીધી છે. આ ટચૂકડા અભ્યાસલેખો વિદ્વત્તાના ભારથી અધમૂઆ નથી થઈ ગયા એ પણ 'વિનોદ'મયતાનું જ પરિણામ. હા, સ્વ. જ્યોતીન્દ્ર દવેની કૃતિઓના સંપાદનમાં મૂકેલા પોતાના લખાણમાં એમણે ફરિયાદ કરી છે : 'જો કે હાસ્યરસને આપણી ભાષામાં બહુ ઊંચું સ્થાન નથી મળ્યું … જો કે આજની તારીખ સુધી ગુજરાતી સાહિત્યમાં હાસ્ય એટલું જ ઉપેક્ષિત રહ્યુ છે.' વાતમાં અર્ધસત્ય હોવા છતાં ય વિનોદભાઈ, તમે એ પરિસ્થિતિને જ હાસ્યરસનો વિભાવ બનાવી ચૂક્યા છો અને એ પરિસ્થિતિમાં ય સમાજમાં અને સાહિત્યમાં લોકચાહનાના ભાજન બની શક્યા છો એટલું તો કબૂલ કરશોને? અને જોજો આ સંગ્રહોની ખેંચ પડે ત્યારે થોડા જ સમયમાં 'આજની તારીખ'વાળા શબ્દો તમારે તારીખ સંદર્ભે સ્પષ્ટ ના કરવા પડે તો મને કહેજો. પણ અલ્યા, આ તો આપણને સહુ વાચકોને ય જાસાચિઠ્ઠી થઈ. પણ હાસ્યને ખાતરી છે કે આ નકલો લોકો સુધી સદ્ય પહોંચી જશે. સાહિત્યનાં અન્ય સ્વરૂપોનાં સંપાદનો એક કરતાં વધુ સંખ્યામાં – ઉચ્ચાવચતાની સાપેક્ષતાએ – મળે છે ત્યારે હાસ્યના સર્જનાત્મક નિબંધોનાં આ સંપાદનો દ્વારા વિનોદભાઈએ જ પોતાનું મહેણું ભાંગ્યું છે. શાળા-મહાશાળાઓની અભ્યાસક્રમ-સમિતિઓની નજર ચૂકીને ગાયબ થઈ જાય એટલું મોટું હાસ્યનું મોજું તો નહિ ફોળાઈ રહે. એટલે એ બાબતમાં વિનોદભાઈ તમારે નિરાશ થવું ના પડે તો નવાઈ ખરી. □

* જ્યોતીન્દ્ર દવેની શ્રેષ્ઠ હાસ્યરચનાઓ, કિં. રૂ. ૨૦, પૃ. ૨૦૮; ચિનુભાઈ પટવાની શ્રેષ્ઠ હાસ્યરચનાઓ, કિં. રૂ. ૧૬–૫૦, પૃ. ૧૭૬; મધુસૂદન પારેખની શ્રેષ્ઠ હાસ્યરચનાઓ, કિં. રૂ. ૧૬–૫૦, પૃ. ૧૭૪; ત્રણેયનું પાકું પૂઠું; ત્રણેયના પ્રકાશક: આદર્શ પ્રકાશન, ગાંધી માર્ગ, જુમ્મા મસ્જિદ સામે, અમદાવાદ–૧.

આવકાર

ગુજરાતી સાહિત્ય પરિષદ

ર. છો. માર્ગ, અમદાવાદ–૨

ધ્વન્યાલોક: આનંદવર્ધનનો ધ્વનિવિચાર: લે. નગીનદાસ પારેખ. પૃ. ૪૯૨, પાકું, રૂ. ૪૦.

પૂર્વવાહિની: લે. જ્યોતિ થાનકી. પૃ. ૧૮૦, પાકું પૂઠું, રૂ. ૧૮.

કાવ્યસંચય ભાગ ૧ : સં. અનંતરાય રાવળ, હીરાબેન પાઠક. પૃ. ૨૭૮, પાકું, રૂ. ૨૫.

કાવ્યસંચય ભાગ ૨ : સં. ધીરુભાઈ ઠાકર, વ્રજલાલ દવે. પૃ. ૨૯૮, પાકું પૂઠું, રૂ. ૨૫.

કાવ્યસંચય ભાગ ૩ : સં. રમણલાલ જોશી, જયંત પાઠક. પૃ. ૨૦૦, પાકું, રૂ. ૨૫.

ઉર્દૂ સાહિત્ય અને ગુજરાત : સં. રઘુવીર ચૌધરી. પૃ. ૨૧૪, પાકું પૂઠું રૂ. ૨૫.

લોકસાહિત્ય (ગુજરાતી લોકગીતો) : સં. પ્રભાશંકર તેરૈયા, નરોત્તમ પલાણ. પૃ. ૯૮, પાકું પૂઠું, રૂ. ૧૨.

વિક્ષા અને નિરિક્ષા : લે. નગીનદાસ પારેખ. પૃ. ૩૦૪, પાકું પૂઠું, રૂ. ૩૦.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

રતનપોળ - અમદાવાદ–૧

પરાજિત પ્રેમ : અનુ. સુકન્યા ઝવેરી. પૃ. ૧૪૩, પાકું પૂઠું, રૂ. ૧૪.

પ્રોફેસર શંકુ : અનુ. સુકન્યા ઝવેરી. પૃ. ૨૫૯, પાકું પૂઠું, રૂ. ૨૦.

દૃષ્ટિકોણ : લે. ફાધર વાલેસ. પૃ. ૧૩૬, કાચું પૂઠું, રૂ. ૧૦.

ધર્માનુભવ : લે. ફાધર વાલેસ. પૃ. ૧૩૬, કાચું પૂઠું, રૂ. ૧૦.

સંબંધશાસ્ત્ર : લે. ફાધર વાલેસ. પૃ. ૧૪૮, કાચું પૂઠું, રૂ. ૧૦.

પરિચય ટ્રસ્ટ · મુંબઈ–૨

વસ્તી-ગણતરી (૧૯૮૨) : (પ. પુ. ૫૪૫) લે. જિતેન્દ્ર સંઘવી. પૃ. ૩૨, કાચું, રૂ. ૧.

બળાત્કારની સમસ્યા : (પ. પુ. ૫૪૬) લે. કુમુદ બારોટ. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૧.

આર્થર મિલરનાં નાટકો : (પ. પુ. ૫૪૭) લે. ચંદ્રકાન્ત શાહ. પૃ. ૩૨, કાચું, રૂ. ૧.

કવિ ખબરદાર : (પ. પુ. ૫૪૮) લે. સુરેશ દલાલ. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૧.

એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ. મુંબઈ–૨

ફિલાડેલ્ફિયા : લે. પન્ના નાયક. પૃ. ૧૧૬, કાચું પૂઠું, રૂ. ૨૧.

તલાશ : લે. વિપિન પરીખ. પૃ. ૧૧૧, કાચું પૂઠું, રૂ. ૨૧.

ખોબો ભરીને ઉજાશ : લે. પન્ના અધ્વર્યુ. પૃ. ૮૦, કાચું પૂઠું, રૂ. ૧૪.

બરફનાં પંખી : લે. અનિલ જોશી. પૃ. ૮૮, કાચું પૂઠું, રૂ. ૧૪.

સનનન : લે. રમેશ પારેખ. પૃ. ૮૦, કાચું પૂઠું, રૂ. ૧૪

ભ્રમણ અને સંશોધન : લે. સ્વામી આનંદ. પૃ. ૪૩૧, પાકું પૂઠું, રૂ. ૩૬.

આર. આર. શેઠની કંપની મુંબઈ–૨ • અમદાવાદ–૧

ભારતનું બંધારણ : સં. ડૉ. અક્ષયકુમાર દેસાઈ અને ડૉ. નીરા દેસાઈ. પૃ. ૧૩૯, કાચું પૂઠું, રૂ. ૧૩–૫૦.

સમાજગંગાનાં વહેણો : લે. અમૃતલાલ યાજ્ઞિક. પૃ. ૨૧૮, પાકું પૂઠું, રૂ. ૨૧.

નંદનવન : (પુનર્મુદ્રણ) લે. સારંગ બારોટ. પૃ. ૨૭૮, પાકું પૂઠું, રૂ. ૨૬–૫૦.

જિંદગીના ફેરા (પુનર્મુદ્રણ) લે. સારંગ બારોટ. પૃ. ૨૪૦, પાકું પૂઠું, રૂ. ૨૩–૨૫.

અવાજનો આકાર : લે. વર્ષા અડાલજા. પૃ. ૧૫૯, પાકું પૂઠું, રૂ. ૧૫–૭૫.

લોકપ્રિય પ્રકાશન • મુંબઈ–૨

હિરણ્યરેણુ : લે. પ્રીતમલાલ કવિ. પૃ. ૩૨૦, પાકું પૂઠું, રૂ. ૩૦.

વાસંતી ડૂસકાં : લે. દિલીપ રાણપુરા. પૃ. ૩૨૭, પાકું પૂઠું, રૂ. ૩૧.

વેચાતો લીધો અમે વાલમો : લે. મૂળરાજ રૂપારેલ. પૃ. ૧૯૦, પાકું પૂઠું, રૂ. ૧૮.

આંખનાં રણ પાંપણ સુધી : લે. ગુણવંત ભટ્ટ. પૃ. ૧૫૮, પાકું પૂઠું, રૂ. ૧૫.

સરહદ વિનાનું ઘર : લે. હસમુખ શેઠ. પૃ. ૨૨૩, પાકું પૂઠું, રૂ. ૨૧–૭૫.

અન્ય પ્રકાશનો

વૈદ્યાનુભવ : લે. ચૂનીભાઈ ભટ્ટ. પ્ર૦ ધર્મિષ્ઠા ભટ્ટ, સત્યમ્, ૭ ભક્તિનગર સોસાયટી, રાજકોટ–૨. પૃ. ૧૦૮, કાચું પૂઠું, રૂ. ૫.

મહેંકતી માનવતા : લે. સુશીલા આ. પંડિત. પ્ર૦ પોતે. આર્યકન્યા ગુરુકુળ, પોરબંદર, પૃ. ૧૦૬, કાચું પૂઠું, રૂ. ૪–૫૦.

નિરાંત : લે. ગની દહીંવાલા. પ્ર૦ પોતે. ગોપીપુરા, વહોરવાડ, સુરત–૨. પૃ. ૧૨૮, કાચું પૂઠું, રૂ. ૧૩.

મારાં મોટીબા અને બીજી સત્યકથાઓ : લે. મુકુન્દરાય પારાશર્ય. પ્ર૦ લલ્લુભાઈ મકનજી પટેલ, અમેરિકન સ્પિંગ પ્રેસિંગ વર્કસ, મુંબઈ-૬૪. પૃ. ૨૫૬, કાચું પૂઠું, રૂ. ૨૦.

ગુર્જરેશ્વર પુરોહિત કવિ સોમેશ્વર-જીવન અને કવન : ડૉ. વિભૂત વિક્રમ ભટ્ટ. પ્ર૦ સારસ્વત પ્રકાશન, સુનંદા સદન, રમણનગર સોસાયટી પાસે, મણિનગર, અમદાવાદ–૬. પૃ. ૫૨, કાચું પૂઠું, રૂ. ૬.

શ્રી કે. કા. શાસ્ત્રી ગ્વાલગ્રંથ : લે. નરોત્તમ પલાણ અને નાથાલાલ રૈયારેલા. પ્ર૦ નાથાલાલ રૈયારેલા, મંત્રી કે. કા. શાસ્ત્રી અમૃત સમિતિ, પોરબંદર, પૃ. ૪૦૭, પાકું, રૂ. ૫૦.

નિશિગંધા : લે. રક્ષા દવે. પ્ર૦ શશિકલા દવે, જીવન કોટેજ, ભાવનગર. પૃ. ૯૬, કાચું પૂઠું રૂ. ૧૦.

કાવ્ય કોડિયાં ૧–૧૦ (સંપુટ નં. ૩) : સં. જયંત પાઠક. પ્ર૦ લોકમિલાપ ટ્રસ્ટ, સહજાનંદ સ્વામી માર્ગ, ભાવ૦-૧. સેટના રૂ. ૧૮.

નૈતિક મૂલ્યો–૧ : લે. રતિલાલ અધ્વર્યુ. પ્ર૦ પોતે. ૩, દત્ત સોસાયટી, અમદાવાદ–૭. પૃ. ૬૪, કાચું પૂઠું, રૂ. ૧–૫૦.

સ્વસ્થ-જીવન : લે. પ્ર૦ ઉપર મુજબ, પૃ. ૮૦, કાચું પૂઠું, રૂ. ૨–૨૫.

વર્ષા–યોગદર્શન : લે. પ્ર૦ ઉપર મુજબ, પૃ. ૮૦, કાચું પૂઠું, રૂ. ૨–૨૫.

વિચાર-શક્તિ : લે. સ્વામી શિવાનંદ સરસ્વતી. પ્ર૦ સ્વામી શિવાનંદ શતાબ્દી મહોત્સવ સમિતિ, રાજકોટ અને વડોદરા. પૃ. ૧૫૯, કાચું પૂઠું, રૂ. ૮.

ધન્ય ભૂમિ ભારત : લે. મીરાં ભટ્ટ. પ્ર૦ યજ્ઞ પ્રકાશન, હુજરાત પાગા, વડોદરા-૧. પૃ. ૨૪, કાચું પૂઠું. રૂ. ૧.

અવધૂત પ્રસાદી : લે. વિમલા ઠકાર. પ્ર૦ ઉપર મુજબ. પૃ. ૨૪૫, કાચું પૂઠું, રૂ. ૧૧.

જ્ઞાની પાસેથી જાણ્યું : લે. શશિકાન્ત મા. મહેતા. પ્ર૦ કલ્પદ્રુમ સાહિત્ય પ્રકાશન મંદિર, ૩૬, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, મુંબઈ–૩. પૃ. ૭૮, કાચું પૂઠું, રૂ. ૫.

શિક્ષણ અને સામાજિક વ્યવસ્થા : અનુ. ચન્દ્રવદન ચુ. શાહ. પ્ર૦ ભાષાન્તરનિધિ, બળવન્ત ભવન, ભાવનગર-૧. પૃ. ૨૦૮, કાચું પૂઠું, રૂ. ૧૮.

કાંટે કાંટે ગુલાબ (ભાગ૧) : લે. વજ્ર માતરી. પ્ર૦ સાહિત્ય સંગમ, બાવાસીદી, ગોપીપુરા, સુરત-૧, પૃ. ૧૯૮, પાકું પૂઠું, રૂ. ૧૬.

કાંટે કાંટે ગુલાબ (ભાગ-૨) : લે. પ્ર૦ ઉપર મુજબ. પૃ. ૨૦૭, પાકું પૂઠું, રૂ. ૨૨.

રસ પીઓ કાયાકલ્પ કરો : લે. કાન્તિ ભટ્ટ અને મનહર ડી. શાહ. પ્ર૦ નિસર્ગોપચાર આશ્રમ, ઉરુળીકાંચન, જિ. પૂના. પૃ. ૧૧૬, કાચું પૂઠું, રૂ. ૧૦.

ભગવાન શ્રી રજનીશ – એક જીવંત બુદ્ધ-પુરુષ : સં. સ્વામી ચંદ્રમુનિ. પ્ર૦ સ્વામી ચિદાનંદ ભારતી. પૃ. ૫૫, કાચું,

નિસર્ગ અને આરોગ્ય : સં. કુ. સુશીલા પંડિત. પ્ર૦ આર્યકન્યા ગુરુકુળ, પોરબંદર. પૃ. ૧૬, કાચું પૂઠું, રૂ. ૦–૨૫.

અનુસંધાન] **કલાવાર્તા** [પૃ. ૨૩થી

પીછીની તાકાત સ્પષ્ટ જોઇ શકાશે.

સ્વભાવે એ અત્યંત નિખાલસ હોઇ એમણે સાથે ફરીને મને અહીંના બીજા ચિત્રકારોનો પણ પરિચય કરાવ્યો અને અહીંનાં મકાનોની ભીંતો પરનાં મોટાં ચિત્રોની લાક્ષણિતાઓની સમજ પણ આપી. પોતે પરંપરિત ઢબે કામ કરતા હોવા છતાં અહીં પશ્ચિમી પ્રભાવ તળે કામ કરતા ચિત્રકારોમાં પણ સારું માન ધરાવે છે અને તેઓ પોતે પણ તેમના કામને સમજવાને પ્રયત્નશીલ રહે છે. આવી ખુલ્લા મનની વૃત્તિ સામાન્યતઃ અહીંના અન્ય પીઢ અને સિદ્ધહસ્ત ચિત્રકારોમાં જણાઇ નહિ.

નિયમિત ચિત્રકામ કરવા ઉપરાંત તેઓ સાંસારિક અને સામાજિક તથા રાજકીય પ્રવૃત્તિઓમાં પણ સક્રિય રસ લે છે. અને કદાચ એટલે જ અહીંના આબાલવૃદ્ધ સૌમાં તેઓ પ્રિય થવા સાથે 'ડારજી'ના હુલામણા નામથી ઓળખાય છે. □

અનુસંધાન] **શતરંજ** [પૃષ્ઠ ૨૪થી

પદ્ધતિ યોજી તે આજે ખૂબ પ્રચલિત છે. લાખોની સંખ્યામાં તેનાં પુસ્તકો વેચાયાં છે.

આમ, પાનાંની રમતોમાં આજે બ્રિજ દુનિયાભરમાં અત્યંત લોકપ્રિય રમત છે. અમેરિકામાં તેની સ્પર્ધાઓમાં હજારો હરીફો ભાગ લે છે. ભારતમાં યે અખિલ ભારતીય બ્રિજ એસોસીએશન ઉપરાંત રાજ્યવાર અનેક મંડળો છે. દેશનાં બધાં મોટાં શહેરોમાં બ્રિજના કાબેલ રમનારા હોય જ છે, જેમાંનો સારો એવો વર્ગ મોભાદાર છે. અલબત્ત, બધી જ રમતોની જેમ આમાં યે જુગાર ખેલાય છે. એમાં દોષ રમનારનો છે, રમતનો નહિ. આ લેખમાળાનો આશય પણ આ બુદ્ધિકસ રમતનો પરિચય અને તેની સમજ કેળવી તેનો નિર્દોષ આનંદ આપવાનો જ છે. —સં.

કવિતાનો કીમિયો

કરુણા

નિરંજન ભગત

માત્સુઓ બાશો (૧૬૪૪-૧૬૯૪) જપાનના સર્વશ્રેષ્ઠ કવિ છે. એમના જીવન અને કવનની પૂર્વભૂમિકા આ પ્રમાણે છે: ૧૭મી સદીના આરંભમાં સૈકાઓના આંતર વિગ્રહોની અશાંતિ અને અરાજકતા પછી જપાને કંઈક શાંતિ અને સુરાજ્યનો અનુભવ કર્યો. તોકુગાવા ઈયાસુએ ઇદો (આધુનિક તોકિયો)માં શોગુન–લશ્કરી રાજ્ય–સ્થાપ્યું. આ શોગુન પર જપાનના કિયોતોનિવાસી શહેનશાહનું માત્ર ઔપચારિક જ વર્ચસ્વ હતું. આ શોગુનનો હવે અન્ય કોઈ પ્રતિસ્પર્ધી ન હતો. ૧૬૩૮માં ત્રીજા શોગુનના સમયમાં તો જગતથી અલિપ્ત એવા સુરક્ષિત જપાનમાં સંપૂર્ણ શાંતિ હતી. જપાનનો સમાજ સુખી અને સમૃદ્ધ હતો, જપાનનું પ્રજાજીવન સ્વસ્થ અને સધ્ધર હતું. આ સમય કવિ-પ્રતિભાના પ્રાગટ્ય અને પુરસ્કારને અનુકૂળ હતો. સામુરાઈ–યુયુત્સુ વર્ગના સભ્યો–હવે યુદ્ધની કળામાં નહિ પણ શાંતિની કળામાં સક્રિય હતા. આ કળામાં કવિતાની કળા સૌથી વધુ લોકપ્રિય હતી.

બાશોનો જન્મ ૧૬૪૪માં દક્ષિણ જપાનમાં કિયોતો (સ્થાપના ૭૯૫)ની નિકટ ઈગામાં થયો હતો. એ સામુરાઇ વર્ગના વંશજ હતા. આઠ વર્ષની વયે એ ઇગામાં જેમનો દુર્ગ–આવાસ હતો એવા એક ઉમરાવના સેવક હતા. આ ઉમરાવના પુત્ર સેન્જિનના એ અનુચર હતા. સેન્જિન બાશોથી વયમાં સહેજ જ મોટા હતા. એથી બન્ને વચ્ચે સ્વામી–સેવક તરીકેનો સંબંધ ન હતો, મિત્રો તરીકેનો સંબંધ હતો. બાશોને સેન્જિન અને એમના ગુરુ કિજિન દ્વારા કવિતાની કળાનો પ્રથમ પરિચય થયો. આ કવિતાની કળા એટલે હોક્કુ (જેનું પછીથી ૧૯મી સદીમાં 'હાઈકુ' એવું નવું નામાભિધાન થયું.) હોક્કુ ત્યારે દૈનંદિન શૈલીની માત્ર મનોરંજની કવિતા હતી, સભારંજની કવિતા હતી, શીઘ્રકવિતા હતી, મુખ્યત્વે હાસ્ય અને કટાક્ષની કવિતા હતી. બાશોએ નવ વર્ષની વયે કવિતા કરવાનો આરંભ કર્યો. તેર વર્ષની વયે એમણે જપાની પંચાંગ પ્રમાણે ૧૬૫૭ના પંખી-વર્ષ વિશે એક હોક્કુ રચ્યું. આ એમનું પ્રથમ પ્રગટ કાવ્ય. આ કાવ્ય અસ્તિત્વમાં છે. આ પૂર્વેનાં એમનાં કાવ્યો પ્રાપ્ય નથી.

ઈ. ૧૬૬૬માં સેન્જિનનું અકાળે અચાનક અવસાન થયું. બાશોને માટે આ અસહ્ય આઘાતનો અનુભવ હતો. એમના સમગ્ર જીવન અને કવન પર એની અત્યંત તીવ્ર અસર છે. આ અવસાનના બે જ મહિનામાં ૧૬૬૭માં એમણે ઈગાનો હમેશ માટે સ્વેચ્છાએ ત્યાગ કર્યો અને કોયસનના આશ્રમમાં નિવાસ કર્યો. એમણે માત્ર ઈગાનો જ નહિ, પણ હૃદયથી સંસારનો ત્યાગ કર્યો. ત્યારે એમનું વય માત્ર ત્રેવીસ વર્ષનું હતું. (જો કે પછીથી બાશોએ લગ્ન કર્યું હતું. એમને બે પુત્રીઓ પણ હતી. એમણે સંસારનો સ્વીકાર કર્યો હતો, પણ 'સંસારરસ'નો ત્યાગ કર્યો હતો.)

પછી એમના ગુરુ કિજિન ઈગાથી કિયોતો ગયા ત્યારે બાશો પણ કિયોતો ગયા, અને કિજિન સાથે હોક્કુનો વધુ અભ્યાસ કર્યો. પછી ૧૬૭૨માં કિજિન કિયોતોથી ઇદો ગયા ત્યારે બાશો પણ ઇદો ગયા. બે વર્ષ પછી ૧૬૭૪માં ઇદોમાં ત્રીસ વર્ષની વયે બાશોએ સ્વતંત્ર કાવ્યશાળા સ્થાપી. એક શ્રીમંત વેપારીના તેર વર્ષની વયના પુત્ર એમના પ્રથમ શિષ્ય હતા. આ શિષ્ય પછીથી એમની મૌલિક કાવ્યપ્રતિભાને પ્રતાપે કિકાકુ (૧૬૬૧-૧૭૦૭)ને નામે કવિ તરીકે પ્રસિદ્ધ થયા. ક્રમશઃ બાશોની કાવ્યશાળાની શિષ્યસંખ્યા અને નામખ્યાતિનો વિકાસ-વિસ્તાર થયો. બાશોને મુખ્ય દસ શિષ્યો હતા. આ દસ શિષ્યો 'દસ ફિલસૂફો'ને નામે કવિઓ તરીકે પ્રસિદ્ધ છે. ૧૬૭૯માં બાશોએ હોક્કુની 'નૂતન શૈલી'નું સર્જન કર્યું. એથી પૂર્વોક્ત દૈનંદિન શૈલીનું હોક્કુ હવે બાશો શૈલીનું હોક્કુ થયું. હોક્કુ એક મહાન કવિતા રૂપે સિદ્ધ થયું. આ 'નૂતન શૈલી' હવે હમેશ માટે 'બાશો શૈલી'ને નામે બાશોના નામના પર્યાયરૂપે જપાની કવિતાના ઇતિહાસમાં પ્રસિદ્ધ છે. એમના દસ શિષ્યોમાંના એક શિષ્ય મુકાઈ કિયોરાઈ (૧૬૫૧-૧૭૦૪) એ પોતાની સાથેના બાશોના કેટલાક સંવાદો નોંધ્યા છે. એમાં બાશોની હોક્કુ વિશેની સૂઝસમજ તથા આ શૈલી વિશેની સિદ્ધાંતભૂમિકા પ્રગટ થાય છે.

૧૬૮૦માં ઇદોની સીમમાં છત્રીસ વર્ષની વયે બાસોએ સ્વતંત્ર આશ્રમ સ્થાપ્યો. આ આશ્રમના પ્રવેશદ્વાર પાસે બાશો (કદલી)નું વૃક્ષ હતું. એથી એનું 'બાશો આશ્રમ' એવું નામાભિધાન કર્યું, પોતે પણ બાશો નામ ધારણ કર્યું. ૧૬૮૪માં બાશોને રહસ્યદર્શન થયું અને એમણે 'ઝેન'ની સાધનાનો બૌદ્ધધર્મની ઉપાસનાનો આરંભ કર્યો. ત્યારથી બાશોનું મોટા ભાગનું જીવન એટલે પ્રવાસો, ભ્રમણો અને યાત્રાઓ. ૧૬૮૪થી તે આયુષ્યના અંત લગી, એક દાયકા લગી, એમણે એમના હોક્કુસંગ્રહોમાં તથા શિષ્ય એત્સુજિન સાથે કિસો પર્વત લગી સારાશિનાના પ્રદેશની યાત્રા અને ૧૬૮૯ની વસંતમાં છ માસ ઇસેમા સૂર્યદેવી આમાતેરાસુ આમિકામિના પવિત્ર મંદિર લગી ઉત્તર પ્રદેશની યાત્રા આદિ એમની અનેક તીર્થયાત્રાઓની ગદ્યપદ્ય સ્વરૂપમાં એમની ડાયરીઓ–'સારાશિના કિકો' (સારાશિનાની યાત્રા), 'ઓકુ-નો-હોસોમિચિ' (ઓકુ-આંતરપ્રદેશ, ઉત્તરપ્રદેશનો સાંકડો રસ્તો) આદિમાં રહસ્ય-દર્શનની, ધર્માનુભવની મહાન કવિતાનું સર્જન કર્યું. ૧૬૮૬માં એમણે એમના સર્વશ્રેષ્ઠ હોક્કુનું સર્જન કર્યું. આ હોક્કુ રચ્યું, પછી એમના જીવનમાં ને કવનમાં સવિશેષ પરિવર્તન થયું. આ હોક્કુ એમના જીવનમાં અને કવનમાં સીમાચિહ્નરૂપ છે. આ હોક્કુ માત્ર બાશોનું જ નહિ પણ જપાની ભાષાનું પણ સર્વશ્રેષ્ઠ હોક્કુ હોઈ આજે તો જગપ્રસિદ્ધ છે:

ફુરુ-ઇકે યા કાવાઝુ તોબી-કોમુ મિઝું-નો-ઓતો' (જૂનું તળાવ, મેડક કૂદ્યો એમાં, પાણી ખખળ્યું). એમાં સાતોરી રહસ્યદર્શનનો અનુભવ છે. એથી આ હોક્કુ એક સાથે અત્યંત સરળ અને સંકુલ છે, સુબોધ ને દુર્બોધ છે. આ હોક્કુ અસંખ્ય સહૃદયોને આસ્વાદ તથા અવબોધ ઉભયના સાહસ અર્થે આજ લગી એક પ્રચંડ આહ્વાનરૂપ રહ્યું છે. અને હમેશાં રહેશે. બાશોની પૂર્વોક્ત લઘુકદની યાત્રાડાયરી 'ઓકુ-નો હોસોમિચિ' પર થયું છે એટલું વિવેચન એટલા જ કદની જગતની અન્ય કોઈ કૃતિ પર થયું નથી. એમાં કુલ ૫૦ હોક્કુ છે. બાશોએ એમની અંતિમ માંદગી સમયે મિત્રો અને શિષ્યો સાથે ધર્મ, ફિલસૂફી અને કવિતા વિશે સતત સંવાદ કર્યો હતો. આ ત્રણે વિષયો એમને માટે એકરૂપ, ત્રિમૂર્તિરૂપ હતા. ૧૬૯૪માં પચાસ વર્ષની કાચી વયે એમને પ્રિય એવી એક યાત્રા દરમ્યાન ટૂંકી માંદગી બાદ મિત્રો અને શિષ્યોના સાન્નિધ્યમાં બાશોનું અવસાન થયું. બિવા સરોવરની નિકટ એક નાનકડા ગ્રામમંદિરમાં એમની સમાધિ રચવામાં આવી છે. અવસાન પૂર્વે એમના મિત્રો અને એમને એમના સમગ્ર જીવનદર્શનના સારસર્વસ્વરૂપ એક મૃત્યુકાવ્ય રચવાનો પ્રાર્થનાપૂર્વક આગ્રહ કર્યો હતો, 'જૂનું તળાવ' હોક્કુ રચ્યું પછી સતત એમણે મૃત્યુકાવ્યો જ રચ્યાં છે એથી આરંભમાં તો એમણે આ વિનતિનો અસ્વીકાર કર્યો, પણ અંતે પછી એક અંતિમ હોક્કુ રચ્યું હતું:

(અનુસંધાન પૃષ્ઠ ૩૧)

દિક્પાલ

—પ્રફુલ્લ રાવળ

અર્થાત્ 'દિશાનો રક્ષક'. 'દિશા' શબ્દના મૂળમાં અનેકાર્થી 'દિશ્' છે. દર્શાવવું, બતાવવું, નિર્દેશવું એ અર્થસૂચક 'દિશ્' ધાતુ પરથી 'દિશા' શબ્દ બન્યો છે. એમાં દર્શાવવું કે નિર્દેશવું એ ભાવ સમાવિષ્ટ છે. મૂળ એક બિન્દુથી પ્રારમ્ભાતી ગતિના નિર્દેશે દિશાની કલ્પના ઉદ્‌ભવી હશે. આ કલ્પનાની પ્રાચીનતાનું પગેરું શોધવું સંદર્ભ માહિતીની સંદિગ્ધતાએ અઘરું છે. વેદમાં દિશાઓના ઉલ્લેખ છે. પરંતુ વેદાદિના સમયનો નિર્ણય હજી અસ્થિર હોઈ દિશાઓનું મૂળ શોધવા જતાં તેના પાયામાં બિન્દુ છે. દિક્ અને કાલની વૈજ્ઞાનિક ધારણામાં એને 'વિશ્વ-બિન્દુ' રૂપે ઓળખાવામાં આવે છે. આ 'વિશ્વ-બિન્દુ'ની કોઈ પણ બાજુ તરફની ગતિથી દિશાની કલ્પના ઉદ્‌ભવી હશે. સૂર્યપરિભ્રમણે પૂર્વ-પશ્ચિમ દિશાનું સૂચન મળે છે. અતઃ પ્રથમ બે જ દિશાઓની કલ્પના ઉદ્‌ભવી હશે. તદન્વયે એ બે દિશા સિવાયની બાજુએ ગતિ થતાં અન્ય બે દિશાઓની કલ્પના અસ્તિત્વમાં આવી હશે. મુખ, પીઠ, દ્વિહસ્ત એમ માનવશરીરની ચારે બાજુ વડે ચતુર્દિશાની કલ્પના સાકાર થઈ હશે એમ અનુમાની શકાય. 'ઐતરેય ઉપનિષદ'માં 'શ્રોત-માંથી દિશાઓ ઉત્પન્ન' એવો દિશાની વિભાવનાનો સંદર્ભ મળે છે. 'તૈત્તિરીય ઉપનિષદ'માં 'દિશોઽવાન્તર દિશઃ' એ ઉલ્લેખ ચારથી વિશેષ દિશાઓ એ કાળે પ્રચલિત હશે તેનો નિર્દેશ કરે છે. 'પ્રશ્ન ઉપનિષદ' પ્રાચી. દક્ષિણ, પ્રતીચી ને ઉદીચી એ ચાર દિશાઓનાં સ્પષ્ટ નામો-લ્લેખના નિદર્શન સાથે પાતાળ, આકાશ ને વચગાળાની દિશાઓને સૂચિત કરે છે. 'છાંદોગ્ય ઉપનિષદ'માં ચાર દિશા અને તેમના જુહૂ, સહમાના, રાજ્ઞી ને સુભૂતા એ અપરનામો પણ આપ્યાં છે. 'બૃહદા-રણ્યક ઉપનિષદ'માં છ દિશાનો તેમ જ સૂર્ય, યમ, વરુણ, સોમ, અગ્નિ એમ દિશાઓના અધિપતિનો નિર્દેશ મળે છે. 'કિરાતાર્જુનીય' (૨-૨૩)માં ચાર દિશાનો ઉલ્લેખ છે જ્યારે 'મુદ્રારાક્ષસ' (૩-૭)માં દસ દિશાઓ હોવાનું નોંધાયું છે.

કલ્પના અને અનુમાન માનવસહજ વૃત્તિ છે. ભીતિ એ પણ માનવ-સ્વભાવ છે. આ ભીતિએ જ અનંતદિશાના રક્ષકોની કલ્પના જન્મી અને તદન્વયે દિશાઓના રક્ષક અર્થાત્ દિક્પાલોને દેવ તરીકે સ્વીકારીને દેવાલયના મંડોવરમાં તેમની સેવ્ય પ્રતિમા મૂકીને અર્ચના થવા માંડી. દિશાઓની કલ્પના અને તદનુસંધાને દિક્પાલની વિભાવના પ્રગટી છે. અતઃ દિક્પાલની વિભાવના ઉત્તરકાલીન છે. જો કે વેદકાલીન પરંપરાથી પ્રચલિત દેવને જ દિક્પાલ દેવ રૂપે સ્વીકારવામાં આવ્યા છે. પરિણામે દિક્પાલ વિભાવના પ્રાચીન હોવાનું જણાય છે. અલબત્ત, વેદના ઉત્તર-કાળમાં આછીપાતળી દિક્પાલ વિભાવના પ્રગટી હશે એમ 'અથર્વવેદ'ના પાપમોચન-સૂક્ત પરથી અનુમાની શકાય છે. વસ્તુતઃ રામાયણ-મહા-ભારતના કર્તાઓએ પૂર્વકાલીન પારંપરિક રીતિઓમાં સમયોચિત ઉમેરો કર્યો છે, અને તેથી એ બે મહાકાવ્યોમાં અનેકવિધ નૂતન ઉપલબ્ધિ છે. દિશાઓને પવિત્ર લેખીને તેની પૂજા કરનારા દિશાવ્રતિક જેને 'ભગવતી સૂત્ર'માં 'દિશા પોક્ખીય' કહ્યાં છે તેઓનો દિશાપોક્ખીય મત પ્રાચીન કાલીન હોય તેમ જણાય છે.

રામાયણ-મહાભારતમાં ચાર દિક્પાલો મળે છે. કદાચ મહાભારત-કાળમાં અથર્વવેદમાં સૂચિત વિભાવનાનો પૂર્ણરૂપે આવિષ્કાર થયો હોય અને દિક્પાલની કલ્પના સાકાર થઇ હોય, પાણિની દેવના પર્યાય રૂપ વપરાતા 'મહારાજ'નો ઉલ્લેખ કરે છે. પાલિ સાહિત્યમાં દિશાના રક્ષક દિક્પાલને મહારાજ રૂપે ઓળખાવ્યા છે, તે આ પ્રમાણે છે: પૂર્વ દિશાનો ધૃતરાષ્ટ્ર, પશ્ચિમ દિશાનો વિરૂપાક્ષ. ઉત્તર દિશાનો વૈશ્રવણ અને દક્ષિણ દિશાનો વીરૂઢક, એમ ચાર દિશાઓના ચાર મહારાજો અર્થાત્ દિક્પાલો કે લોકપાલો. આ ચારે મહારાજો યક્ષ રૂપે પૂજાતા અને યક્ષોનો અધિપતિ કુબેર ગણાતો. આ કુબેરને જ પછીના સમયમાં 'લોકપાલ' રૂપે ઓળખાવ્યો છે.

મહાભારત પછી દિક્પાલની વ્યવસ્થિત કલ્પના 'મનુસ્મૃતિ'માં મળે છે. એમાં ઇન્દ્ર, વાયુ, યમ, સૂર્ય, અગ્નિ, વરુણ, ચંદ્ર અને કુબેર એમ આઠ લોકપાલો અર્થાત્ દિક્પાલોનો નિર્દેશ થયેલો છે.

દિશાઓના રક્ષક દેવ માટે 'દિક્પાલ'ના બદલે 'લોકપાલ' સંજ્ઞા વિશેષ પ્રચલિત બની છે. 'લોકપાલ' એ દિક્પાલની સમાનાર્થી સંજ્ઞા હોવા સાથે એ ઉભયમાં 'લોકોનું પાલન કરનાર' એ અર્થ સમાવિષ્ટ છે. 'લોકોનું પાલન કરનાર' એ અર્થયુક્ત 'લોકપાલ' સંજ્ઞાનો પ્રાચીન ઉલ્લેખ 'ઐતરેય ઉપનિષદ'ના પ્રથમ અધ્યાયમાં પ્રથમ ખંડમાં મળે છે. એ જ ઉપનિષદના દ્વિતીય ખંડમાં 'લોકપાલ' એ દેવ રૂપે ઓળખા-વેલ છે. અતઃ લોકોનું પાલન કરનાર 'લોકપાલ' રૂપે પહેલાંથી પ્રચલિત છે. સમયાન્તરે 'લોકપાલ' એ 'દિક્પાલ'ના સમાનાર્થે પ્રયોજાતો રહ્યો. પારંપરિક રીતે એ શબ્દ રૂઢ થયો છે. 'મનુસ્મૃતિ'ની 'લોકપાલ' સંજ્ઞા ઉત્તરકાળમાં પણ પ્રયોજાતી હતી તેનો ખયાલ કાલિદાસના વિક્રમોર્વશી' (અંક ૨-૧૮) પરથી તેમજ 'રઘુવંશ' (૨-૭૫-૮૯; ૧૭-૧૮) પરથી આવે છે.

'વરાહપુરાણ'માં દિક્પાલ વિષેની રસિક કથા છે. ચિંતનરત બ્રહ્માના કાનમાંથી દસ કન્યાઓ ઉત્પન્ન થઈ. એ કન્યાઓએ પતિની યાચના કરી તેથી બ્રહ્માએ દરેકને પોતાને અનુકૂળ-ઇચ્છિત સ્થાન પ્રતિ જવાની આજ્ઞા કરી. આથી દરેક કન્યા એક એક દિશા પ્રતિ ગઈ. બ્રહ્માએ આઠ દિશાના આઠ દિક્પાલો ઉત્પન્ન કરીને એ કન્યા એમને આપી. બાકીની બે કન્યા-ઓમાંથી એક અનંત-પાતાળમાં ગઈ અને એક બ્રહ્મ-આકાશમાં ગઈ. પ્રત્યેક પુરાણોમાં નામોની ભિન્નતાએ આઠ દિક્પાલોનાં નામો મળે છે.

'મનુસ્મૃતિ'માં નિર્દેશાયેલ આઠ દિક્પાલોમાંથી સૂર્ય-ચંદ્ર એ બે દિક્પાલોને સ્થાને પાછળથી ઈશાન-નૈઋતિ પ્રચલિત બને છે. વળી 'મનસ્મૃતિ'માં ઉલ્લેખિત આઠ દિક્પાલોને બદલે દસ દિક્પાલોની વિભાવના લગભગ આઠમા સૈકા પછી 'વાસ્તુશાસ્ત્ર'ના પ્રચારે પ્રચલિત થઈ હોય એમ લાગે છે. જો કે દસ દિક્પાલો યુક્ત દેવાલયો બાંધવાની પ્રથા સવિશેષ પ્રચલિત થઇ હોય તેમ લાગતું નથી. ગુજરાતમાં માત્ર ઘુમલી સિવાયના કોઈ પણ મન્દિર પર દસ દિક્પાલો હોવાનું જણાયું નથી. આથી એમ અનુમાની શકાય કે 'વાસ્તુશાસ્ત્ર'ની દસ દિક્પાલ વિભાવના સવિશેષ લોકપ્રચલિત થઇ નથી. પારંપરિક રૂપે અષ્ટ દિક્-પાલ વિભાવનાનો જ પ્રચાર સવિશેષ રહ્યો છે. એ આઠ દિક્પાલો આ પ્રમાણે છે: પૂર્વ દિશા-ઇન્દ્ર, પશ્ચિમ દિશા-વરુણ, ઉત્તર દિશા-કુબેર, દક્ષિણ દિશા-યમ, ઇશાન દિશા-ઇશાન, અગ્નિ દિશા-અગ્નિ, નૈઋત્ય દિશા-નૈઋતિ અને વાયવ્ય દિશા-વાયુ.

સુબન્ધુકૃત 'વાસવદત્તાકથા'માં (પરિચ્છેદ ૨૦) પણ ઉક્ત દિક્-પાલોનો ઉલ્લેખ છે. આ સિવાય દસ દિક્પાલોમાં બ્રહ્મ (આકાશ) ને અનંત (પાતાળ)નો સમાવેશ થાય છે. 'કૂર્મ પુરાણ'માં અષ્ટ દિક્પાલો પૈકી ઉત્તર દિશાના દિક્પાલ 'કુબેર'ને સ્થાને 'સોમ'નો ઉલ્લેખ છે. 'બૃહદારણ્યક ઉપનિષદ'માં પણ 'સોમ'નો નિર્દેશ મળે છે. પરન્તુ 'મનુ સ્મૃતિ'માં સોમ અદૃશ્ય થાય છે ને પ્રચલિત અષ્ઠ દિક્પાલ વિભાવ-નામાં ઉત્તર દિશાના દિક્પાલ તરીકે 'કુબેર'નો ઉમેરો થાય છે. પુરાણોમાં ક્યાંક 'સોમ' અને 'કુબેર' ઉભયનો ઉલ્લેખ પણ મળે છે.

આઠ દિશાઓના આઠ દિગ્ગજો પણ કલ્પવામાં આવ્યા છે. 'દિઙ્-નાગાનાં' એવો ઉલ્લેખ 'મેઘદૂત'માં છે, ને 'પૃથ્વીચંદ્ર ચરિત'માં 'દિગ્-ગજેન્દ્ર' એવો નિર્દેશ છે.



આઘું કરો

આંહીં મારે બગીચે કુસુમ નવ ગુલાબો તણાં ઊગતાં યે,
જેથી વેરી તમારા પથ પર, પથને કોમળો હું બનાવું;
એથી તો આ ન સારું—પથ ઉપર કદી કોઇએ પાથર્યાં હો,
કાંટાઓ, તે હઠાવી તમ પદ-તલને હું વીંધાતાં બચાવું?

—દેવજી રા. મોઢા

પરિચારિકા ઇલિઝાબેથ કીની

તબીબી ક્ષેત્રમાં ફિઝિયો થેરપીની શાખા હવે તો સારી પેઠે જાણીતી થઈ ગઈ છે અને બાળલકવા જેવા રોગોમાં તેના ઉપચારોનું ઘણું મહત્ત્વ સ્વીકારાયું છે, પણ થોડા જ દાયકા પૂર્વે આ સ્થિતિ નહોતી. બાળલકવા ત્યારે અસાધ્ય રોગ મનાતો હતો અને ફિઝિયોથેરપી, એટલે કે શેક, માલીશ ને કસરતની તબીબી ઉપચારોમાં ગણના નહોતી, પરંતુ એક પરિચારિકા ઇલિઝાબેથ કીનીએ કરુણાથી પ્રેરાઇને આપમેળે ખંતપૂર્વક કરેલા અભ્યાસ અને અજમાયેશો દ્વારા શ્રદ્ધાપૂર્વક જહેમત ઉઠાવીને બાળલકવામાં આ ઉપચારપદ્ધતિનું મહત્ત્વ સ્થાપ્યું.

ઑસ્ટ્રેલિયામાં નવ ભાઇબહેનોવાળા બહોળા કુટુંબમાં તેનો જન્મ થએલો. એનો એક ભાઈ શારીરિક રીતે એટલો નબળો હતો કે એને શાળામાં પણ ઊંચકીને લઈ જવો પડતો. આ ભાઈ પ્રત્યેના સવિશેષ પ્રેમથી ઇલિઝાબેથ એ કાર્ય તો કરતી જ, પરંતુ ભાઈની તબિયત સુધારવા માટે પણ એ સતત ચિંતન કર્યા કરતી. આ માટે એણે વાંચીવાંચીને શરીર, સ્નાયુઓ અને જ્ઞાનતંતુઓનો, અંગવિકાસ માટેની કસરતોનો અને તેનાં સાધનોનો પણ અભ્યાસ કર્યો. જુદાજુદા સ્નાયુઓને કસરત આપવા માટે વિવિધ સાધનો ઘરઆંગણે બનાવીબનાવીને અજમાવ્યાં અને પોતે કરેલાં તારણો પરથી ભાઈની તબિયત સુધારવા તેણે જે સતત મહેનત કરી તેના પરિણામે એ ભાઈ શાળાની રમતગમતોમાં ભાગ લેતો થઈ તેમાં અવલ આવવા માંડ્યો એટલું જ નહિ, પ્રથમ વિશ્વયુદ્ધ વખતે બહાદુર સૈનિક તરીકેનું માન પણ પામ્યો હતો.

પોતાની મહેનતનું આવું પરિણામ જોતાં ઇલિઝાબેથે રીતસર અભ્યાસ કરીને પરિચારિકા બનવા વિચાર્યું. અને એ અભ્યાસ દરમિયાન પણ પોતે અજમાવેલા ઉપાયો વગેરે વિષે પણ તક મળ્યે તબીબો સાથે ચર્ચાઓ પણ કરતી રહેતી. એ સમયમાં બાળલકવાનો તો કોઈ અકસીર ઉપાય નહોતો પણ તેનો ભોગ બનતાં બાળકોને એમનાં અંગ વધુ વિકૃત ન થાય તેટલા સારુ લાકડાનાં ખપાટિયાં વગેરેમાં બાંધી રખાતાં અને એથી બિલકુલ પરાવલંબી જેવાં બની રહેતાં બાળકોનું દુઃખ જોઈ એનું હૃદય દ્રવી ઊઠતું. એવા દર્દીઓને માટે પોતે કંઈક કરી છૂટે એવી ભાવનાથી એ સતત એ દિશામાં વિચારો કર્યા જ કરતી.

પરિચારિકા તરીકે એને અનેક સ્થળે જવું પડતું. આ રીતે એને એક નાના ગામમાં જવાનું થયું. ત્યાં તેણે એક કુટુંબમાં એકસાથે છ બાળકોને લકવાથી પીડાતાં જોયાં. એમને માટે શું કરવું તે અંગે એણે તબીબી સલાહ મંગાવી ત્યારે બાળકોને તાવમાં રાહત આપવા સિવાય બીજો કોઈ ઉપચાર ન હોવાનું જણાવવામાં આવ્યું.

પણ લીઝી નિરાશ ન થઈ. એણે પોતાને સૂઝ્યા તે ઉપચાર કરવા માંડ્યા. ધાબળાના ટુકડાઓને ગરમ પાણીમાં બોળીબોળીને એણે શેક આપવા માંડ્યો. એથી બાળકોને પીડામાં રાહત મળતી દેખાઈ. નિયમિત માલિશ કરતા રહેવાથી બાળકોનાં જકડાઈ ગએલાં અંગોમાં સ્ફૂર્તિ અને કસરતથી તેમાં શક્તિ આવતી જોઈ. એણે શ્રદ્ધા અને ધીરજથી પોતાના ઉપચાર જારી રાખ્યા. અને એક વર્ષ પછી જ્યારે એ છયે બાળકો અંગે તબીબી અભિપ્રાય માગ્યો ત્યારે બાળલકવાની કોઈ માઠી અસર એમના અંગોમાં નહિ રહ્યાનું જણાવતાં ડૉ. મૅકડોનાલ્ડ-ને પણ ઘણું આશ્ચર્ય થએલું. ડૉક્ટરે કીનીના ઉપચારનો આવો પ્રભાવ જોઈ તેને પ્રોત્સાહન આપતાં કહેલું કે એની ઉપચાર-પદ્ધતિને તબીબો કદાચ સ્વીકારશે નહિ, પરંતુ એક દિવસ દુનિયા તેને વધાવશે જ.

બીજી બાજુ પરિચારિકા તરીકે કીની પોતા-ની ફરજોમાં પણ એટલી જ વ્યસ્ત રહેતી. દર્દીઓનું દુઃખ દૂર કરવું એ જ જાણે એનું એકમાત્ર ધ્યેય હતું. પ્રથમ વિશ્વયુદ્ધ વખતે તેણે તબીબી જહાજો પર સેવા આપી. આ માટે અન્ય કોઈ પરિચારિકા કરતાં યુરોપ-ઑસ્ટ્રેલિયા વચ્ચે એણે વધુ ખેપ કરી હતી. પરંતુ આ બધાં વચ્ચે યે બાળલકવાની સાર-વારને એ ભૂલી નહોતી. એને ખાતર એણે પોતાની બધી ઇતર પ્રવૃત્તિઓ પણ છોડી દીધી હતી, અરે એની આ ઘેલછા છોડી દેવાનું કહેતા એના પ્રેમીને પણ એણે પોતાના પ્રેમમાં-થી મુક્ત કરી દીધો હતો. બાળલકવા માટે એણે જાણે કે ભેખ જ ધર્યો હતો. તબીબો મંજૂરી આપે ત્યારે તે પોતાના ઉપચારો અજમાવવાની એક પણ તક જતી કરતી નહિ. આમ જ ૧૯૩૩માં એણે દરિયાકિનારે લટાર મારતાં એક લકવાગ્રસ્ત બાળકીને જોઈ. સાત વર્ષથી અપાહિજ બની રહેલી એ સુંદર બાળાનું પરાવલંબન દૂર કરવા તબીબો માટે કોઈ ઈલાજ ન હતા. લીઝાએ તેની સારવાર કરવા માંડી. પોતાની મેળે ઊભી પણ ન રહી શકતી એ બાળા એના ઉપચારોથી વ્હીલચેરમાં જાતે ફરતી થઈને પછી ધીરેધીરે જાતે જ હરતી-ફરતી થઈ ગઈ. લીઝાની આ સિદ્ધિની કથા ચોમેર પ્રસરી ગઈ. દૂરદૂરથી એની પાસે સાર-વાર પામવા દર્દીઓ આવવા લાગ્યા. પોતાના ઘરઆંગણે એણે તે માટે ગોઠવણો કરી. પરંતુ પોતાના ઉપચારો આરંભતાં પહેલાં એ તેની અજમાયેશ માટે તબીબોની મંજૂરી મેળવી લેતી, અને કંઈપણ વળતર લીધા વિના એ સારવાર આપતી. પરંતુ એની સારવાર પદ્ધતિની અસરકારકતા સિદ્ધ થતી જતી હોવા છતાં તબીબો તેને અપનાવવા તૈયાર નહોતા. પોતાની એ પદ્ધતિને માન્યતા અપાવવા માટે પણ એને સતત ઝઝૂમવું પડ્યું હતું. અંતે ૧૯૩૪માં બ્રિસ્બેનમાં એના સારવાર-કેન્દ્રને સરકારે માન્યતા આપી. એની સિદ્ધિઓથી પ્રેરાઇને ૧૯૪૦માં નિષ્ણાત તબીબોની સલાહ લેવા તથા તેની પદ્ધતિનો પ્રત્યક્ષ પરિચય આપવા ઑસ્ટ્રેલિયાની સરકારે તેને અમેરિકા મોકલી. અલબત્ત, ત્યાંના નિષ્ણાત તબીબોને પણ તેની સારવાર-પદ્ધતિમાં શ્રદ્ધા તો ન જ બેઠી, પણ અંતે 'મૅયો ક્લિનિક'માંથી તેને જ્યાં બાળલકવાનું પ્રમાણ વિશેષ હતું તે મિનિયૉલિસ અને સેન્ટપોલમાં તેની ઉપચાર-પદ્ધતિની અજમાયશની સૂચના આપી. ત્યાં-ના નિષ્ણાત તબીબો સાથે યે એણે ઠીકઠીક ચર્ચાઓ કરવી પડી, પણ અંતે પ્રાયોગિક ધોરણે તેને થોડા દર્દીઓની સારવાર સોંપવામાં

આવી. અને પછી તેમાં જે સફળતા જોવા મળી તેથી ત્યાંના તબીબોએ પણ તેને સહાય-સગવડ આપવા માંડી અને પરિણામે ત્યાં દર્દીઓની જે ભીડ જામવા લાગી તેને સ્થળ અને ખર્ચની દૃષ્ટિએ પહોંચી વળવાનું પણ મુશ્કેલ બનવા માંડ્યું. આટલી સફળતા છતાં લીઝી હજી યે દર્દી પાસેથી કંઈ જ વળતર લેતી નહોતી. એનું તો એ જ ધ્યેય હતું કે બાળલકવાના દર્દીઓને અપંગ બનતાં અટકાવવા અને પોતાની ઉપચારપદ્ધતિનો લોકહિતાર્થે પ્રસાર કરવો.

આખરે તેના માટે ખાસ સારવાર-કેન્દ્ર ઊભું કરી આપવા સારુ ભંડોળ એકઠું કરવાનું નક્કી થયું. અને એ પ્રસ્તાવ સ્વીકારતાં પૂર્વે યે તેણે એક શરત મૂકી કે એ કેન્દ્રને આંતરરાષ્ટ્રીય ધોરણે જ ચલાવવામાં આવે. દેશના કોઈ ભેદભાવ વિના સૌ કોઈ ત્યાં સારવાર પામી શકે. તેની શરતનો સ્વીકાર થયો. પછી તો એ અનેક દેશોમાં ફરી વળી. સંખ્યાબંધ દર્દીઓ અપંગ બનવામાંથી બચી ગયા. એની ઉપચારપદ્ધતિને માન્યતા મળવા માંડી અને એની સેવાને બિરદાવતાં વિના રોકટોક અમેરિકામાં ગમે ત્યાં જવાઆવવાની એને ખાસ પરવાનગી આપવામાં આવી. લાફાયેત પછી આવી છૂટ પામનાર એ જ પ્રથમ વિદેશી હતી.

આજે એની સારવારપદ્ધતિ બાળલકવા માટે અકસીર ઉપાય મનાય છે. એમાં હવે તો વિકાસ પણ થયો છે અને બાળલકવાની રસી પણ શોધાઈ છે, પણ જ્યારે ઇલિઝાબેથ કીની આ રોગ સામે મથી રહી હતી ત્યારે તો તેના ઉપચારો એક મહા આશીર્વાદ રૂપ હતા.

ઈ. ૧૯૫૧માં એ પોતાના વતન ઑસ્ટ્રેલિયામાં પાછી ફરી. પણ કુદરત પણ કેવી છે? ઈ. ૧૯૫૨માં એનું અવસાન લકવાના આઘાતથી જ થયું. તબીબી વિદ્યાપીઠોની ઉપાધિઓ વિના યે એક પરિચારિકા ખંત અને શ્રદ્ધાપૂર્વક સખત પરિશ્રમ કરી કેવળ સેવાભાવનાના બળે કેવી સિદ્ધિ પ્રાપ્ત કરી શકે તેનું એ એક પ્રેરક દૃષ્ટાંત છે. —કૈલાસબેન દેસાઈ

ગણિત-ગમ્મત

૪૩ એ ઊતરતા ક્રમના આંકડાવાળી નાનામાં નાની અવિભાજ્ય સંખ્યા છે. આ જ રીતે ઊતરતા ક્રમના આંકડાવાળી મોટામાં મોટી સંખ્યા જાણો છો? આ પ્રકારની અવિભાજ્ય સંખ્યામાં એકમનો આંકડો ૧, ૩ અથવા ૭નો જ હોઈ શકે. નિરાંતે બેસીને પ્રયત્ન કરશો તો આવી ઊતરતા ક્રમના આંકડાવાળી ૧૬ સંખ્યાઓ મળશે. દા. ત. ૨૧, ૩૨૧, ૪૩૨૧ વગેરે. એ જ રીતે ૪૩, ૫૪૩, ૬૫૪૩ વગેરે.

આ ૧૬ સંખ્યાઓમાંની ૧૨ સંખ્યાને ૩ વડે ભાગી શકાશે એટલે એ અવિભાજ્ય નહિ ગણાય. એ જ રીતે ૨ સંખ્યાઓ એવી છે જે ૧૯ વડે ભાગી શકાશે. એ બે સંખ્યા છે: ૭૬૫૪૩૨૧ અને ૪૩૨૧.

જ્યારે ફક્ત બે જ સંખ્યા એવી છે જે અવિભાજ્ય છે. તેમાંની એક છે ૪૩, તે નાનામાં નાની છે, અને બીજી એટલે કે મોટામાં મોટી અથવા ઊતરતા ક્રમના આંકડાવાળી બીજી એકમાત્ર અવિભાજ્ય સંખ્યા છે ૭૬૫૪૩. —કિશોર ન. ગોરધનદાસ



સર વિન્સ્ટન ચર્ચિલનું આ શિલ્પ કદાચ વિખ્યાત શિલ્પી સર જૅકબ એપસ્ટિને કર્યું હશે તેમ લાગે, પણ એમ નથી. હકીકતે તો પાકિસ્તાનમાં રાવલપિંડીની ઉત્તરે આવેલા મૂરી હિલ્સના એક ખડકનો આ ભાગ છે.

અનુસંધાન] **વાચકો લખે છે** [પૃષ્ઠ ૨થી

સપ્ટેમ્બર અંકમાં શ્રી રામસિંહજી રાઠોડનો પત્ર તેમ જ શ્રી જયન્ત પાઠકનું કાવ્ય દિલચસ્પ છે.

શ્રી અશોક હર્ષ સિદ્ધહસ્ત લેખક છે પરંતુ થાપ ખાઈ ગયા છે. એમને ચાનક ચડાવવા આ થોડું તીખું લખ્યું છે:

દેશાભિમાન ખાતર ઐતિહાસિક હકીકત સાથે ચેડાં કરી શકાય કે?

'ઇતિહાસધારા'માં **શ્રી** હર્ષના લખ્યા મુજબ પલાશીના મેદાનમાં સિરાજુદૌલાની માતાએ તેને દેશાભિમાનનો પાઠ શીખવ્યો, પાનો ચડાવ્યો અને મીર જાફરની ગદ્દારી છતાં સિરાજુદૌલાએ યુદ્ધનો આદેશ આપી દીધો. યુદ્ધમાં એ વીરગતિને પામ્યો ને એનું બખ્તર જ એનું કફન બન્યું.(સપ્ટે. '૮૧ પૃ.૨૪૫) કયા આધારે **શ્રી હર્ષે** આ વિધાન કર્યું છે?

પલાશીના યુદ્ધમાં સિરાજુદૌલા નહિ પરંતુ તેનો વફાદાર સેનાપતિ મીર મદન વીરગતિને પામ્યો. (૨૩ જૂન, ૧૭૫૭).

ક્લાઈવનું સૈન્ય ત્રણ હજારનું હતું, સિરાજુદૌલાનું પંદર હજારનું, તે છતાં વળતે દિવસે બીકુ સિરાજુદૌલા યુદ્ધભૂમિમાંથી નાઠો, મુર્શિદાબાદ પહોંચ્યો, તિજોરી ખોલી, કલદારથી વફાદારી ખરીદવાનો પ્રયત્ન કર્યો, લેનારાઓએ કલદાર ખિસ્સામાં નાખીને પીઠ બતાવી મીર જાફર મુર્શિદાબાદ પહોંચ્યો, સિરાજુદૌલા રાતોરાત ઊભી પૂછડીએ નાઠો. જે ગામમાં ગદ્દાર મીર જાફરનો ભાઈ ફોજદાર હતો ત્યાં સિરાજુદૌલા પહોંચ્યો. સિરાજુદૌલાને આસરો આપનાર પણ ગદ્દાર નીવડ્યો. સિરાજુદૌલા કેદ પકડાયો. તેને મુર્શિદાબાદ પાછો લાવવામાં આવ્યો. તા. ૨ જુલાઇએ મીર જાફરના પુત્રે સિરાજુદૌલાનું ખૂન કર્યું. બખ્તર કેવું અને વાત કેવી?

વાસ્તવમાં પલાશીનું યુદ્ધ માત્ર છમકલું હતું, પરંતુ તેનાથી ભારતવર્ષની ઘોર ખોદાઈ, બ્રિટિશ સલ્તનતનો પાયો નખાયો.

આ રહ્યા ખુવારીના આંકડા:

અંગ્રેજ પક્ષે ચાર સિપાઇઓ (અંગ્રેજ) માર્યા ગયા, નવ ઘાયલ થયા, બે લાપત્તા. ૧૬ હિંદી સિપાઈ માર્યા ગયા, ૩૬ ઘાયલ થયા, સિરાજુદૌલાના પક્ષે પાંચસો માર્યા ગયા. (તોપમારાના કારણે?)

સિરાજુદૌલાની મા પણ કમોતે મરી.

પલાશીનો વિજય ક્લાઈવને આભારી ન હતો, મીર જાફરની ગદ્દારીને પણ આભારી ન હતો, સિરાજુદૌલાની ભીરુતાને આભારી હતો. તે નાઠો. તેનું સૈન્ય છિન્નભિન્ન થઈ ગયું. શ્રી હર્ષ ભીરુને વીર તરીકે બિરદાવે છે. (આધાર: (૧)ક્લાઈવ ઑફ ઇન્ડિઆ–નિરાદ ચૌધરી, ૧૯૭૭, પૃ. ૨૭૦-૨૭૫. (૨) માસ્ટર ઑફ બૅંગાલ (ક્લાઈવ ઍન્ડ હિઝ ઇન્ડિયા) –પર્સિવલ સ્પીઅર, ૧૯૭૫, પૃ. ૯૧. (૩) ક્લાઈવ ઑફ પલાશી – એ. મરવીન ડેવિસ, ૧૯૩૯, પૃ. ૨૨૫-૨૩૭.)

(મુંબઇ) —વી. બી. ગણાત્રા

ઇતિહાસ-ધારા

અશોક હર્ષ

કાશ્મીરના પ્રસિદ્ધ ઇતિહાસકાર સૂફીના જણાવ્યા મુજબ જમ્મુ-કાશ્મીરના મહારાજા રણવીરસિંહ મુઘલ સમ્રાટ અકબરની જેમ પોતાનો દરબાર વિદ્વાનોથી ભરેલો રાખતા. આલિમ મૌલવીઓની મારફત એમણે ઇતિહાસ, ફિલસૂફી, વૈદક વગેરે પરના અનેક ફારસી અને અરબી ગ્રંથોના સંસ્કૃતમાં અનુવાદ કરાવેલા. એમનું ગ્રંથાગાર ભારતના ત્યારનાં ગ્રંથાગારોમાં દેશભરમાં પ્રખ્યાત હતું.

ઈ. ૧૮૮૩માં અલવરનરેશ સવાઈ મંગલસિંહ કાશ્મીર ગએલા. તેમણે ત્યાંના ગ્રંથાગારની વાતો તો સાંભળેલી, પણ તે પ્રત્યક્ષ જોઈ આશ્ચર્ય-ચકિત થઈ ગયા. તેમણે મહારાજા રણવીરસિંહને પૂછ્યું: 'આપ આટલાં બધાં નાણાં આની પાછળ ખરચ્યે રાખો છો એ નવાઈ જેવું નથી?'

'બિલકુલ નહિ;' મહારાજા રણવીરસિંહે જવાબ આપ્યો: 'દારૂ, જુગાર, નાચગાન, વ્યભિચાર વગેરે પાછળ આપણા રાજામહારાજાઓ જે નાણાં ખરચે છે એ જ નવાઈભર્યું છે. આ ખરચ તો વિદ્યાવિકાસના પવિત્ર કાર્ય પાછળ થતો હોઈ તે સાર્થક છે.'

તેમના આ શબ્દોથી અલવરનરેશ એટલા તો પ્રભાવિત બની ઊઠયા કે અલવર પહોંચી પોતાના રાજમહેલમાંનો હસ્તલિખિત ગ્રંથોનો આખો યે ભંડાર મહારાજા રણવીરસિંહને ભેટ તરીકે મોકલી આપ્યો.

ઇંદોરના મહારાજા જસવતરાવ હોળકરે અંગ્રેજોના દાંત ખાટા કરી નાખેલા જનરલ ફ્રેઝરની આગેવાની નીચેની એમની ફોજને હરાવ્યા પછી જનરલ લેક વિશાળ ફોજ સાથે ચડી આવ્યો, જેમાં ડીગના યુદ્ધમાં જસવંતરાવ હારતાં તે નાસીને ભરતપુરના રાજા રણજિતસિંહ પાસે પહોંચ્યો. રણજિતસિંહે એને માનભેર પોતાના મહેલમાં રાખ્યો.

જનરલ લેકે આથી ભરતપુરને ઘેરો ઘાલી હોળકર પોતાને સુપ્રત કરી દેવાની માગણી કરી. ખુદ હોળકરે પણ પોતાને ખાતર યુદ્ધ ન વહોરવાની રણજિતસિંહને સલાહ આપી, પણ રણજિતસિંહે ચોખ્ખી ના પાડી દીધી કે 'રાજસ્થાનની ધરતીની એ તાસીર નથી કે શરણાગત-ને શત્રુને હવાલે કરી દેવો.'

અને રણજિતસિંહના લોયે એક બાજુ લેકની સેનાનો કિલ્લા ઉપર રહીને ખાત્મો કાઢવા માંડયો તો બીજી બાજુ એ સેનાને મળતો પુરવઠો કિલ્લા બહાર રહેલા એના સૈનિકો લૂંટવા લાગ્યા. જીતની કોઈ આશા ન રહેતાં ગવર્નર જનરલ માર્કવિસ વેલેસ્લી પોતે આવી પહોંચ્યો અને અંગ્રેજ સેનાનો ધાણ નીકળતો બચાવવા સંધિનું કહેણ મોકલ્યું. હોળકરને હેમખેમ જવા દેવાની શરતે રણજિતસિંહે સંધિ કરી હોળકરને પૂરા સંરક્ષણ નીચે પંજાબ મોકલી આપ્યો.

આ ઐતિહાસિક પ્રસંગ ત્યાંના એક લોકગીતમાં અમર થએલાં છે.

'ગોરા હટ જા, રાજ ભરતપુર રો બાંકો રે, ગોરા હટ જા......'

આપણે ઇતિહાસમાં ભણતા અને માનતા આવ્યા છીએ કે બાબરે પોતાના મરણપથારીએ પડેલા પુત્ર હુમાયૂંની પથારી પાસે પ્રદક્ષિણા ફરી ખુદાને પોતાની જિંદગી લઈ હુમાયૂંની જિંદગી લંબાવવાની પ્રાર્થના કરી, અને ખુદાએ એ પ્રાર્થના સ્વીકારી હોય તેમ હુમાયૂં સાજો થઈ બાબર ઈ. ૧૫૩૦ની ૨૬મી ડિસેમ્બરે અવસાન પામ્યો.

આ સંબંધે ઐતિહાસિક હકીકત એ છે કે બાબર એના શરીરમાં ગએલા ઝેરથી મૃત્યુ પામ્યો હતો. પાણીપતમાં એની સામેના યુદ્ધમાં દિલ્હીનો સુલતાન ઈબ્રાહીમ લોદી માર્યો ગયા પછી એ દિલ્હીની ગાદીએ બેઠે ત્યારે ઈબ્રાહીમની મા પણ રાજમહેલમાં તેની સાથે રહેતી. બાબરે કરેલી પોતાના દીકરાની હત્યા તે ભૂલી નહોતી, એટલે બાબરના બબરચી-ખાનામાંના ઈટાવાના અહમદને પોતાની સાથે મેળવી બાબરના ખાણામાં ઝેર ભેળવેલું. બાબર ભોજન કરીને ઊઠયો ને આબદારખાના (સ્નાન-ગૃહ) સુધી ઊલટીઓ કરતો ગયો. તુરત હકીમોએ ઈલાજો શરૂ કર્યા અને બાબર બચી ગયો. ઘણું ખરું ઝેર ઊલટીમાં નીકળી ગયેલું, પણ જે રહી જવા પામેલું તેણે પોતાની અસર બતાવવા માંડી અને એની તબિયત લથડતી ચાલી. ઝેર અપાયાની ખાતરી થતાં ઈટાવાના અહમદના એણે ટુકડા કરી નખાવ્યા. 'તિરયાક ફારૂક' (વિષમારક ઔષધ)થી પોતે બચી ગયો હોવાનું 'બાબરનામા'માં એણે પોતે નોંધેલું છે.

હુમાયૂંના સાજા થવા સાથે બાબરની તબિયત એણે હુમાયૂંના જીવન માટે ખુદાને કરેલી પ્રાર્થનાથી બગડી એ વાતમાં કશું તથ્ય નથી. એની તબિયત બગડેલી જ હતી; જો એ તબિયતી બગડી હોત તો સાજો થએલો હુમાયૂં એને છોડીને કલિંજરની પોતાની જાગીર પર ચાલ્યો ગયો ન હોત.

એની તબિયત ખૂબ લથડી ત્યારે હુમાયૂંને કલિંજરથી બોલાવવામાં આવ્યો. એને જોતાં જ બાબર રડી પડયો. પોતે હવે ચંદ ઘડીનો જ મહેમાન છે એની એને ખાતરી થઈ જવા પામેલી. સંભવ છે કે ખુદા પાસે હુમાયૂં માટે એણે પ્રાર્થના કરી હોય, પરંતુ એનું મૃત્યુ તો 'ખુદા બક્ષે' અહમદ પાસે એને ખવડાવેલા ઝેરની અસરના જ કારણે થએલું.

અનુસંધાન] કવિતાનો કીમિયો—કરુણા [પૃષ્ઠ ૨૭થી

'યાત્રામાં, માંદો
સૂકાં ખેતરો વચ્ચે
સ્વપ્નો રખડે.'

બાશોએ એમની મહાન કવિતાનું સર્જન કર્યું ન હતું. ત્યારે પણ એમણે કવિતાનો કીમિયો તો સિદ્ધ કર્યો જ હતો. એના વિશે એક પ્રસિદ્ધ કથા છે. બાશો અને એમના પ્રથમ શિષ્ય કિકાકુનો એક પ્રસિદ્ધ પ્રસંગ છે. ત્યારે બાશોનું વય ત્રીસ વર્ષનું અને કિકાકુનું વય તેર વર્ષનું હશે. એક દિવસ ઇદોની સીમમાં ખેતરોમાં બાશો અને કિકાકુ ફરી રહ્યા છે. ખેતરોમાં રાતાં પતંગિયાં ઊડી રહ્યાં છે. કિકાકુ એમને જુએ છે ને સહસા એક હોકકુ ઉદ્ગારે છે:

'પતંગિયાંની
પાંખો જો તમે કાપો
તો રાતાં ફૂલો.'

બાશો તરત જ કિકાકુને ઉપાલંભ આપે છે: ના. આ હોકકુ નથી. આ વિષય પર હોકકુ રચવું હોય તો આમ રચવું જોઇએ:

'રાતાં ફૂલોને
પાંખો જો તમે આપો
તો પતંગિયાં.'

કવિતા કરવી છે? કવિ થવું છે? તો પતંગિયાં-ની પાંખો કાપીને, જગતમાં જીવનમાં અપ-વૃદ્ધિ કરીને, વિશ્વમાં જે સૌન્દર્ય છે એનો હ્રાસ કરીને કવિતા નહિ કરાય, કવિ નહિ થવાય. કવિતા કરવી હોય, કવિ થવું હોય તો રાતાં ફૂલોને પાંખો આપીને, જગતમાં ને જીવનમાં અભિવૃદ્ધિ કરીને વિશ્વમાં જે સૌંદર્ય છે એનો વિકાસ કરીને જ કવિતા કરાશે, કવિ થવાશે. કવિતાનો કીમિયો છે કરુણા, પ્રત્યેક જીવ જંતુ, પંખી, પશુ, મનુષ્ય —અરે, વનસ્પતિ અને પદાર્થ સુધ્ધાં—પ્રત્યે કરુણા, પરમેશ્વરમાં છે એટલી અપાર કરુણા. બાશો બૌદ્ધ કવિ હતા, અહિંસા અને પ્રેમના કવિ હતા. ક્ષણેક્ષણમાં અને અણુએ અણુમાં બુદ્ધ વસી-વિલસી રહ્યા છે એ દર્શનના કવિ હતા. કવિ માત્રને માટે કવિતાનો કીમિયો છે કરુણા. □

રૂપવતી નૂરજહાંનો બેમૂલ ચીનાઈ અરીસો દાસીને હાથે અકસ્માત તૂટી જવાથી દાસી ખિન્ન થઇને બીવા લાગી. આ વાત નૂરજહાંની જાણમાં આવતાં તેણે કહ્યુ, 'કંઈ નહિ; સારું થયું; ગુમાનને જોવાનું સાધન નાશ પામ્યું!'

કહેવતોના અર્થ: 'મોર જેવી કળા ન કરવી'–કળા કરેલો મોર આગળથી બહુ રૂપાળો લાગે છે, પણ પાછળથી તદ્દન ઉઘાડો. એ રૂપક પર યોજેલી આ કહેવતનો બોધ, ખોટા આડંબર પાછળ તણાનારને પાછળથી વિપરિત પરિણામ ભોગવવું પડે છે તે નિર્દેશે છે.

ગણિત-ગમ્મત

૯ × ૯ + ૭ = ૮૮
૯૮ × ૯ + ૬ = ૮૮૮
૯૮૭ × ૯ + ૫ = ૮૮૮૮
૯૮૭૬ × ૯ + ૪ = ૮૮૮૮૮
૯૮૭૬૫ × ૯ + ૩ = ૮૮૮૮૮૮
૯૮૭૬૫૪ × ૯ + ૨ = ૮૮૮૮૮૮૮
૯૮૭૬૫૪૩ × ૯ + ૧ = ૮૮૮૮૮૮૮૮
૯૮૭૬૫૪૩૨ × ૯ + ૦ = ૮૮૮૮૮૮૮૮૮

—સુરેશચંદ્ર ટી. ઠાકર

હંગેરીનો કાઉન્ટ ઑાવ ટર્સેટ, ફેરેન્ઝ અપરિણિત હતો, પણ દર વર્ષે એક લેખે એણે ઇંગ્લૅન્ડ, પોલૅન્ડ, રશિયા, બોહેમિયા, ક્રોએશિયા, સ્વીડન, સ્પેઇન, હંગેરી, ટર્કી, બલ્ગેરિયા, પોર્ટુગાલ, પોલૅન્ડ, ફિનલૅન્ડ, ડેન્માર્ક, આલ્બેનિયા, જર્મની, ફ્રાંસ અને ઇજિપ્તના તથા એક જીપ્સીના બાળક સાથે કુલ ૧૯ બાળકો દત્તક લીધેલાં.

પહેલી જાન્યુઆરીને નૂતન વર્ષદિન ગણવાનો આરંભ વિલિયમ ધ કૉન્કરરે કરાવ્યો હતો. તે પહેલાં ઍંગ્લો-સેક્સન ઇંગ્લૅંડમાં ૨૫ ડિસેમ્બરે એ દિન ઉજવાતો, પછી ઇંગ્લૅન્ડમાં તેની ઉજવણી ૨૫ માર્ચે થતી, અને ઈ. ૧૭૫૨માં વિલિયમે ૧ જાન્યુઆરીથી એની ઉજવણી શરૂ કરાવી જે હજી જારી છે.

રેશમના તારની વણેલી દોરી એટલી જ જાડાઈના ધાતુના તારની દોરી કરતાં બેવડું વજન ઊંચકી શકે છે.

એક રતલ જેટલું મધ એકઠું કરવા માટે મધમાખીને પૃથ્વીને ફરતી બે પ્રદક્ષિણા કરવા જેટલું અંતર ઊડવું પડે છે.

सर्वः पदस्थस्य सुहृद्-
बन्धु रावदि दुर्लभः।
ये यान्त्यादि बन्धुत्वं
सुहृदो बन्धवश्च ते॥

જ્યારે કોઈ વ્યક્તિ પદસ્થ (હોદ્દા ઉપર) હોય છે ત્યારે લોકો તેના બન્ધુ અને મિત્ર હોવાની ચાહના કરે છે, પરન્તુ આપત્તિમાં જવલ્લે જ તેના સાથી બને છે: જે વ્યક્તિ આપત્તિ કાલમાં ભાઈ જેવો વ્યવહાર કરે તે જ સાચો મિત્ર અને ભાઈ ગણાય.



ટીકટ-કથા: સ્ટૅન્લી ગિબન્સના કૅટલૅાગમાં એક સમયે બ્રિટિશ ટિકિટોના વિભાગમાં તાર (ટેલિગ્રામ)ના ખર્ચ પેટે વપરાતી ટિકિટોની માહિતી માટે દસ પાનાં ભરાતાં હતાં. ઈ. ૧૮૮૧ના નવેમ્બરમાં બ્રિટિશ ટપાલખાતાએ તારવ્યવસ્થા પોતાને હસ્તક લીધી ત્યાં સુધી આ કાર્ય જુદીજુદી ટેલિગ્રાફ કંપનીઓ કરતી હતી ને તેના પર લેવાતા ખર્ચની કિંમતની ટિકિટો વપરાતી હતી, ટપાલખાતાએ તારવ્યવસ્થા હાથ ધર્યા પછી એવી અલગ ટિકિટોના બદલે ચાલુ ટપાલટિકિટોનો ઉપયોગ શરૂ કર્યો. બીજા દેશોમાં તાર માટે અલગ ટિકિટોનો ઉપયોગ ત્યારે પણ ચાલુ હતો, જેમાંની ઇ. ૧૮૯૧ની ચીલીની એક ટિકિટ ઉપર આપી છે. હવે તો આવી ટિકિટો વપરાતી બંધ થઈ ગઈ છે અને ગિબન્સના કૅટલૅાગમાં પણ તે નથી અપાતી, આથી સંગ્રાહકોને એ અંગે માહિતી મેળવવી મુશ્કેલ બની ગઈ છે.

કાચબાની આવરદા ૩૦૦-૪૦૦ વર્ષની, – બધાં પ્રાણીઓમાં વધુ – ગણાય છે. હાથીની ને ગરુડની ૧૦૦, ગાયની ૨૫, અને કૂતરાની ૧૫. મનાય છે કે કેટલીક વહેલ આથી ઘણી વધુ લાંબી આવરદા ધરાવે છે.